દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તકઃ ૨૦૪
▪ Volume 68 ▪ Issue 214 ▪ વિક્રમ સંવત ૨૦૮૧ ▪ ભાદ્રપદ વદ-૩ ▪ મુંબઈ
▪ MUMBAI SAMACHAR ▪ www.bombaysamachar.com ▪ 10 September 2025, Wednesday ▪ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
બુધવાર, ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# નેપાળ ભડકે બળે છે





## વડા પ્રધાન અને પ્રમુખનાં રાજીનામાં છતાં જેન-ઝીનો રોષ શમતો નથીઃ આખો દેશ હિંસાના ખપ્પરમાંઃ સરકારી ઈમારતો, પ્રધાનોનાં ઘર પર હુમલા, આગજનીઃ તોફાનીઓ સંસદભવનમાં ઘૂસ્યાઃ ભૂતપૂર્વ પીએમની પત્નીને જીવતી સળગાવી






કાઠમંડુઃ સરકારવિરોધી વ્યાપક દેખાવો અને અનેક ટોચના નેતાઓના ખાનગી નિવાસસ્થાનો, રાજકીય પક્ષોની મુખ્ય કચેરીઓ અને સંસદ પર હુમલો થવાને પગલે નેપાળના પ્રમુખ રામચંદ્ર પૌડેલ અને વડા પ્રધાન કે. પી. શર્મા ઓલીએ રાજીનામું આપ્યું છે તથા આખા દેશમાં ગંભીર રાજકીય કટોકટી ઊભી થઈ છે. વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શન સામેની પોલીસ કાર્યવાહીમાં સોમવારે ૧૯ જણ મરણ પામ્યા હતા.

ઓલીના શાસને સોશ્યલ મીડિયા પર પ્રતિબધ મૂકતા અને કરપ્શન સામે નિષ્ક્રિય રહેતા તેમની સામે લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો. દેખાવકારોએ કર્ફ્યુના આદેશનો ભંગ કરીને સુરક્ષા દળોની ભારે તહેનાતી છતાં પ્રદર્શનો કર્યાં હતાં. તોફાનીઓ સંસદભવનમાં

(જુઓ પાનું ૨) ▶▶

## બાંગ્લાદેશની પેટર્ન દેખાય છે, પણ તોફાનો કરાવનાર કોણ?

# ચીન કે અમેરિકા?

કાઠમંડુઃ જેન-ઝીના નેતૃત્વમાં નેપાળમાં ચાલી રહેલું આંદોલન અચાનક ભડકતાં તે ચોંકાવનારું બની ગયું છે. નેપાળમાં ચાલી રહેલા આંદોલનનો આ બીજો દિવસ છે અને તેનું લક્ષ્ય હોદ્દા પરથી રાજીનામું આપી દેનાર વડા પ્રધાન કે.પી. શર્મા ઓલી છે.

ઉલ્લેખનીય વાત તો એ છે કે ઓલી હાલ જ ચીનની મુલાકાતે ગયા હતા અને સપ્ટેમ્બરના અંતમાં ભારતની મુલાકાતે આવવાના હતા.

આંદોલનનું મુખ્ય કારણ સરકારે સોશ્યલ મીડિયા ઍપ પર લાદેલો પ્રતિબંધ લેખાવવામાં આવે છે, પરંતુ એક સપ્તાહથી 'નેપો કિડ્સ' અને 'નેપો બેબિઝ' જેવા શબ્દોનો પ્રયોગ અસંતોષ ધીરે ધીરે વધી રહ્યો હોવાનું દર્શાવે છે. જોકે બાંગ્લાદેશની સ્પષ્ટ પેટર્ન નેપાળની હિંસામાં દેખાય છે ત્યારે આ તોફાનો કરાવનાર ચીન કે અમેરિકા એવો (જુઓ પાનું ૨) ▶▶



# બાલેન શાહઃ રૅપરથી નેપાળની જેન-ઝીનો લીડર

કાઠમંડુઃ નેપાળમાં ચાલી રહેલા જેન-ઝીના આંદોલને સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે. સત્તાધારીઓ સત્તા છોડવાની તૈયારી કરી રહ્યા છે. નેપાળમાં ચારે તરફ અફરાતફરી અને અરાજકતાનો માહોલ જોવા મળી રહ્યો હોવા વચ્ચે આંદોલનના મુખ્ય ચહેરા તરીકે બાલેન શાહનું નામ અગ્રસ્થાને આવી ગયું છે.

આ બાલેન શાહ કોણ છે અને કઈ રીતે તેણે આ સંપૂર્ણ આંદોલનને હાઈજૅક કરી રાખ્યું છે.

બાલેન શાહ કાઠમંડુના મેયર છે અને યુવાનોમાં ખૂબ જ લોકપ્રિય છે. ટાઈમ મેગેઝિને વર્ષ ૨૦૨૩માં વિશ્વના ટોચના ૧૦૦ પ્રભાવશાળી વ્યક્તિઓની યાદીમાં બાલેનના નામનો સમાવેશ કર્યો હોવાની બાબત જ તેઓ કેટલા પ્રભાવશાળી છે તેનો પુરાવો છે. ન્યૂ યૉર્ક ટાઈમ્સ જેવા પ્રતિષ્ઠિત સમાચારપત્રએ પણ (જુઓ પાનું ૨) ▶▶

# આંદોલકોનો નેતા સુદાન ગુરુંગ કોણ છે?



કાઠમંડુઃ નેપાળની રાજધાનીની શેરીઓમાં લાખો યુવાનોના વિરોધ પ્રદર્શનથી ગૂંજી ઊઠી હતી. સરકારના સોશ્યલ મીડિયા પર પ્રતિબંધના નિર્ણયથી ભડકેલા યુવાનો આંદોલન ગઈકાલે શરૂ કર્યું હતું. પરંતુ આ ઐતિહાસિક આંદોલનના કથાનો પ્રારંભ ઘણા સમય પહેલા જ થઈ ચૂક્યો હતો. નેપાળના જેન-ઝી ચળવળ પાછળ ફક્ત એક જ ચહેરો હતો છે જેનું નામ છે સુદાન ગુરુંગ. ૩૬ વર્ષના સુદાન ગુરંગ નામના યુવાનના એક અવાજે લાખો યુવાનો રસ્તા પર ઊતરી આવ્યા હતા. સુદાન ગુરંગના એક આહ્વાન પર નેપાળના લાખો

(જુઓ પાનું ૨) ▶▶



# સી. પી. રાધાકૃષ્ણન દેશના ૧૫મા ઉપરાષ્ટ્રપતિ

## વિપક્ષી ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીને હરાવ્યા

નવી દિલ્હીઃ વિપક્ષ ઈન્ડિયા બ્લૉકના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીને પરાજય આપી એનડીએના સી. પી. રાધાકૃષ્ણન દેશના ૧૫મા ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિપદ માટેની ચૂંટણીનું મતદાન પૂરું થયાની થોડી જ વારમાં સી. પી. રાધાકૃષ્ણનને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. એનડીએનો ટેકો ધરાવતા સી. પી. રાધાકૃષ્ણનને ૪૫૨ તો ઈન્ડિયા બ્લૉકનો ટેકો ધરાવતા બી. સુદર્શન રેડ્ડીને ૩૦૦ મત મળ્યા હતા.

હાલ મહારાષ્ટ્રના ગવર્નર તરીકે સેવા બજાવી રહેલા ૬૭ વર્ષના રાધાકૃષ્ણન દેશનો બીજા ક્રમાંકનો સર્વોચ્ચ હોદ્દો ધરાવનાર તમિળનાડુના ત્રીજા નેતા છે.

રિટર્નિંગ ઑફિસર પી. સી. મોદીએ રાધાકૃષ્ણનને વિજેતા જાહેર કર્યા હતા અને કહ્યું હતું કે જલદી જ આ પરિણામની જાણકારી ચૂંટણી પંચને આપવામાં આવશે. વિપક્ષના ૩૧૫

(જુઓ પાનું ૨) ▶▶

# રાજ્યપાલે વિધાનસભામાં બહાલ ખરડા પર વાજબી સમયમાં નિર્ણય લેવો જોઈએ : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું હતું કે રાજ્ય વિધાનસભાએ પસાર કરેલા ખરડામાં રાજ્યપાલની મંજૂરી અંગેની કલમ ૨૦૦માં 'બને એટલું જલદી' એવો શબ્દપ્રયોગ ન હોવા છતાં રાજ્યપાલોએ બિલ પર વાજબી સમયની અંદર નિર્ણય લેવો જોઈએ. સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું હતું કે અમે ફક્ત બંધારણનું અર્થઘટન કરીશું અને વૈયક્તિક કેસની હકીકતો નહીં તપાસીએ. કલમ ૨૦૦ વિધાનસભામાં મંજૂર થયેલા ખરડા પરની રાજ્યપાલની સત્તા અંગેની છે. આ કલમ પ્રમાણે રાજ્યપાલ ખરડા પર સહી કરી શકે, ખરડો ફેરવિચાર માટે પાછો મોકલાવે અથવા તો રાષ્ટ્રપતિની વિચારણા માટે તેને અનામત રાખે એવા ત્રણ વિકલ્પો આપે છે. કલમ ૨૦૦ની

(જુઓ પાનું ૨) ▶▶

# પૂરગ્રસ્ત પંજાબને ₹ ૧,૬૦૦ કરોડ અને હિમાચલને ₹ ૧,૫૦૦ કરોડની મોદીની સોગાદ



હિમાચલ પ્રદેશના કાંગરામાં પૂરગ્રસ્તો સાથેની બેઠકમાં એક બાળક સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી (એજન્સી)

શિમલાઃ ભારે વરસાદને કારણે નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિ અને ભેખડો ધસી પડવાની બનેલી ઘટનાથી પ્રભાવિત હિમાચલ પ્રદેશને તાત્કાલિક ૧,૫૦૦ કરોડ રૂપિયાની સહાય પૂરી પાડવાની વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જાહેરાત કરી હતી. હિમાચલ પ્રદેશ પછી વડા પ્રધાન મોદીએ પૂરગ્રસ્ત પંજાબના વિસ્તારોનું પણ હવાઈ સર્વેક્ષણ કર્યું હતું અને પંજાબને ૧,૬૦૦ કરોડ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી.

મોદીએ અસરગ્રસ્ત વિસ્તારનું હવાઈ સર્વેક્ષણ કર્યું હતું અને અસરગ્રસ્ત વિસ્તારની પરિસ્થિતિની જાણકારી મેળવ્યા બાદ મોદીએ ઘટનાનો ભોગ બનેલી વ્યક્તિના પરિવારને બે લાખ રૂપિયા તેમ જ ઘાયલોના પરિવારજનોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી.

ત્યાર બાદ અસરગ્રસ્ત વિસ્તારમાં થયેલ નુકસાન, રાહત અને પુનઃર્વસન કામગીરીની સમીક્ષા કરવા કાંગરા ખાતે બેઠકનું આયોજન કર્યું હતું.

મુખ્ય પ્રધાન સુખવિન્દર સિંહ સુખુ, ગવર્નર શિવપ્રસાદ શુકલા, ભાજપના નેતઓ, અસરગ્રસ્તોના પરિવારજનો અને કાંગરામાં રાહત અને બચાવ કામગીરી સાથે સંકળાયેલા લોકો સાથેની બેઠકમાં મોદીએ અસરગ્રસ્ત વિસ્તારમાં પીએમ આવાસ યોજના અંતર્ગત ઘરો, સ્કૂલો, નેશનલ હાઈવેના નિર્માણ સહિતની માળખાકીય સુવિધાઓના નવનિર્માણ માટે તમામ સહાય કરવાની બાંયધરી આપી હતી. મોદી અસરગ્રસ્તોના પરિવારજનોને મળ્યા હતા અને તેમના પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી તમામ પ્રકારની સહાય આપવાની બાંયધરી આપી હતી.

રાહત અને બચાવ કામગીરીમાં આપેલા યોગદાન બદલ મોદીએ એનડીઆરએફ, એસડીઆરએફ, ભારતીય સેના, રાજ્ય વહીવટીતંત્ર તેમ જ અન્ય સેવાભાવી સંસ્થાઓની પણ પ્રશંસા કરી હતી. (એજન્સી) ■

# જમીન પર કબજો જ અસલી 'કરન્સી': લશ્કરના વડા દ્વિવેદી



નવી દિલ્હીઃ ઑપરેશન સિંદૂર સંબંધે વાત કરતા ભારતના લશ્કરના વડા ઉપેન્દ્ર દ્વિવેદીએ ગઈકાલે જણાવ્યું હતું કે, જમીન પર કબજો જ 'અસલી કરન્સી' કે 'ચાવી' છે અને તેથી જ પાયદળની ભૂમિકા યુદ્ધમાં મહત્ત્વની રહેશે.

હવાઈ સેનાના વડા એ. પી. સિંહે હવાઈ શક્તિની ઉપયોગિતાની જરૂરિયાત વિશે વાત કર્યાના ગણતરીના સપ્તાહમાં લશ્કરી વડાનું આ નિવેદન આવ્યું છે.

ભારતીય સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આજે 'ઓપરેશન સિંદૂર' અંગે મહત્વનું નિવેદન આપ્યું હતુ. તેમણે યુદ્ધની અનિશ્ચિતતા અને ઓછી કિંમતની હાઈ-ટેકનોલોજીના હથિયારોની શક્તિ પર ભાર મૂક્યો. આ ઉપરાંત, ઈસરોના ચેરમેન વી. નારાયણને ઓપરેશન દરમિયાન સેટેલાઈટ્સની મહત્વની ભૂમિકાની પ્રશંસા કરી હતી. આ નિવેદનો ભારતની આતંકવાદ વિરુદ્ધની રણનીતિને મજબૂત કરવાના સંદર્ભમાં આવ્યા છે, જે યુદ્ધની તૈયારી અને ટેકનોલોજીના ઉપયોગ પર પ્રકાશ ફેંકે છે. જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ જણાવ્યું કે 'ઓપરેશન સિંદૂર'ની શરૂઆતમાં તેની અવધિ વિશે કોઈ નિશ્ચિતતા નહોતી. તેમણે ઉદાહરણ આપતાં કહ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું ત્યારે લોકોને લાગ્યું કે તે ૧૦ દિવસમાં સમાપ્ત થશે. 'ઓપરેશન સિંદૂર' પણ આવી અનિશ્ચિતતા સાથે ચાલ્યું, અને ઘણા લોકોએ તેને ચાર દિવસની ટેસ્ટ મેચની જેમ ઝડપથી પૂરું થયું હોવાનું કહ્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે યુદ્ધ હંમેશા અનિશ્ચિત હોય છે, અને તેની તૈયારી માટે પૂરતા સંસાધનો હોવા જરૂરી છે. જનરલ દ્વિવેદીએ યુદ્ધમાં ટેકનોલોજીની ભૂમિકા પર ભાર મૂકતા કહ્યું, દુશ્મન પર કઈ ચીજની માનસિક અસર થશે, તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. રશિયા-યુક્રેન યુદ્ધમાં શક્તિનું આકલન ખોટું નીકળ્યું હતું. આપણે દુશ્મનની ટેકનોલોજી અને લાંબા યુદ્ધની તૈયારી સમજવી જોઈએ. તેમણે ઉમેર્યું કે ઓછી કિંમતના, હાઈ-ટેક હથિયારો ડેવિડ વિરુદ્ધ ગોલિયાથ જેવી લડાઈમાં પણ મોટો ફાયદો આપે છે. આવી ટેકનોલોજીથી નાની શક્તિ પણ મજબૂત દુશ્મનને હરાવી શકે છે.

ઈસરોના ચેરમેન વી. નારાયણને :ઓપરેશન સિંદૂર' દરમિયાન સેટેલાઈટ્સના યોગદાનની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું, ''આ ઓપરેશન દરમિયાન અમારાં સેટેલાઈટ્સે ૨૪ કલાક કામ કરીને રિયલ-ટાઈમ ઈન્ટેલિજન્સ અને નિરીક્ષણમાં મદદ કરી. આ સહાયથી સેનાના હુમલા વધુ સચોટ અને અસરકારક રહ્યા. આ નિવેદનો ભારતની આતંકવાદ વિરુદ્ધની લડાઈમાં ટેકનોલોજીના મહત્વને દર્શાવે છે, જે ભવિષ્યની રણનીતિઓ માટે નવો દૃષ્ટિકોણ આપે છે. ■

મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નેપાળમાં લાંબા સમયથી ધૂંધવાટ હતો, ઓલીએ બહાનું આપ્યું

**ભારતના** પાડોશી દેશ નેપાળમાં સોશ્યલ મીડિયા પર પ્રતિબંધને કારણે ભડકેલી હિંસાએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યું છે અને વડા પ્રધાન કે.પી. શર્મા ઓલી રાજીનામું આપીને દેશ છોડીને ભાગી ગયા છે જ્યારે રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે પણ રાજીનામું ધરી દેતાં આખો દેશ અરાજકતા અને અંધાધૂંધીમાં ગરક થઈ ગયો છે.

નેપાળ સરકારે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂકી દીધો તેના કારણે ભડકેલા યુવાનો રસ્તા પર આવીને તોફાને ચડ્યા પછી ઓલીએ તેમને કાબૂમાં લેવા કોશિશ કરેલી પણ લાખો યુવાનો સામે પોલીસ કે આર્મી પણ કશું કરી શકતી નહોતી. ઓલીએ યુવાનોને રોકવા માટે કાઠમંડુમાં કર્ફ્યુ લાદી દીધેલો પણ કર્ફ્યુની ઐસીતૈસી કરીને લોકો રસ્તા પર ઊતરી આવ્યા. તેના સમર્થનમાં દેશભરમાં દેખાવો ફાટી નીકળ્યાં. હજારો લોકોએ રાજધાની કાઠમંડુમાં ફેડરલ સંસદ ભવન પર હુમલો કરીને આગ ચાંપી દીધી ને એ આગની ઝાળ આખા કાઠમંડુને લાગી. કાઠમંડુની શેરીઓમાં કારો સળગાવીને આખા શહેરને ભડકે બાળ્યું.

લોકોનો આ આક્રોશ જોઈને ઓલી સમજી ગયા કે, હવે કશું થાય એમ નથી ને નેપાળમાં રહીશું તો જીવ પણ નહીં બચે એટલે નૌ-દો ગ્યારહ થઈ ગયા. નેપાળનું આર્મી ઓલીને હેલિકૉપ્ટર દ્વારા અજાણ્યા સ્થળે લઈ ગયું તેથી ઓલી સલામત છે, બાકી લોકોનો આક્રોશ જોતાં ઓલી નેપાળમાં હોત તો તેમનો તો ઘડોલાડવો જ થઈ ગયો હોત.

ઓલી તો સમયસૂચકતા બતાવીને ભાગી ગયા તેમાં બચી ગયા પણ નેપાળમાં રહી ગયેલા બીજા રાજકારણીઓની હાલત ખરાબ છે. લોકો ઓલી સરકારના મંત્રીઓને તો રસ્તા પર દોડાવી દોડાવીને ફટકારી જ રહ્યા છે પણ ભૂતપૂર્વ વડા પ્રધાનો સહિતના રાજકારણીઓનો પણ વારો પડી ગયો છે.

દેખાવકારોએ ભૂતપૂર્વ વડા પ્રધાન શેર બહાદુર દેઉબાને ઘરમાં ઘૂસીને ફટકાર્યા ને ઘર સળગાવી દીધું. ભૂતપૂર્વ વડા પ્રધાન પુષ્પ કમલ દહલ પ્રચંડનું ઘર પણ સળગાવી દેવાયું છે તો કોમ્યુનિકેશન મંત્રી પૃથ્વી સુબ્બા ગુરુંગ અને ગૃહ મંત્રીનાં ખાનગી નિવાસસ્થાનોમાં પણ આગ લગાવીને લોકોએ સળગાવી દીધાં છે. ઓલીનું પોતાનું ઘર પણ સળગાવી દેવાયું છે. ઓલી સરકારના નાણામંત્રી વિષ્ણુ પોડોલ કાઠમંડુમાં તેમના ઘર પાસે ભાગી રહ્યા હોય અને દેખાવકારો તેમને ફટકારી રહ્યા હોય તેનો વીડિયો વાઇરલ થઈ રહ્યો છે. રાજધાની કાઠમંડુમાં ભૂતપૂર્વ વડા પ્રધાન ઝાલાનાથ ખનાલના ઘરમાં આગ લગાડાઈ તેમાં ખનાલનાં પત્ની રાજ્યલક્ષ્મી ચિત્રકર અત્યંત ગંભીર રીતે દાઝી ગયાં છે અને જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યાં છે.

તોફાનોના કારણે કાઠમંડુમાં ત્રિભુવન ઇન્ટરનેશનલ એરપોર્ટ પરની બધી ફ્લાઇટ્સ રદ કરી દેવામાં આવી છે. દેખાવકારોએ કાઠમંડુ પર તો કબજો કરી જ લીધો છે અને પોલીસ-આર્મી મૂક પ્રેક્ષક બનીને જોઈ રહેવા સિવાય કશું કરી શકે તેમ નથી પણ નેપાળના બીજા ભાગોમાં પણ હિંસા ફેલાયેલી જ છે. સત્તાવાર રીતે જ આ હિંસામાં અત્યાર સુધીમાં ૨૨ લોકો માર્યા ગયાં છે અને ૪૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે તેના પરથી જ હિંસા કેટલી ભયંકર છે તેનો ખ્યાલ આવી જાય. પોલીસ અને આર્મી એ હદે લાચાર છે કે, દેખાવકારોથી ડરીને નેશનલ ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ રબી લામિછાનેને લલિતપુરની નાખુ જેલમાંથી છોડી મૂક્યા છે કેમ કે પોલીસ તેમની રક્ષાની જવાબદારી લેવા તૈયાર નથી. પોલીસે ૧૮ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ છેતરપિંડીના કેસમાં લામિછાનેની ધરપકડ કરી પછી એ જેલની હવા ખાતા હતા. તોફાનો ભડક્યાં પછી ગમે ત્યારે જેલ પર હલ્લાબોલ થાય એવો ખતરો લાગતાં જેલ સત્તાવાળાઓએ હાથ અધ્ધર કરીને કહી દીધું કે, લામિછાનેની સુરક્ષાની જવાબદારી લેવા અમે તૈયાર નથી. જેલના સત્તાવાળા પાણીમાં બેઠા પણ પરિવાર પાણીમાં ના બેસી શકે એટલે લામિછાનેનાં પત્ની નિકિતા પૌડેલે વ્યક્તિગત જવાબદારી લઈને જેલમાંથી બહાર કાઢ્યા પછી પોલીસને હાશકારો થયો છે.

નેપાળની હિંસાએ ભારતીયોને આંચકો આપ્યો છે પણ વાસ્તવમાં નેપાળમાં લાંબા સમયથી અશાંતિ હતી જ. ચીનના પીઠ્ઠુ ઓલીને સ્પષ્ટ બહુમતી નહોતી મળી તેથી શેર બહાદુર દેઉબાની નેપાળી કૉંગ્રેસ સાથે મળીને સરકાર બનાવી હતી. સવા વરસ પહેલાં એટલે કે જુલાઈ ૨૦૨૪થી ઓલી સરકાર ચલાવતા હતા ન સરકાર બની તેના થોડા મહિના પછી જ અસંતોષ શરૂ થઈ ગયેલો. તેનું કારણ મંત્રીઓનો બેફામ ભ્રષ્ટાચાર અને ભાઈ-ભત્રીજાવાદ છે. ભારતની જેમ નેપાળમાં પણ રાજકારણીઓ પોતાનાં સગાંને આગળ કરે છે ને રાજકીય પક્ષો બાપીકી પેઢી બની ગઈ છે. ઓલીની સરકારના રાજમાં રોજગારી પેદા નહોતી થતી તેથી બેરોજગારોની ફોજ વધતી હતી. તેના કારણે પણ આક્રોશ વધી રહ્યો હતો. બીજી તરફ રાજાશાહીના સમર્થકો પણ ફરી રાજાશાહી લાવવા માટે મેદાનમાં આવી ગયા હતા તેથી અંદરખાને જોરદાર ધૂંધવાટ હતો જ.

આ આક્રોશ અને ધૂંધવાટ ખુલ્લેઆમ બહાર નહોતો આવતો પણ સોશ્યલ મીડિયા પર યુવાઓ વ્યક્ત કરતાં હતાં. ઓલીને કુમતિ સુઝી એટલે તેમણે આક્રોશને દબાવી દેવા માટે સોશ્યલ મીડિયાને ફરજિયાત નોંધણી કરાવવાનો ફતવો બહાર પાડ્યો નેપાળ સરકારે સોશ્યલ મીડિયા કંપનીઓને નવા નિયમો હેઠળ નોંધણી કરાવવા માટે સાત દિવસની મહેતલ આપેલી પણ મોટા ભાગની સોશ્યલ મીડિયા કંપનીઓ તેને ઘોળીને પી ગઈ એટલે ઓલી સરકારે ગુરુવારે મધ્યરાત્રિથી મેટાના ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને વોટ્સએપ, આલ્ફાબેટનું યુટ્યુબ, ચીનનું ટેન્સેન્ટ અને સ્નેપચેટ, પિન્ટરેસ્ટ અને એક્સ સહિતનાં સોશ્યલ મીડિયાને બ્લોક કરી દેવામાં આવ્યા. સરકારના આ નિર્ણયના કારણે લોકોનો દબાયેલો આક્રોશ ફાટી નીકળ્યો અને યુવાનો રસ્તા પર ઊતરી આવ્યા તેમાં ઓલીએ ભાગવું પડ્યું. વરસો પહેલાં આરબ દેશોમાં આરબ સ્પ્રિંગ નામે આંધી ફેલાયેલી એવી સ્થિતિ નેપાળમાં થઈ ગઈ.

યુવાનોની સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ સામેનો આક્રોશ હવે પરિવર્તનના પવનમાં ફેરવાયો છે. યુવાનો હવે સોશ્યલ મીડિયાને મુક્ત કરવાની જ નહીં પણ રાજકીય પરિવર્તનની પણ માગ કરી રહ્યા છે. તેમની માગ છે કે, . દેશના દરેક સ્તરે ફેલાયેલો ભ્રષ્ટાચાર સમાપ્ત થવો જોઈએ અને ભ્રષ્ટાચારી નેતાઓને પકડી પકડીને જેલમાં નાખવા જોઈએ. રાજકારણીઓનાં સગાં સામે તવાઈની માગ પણ થઈ રહી છે.

જનઆંદોલનને કારણે નેપાળ ભલે અરાજકતામાં ધકેલાયું પણ આ એક સારી નિશાની છે. કમ સે કમ આપણા પાડોશી દેશનાં લોકોનો આક્રોશ અન્યાય સામે ભડક્યો એ આશાવાદી વાત જ કહેવાય. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન - સૌર શરદઋતુ, બુધવાર, તા. ૧૦-૯-૨૦૨૫,
તૃતીયા શ્રાદ્ધ, ચતુર્થી શ્રાદ્ધ, સંકષ્ટ ચતુર્થી

- ભારતીય દિનાંક ૧૯, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ વદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ વદ-૩
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૮મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર રેવતી સાંજે ક. ૧૬-૦૨ સુધી, પછી અશ્વિની
- ચંદ્ર મીનમાં સાંજે ક. ૧૬-૦૨ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષમાં (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૭, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૨-૪૯, મધ્યરાત્રિ પછી ક. ૦૦-૫૦ (તા. ૧૧)
- ઓટઃ સવારે ક. ૦૬-૪૯, રાત્રે ક. ૧૯-૩૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - તૃતીયા. તૃતીયા શ્રાદ્ધ, ચતુર્થી શ્રાદ્ધ, સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય (૨૦-૩૩), ઈદે મૌલૂદ (મુસ્લિમ), ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૫-૩૭. પંચક સમાપ્તિ સાંજે ક. ૧૬-૦૨, સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુની, વાહન મહિષી.
- મુહૂર્ત વિશેષઃ પૂષાદેવતાનું પૂજન, પ્રયાણ મધ્યમ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નિત્ય થતાં દસ્તાવેજ, દુકાન-વેપારના કામકાજ, ખેતીવાડી.
- શ્રાદ્ધ પર્વઃ તૃતીયા તિથિ અને ચતુર્થી તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજરોજ કરવું. ત્રીજનું શ્રાદ્ધ પાપોનો નાશ કરે અને શત્રુથી બચાવે છે. અવિવાહિત મૃત્યુ પામેલાનું શ્રાદ્ધ આજ રોજ કરવું. જેમણે સમગ્ર જીવન તિર્થાટન કર્યુ નથી તેમનું શ્રાદ્ધ આજરોજ પુષ્કર અને ગયા તિર્થમાં ભરણી શ્રાદ્ધ કરવું.

મૃત્યુ એ જીવનનું સત્ય છે. જન્મ પછી મૃત્યુ ઈશ્વરે નક્કી કરેલ છે. મૃત્યુ જીવનનું આ એક અત્યંત મહત્ત્વનું તત્ત્વ છે. શ્રાદ્ધમાં રુચિ, શ્રદ્ધા લાવવાથી મૃત્યુનું મહત્ત્વ સમજાય છે. અને તે દ્વારા જીવન જીવવાનો ઉત્સાહ વધે છે. શ્રાદ્ધ પક્ષમાં નિત્ય વિષ્ણુ સહસ્રનામ સ્તોત્રનો પાઠ કરવો. નમો ભગવતે વાસુદેવાયના જાપ કરવા.

- આચમનઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ પૈસાનો વેડફાટ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ કજિયાખોર, સૂર્ય-રાહુ પ્રતિયુતિ વડીલો સાથે મતભેદો.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, સૂર્ય-રાહુ પ્રતિયુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-સિંહ, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# સંજય કપૂરની વસિયતઃ કરિશ્માના સંતાનો હાઈ કોર્ટમાં પહોંચ્યાં

નવી દિલ્હી : કરિશ્માના પુત્ર કિયઆન અને પુત્રી સમાઈરાએ દિલ્હી હાઈ કોર્ટમાં અરજી કરતા સંજય કપૂર મરણ કેસમાં નવો વળાંક આવ્યો છે. સોના કોમસ્ટારના દિવંગત ચેરમેને છેલ્લે પ્રિયા સચદેવ સાથે લગ્ન કર્યા હતા અને તેનો અને પ્રિયાનો એક પુત્ર છે. એના પહેલાં તેના મેરેજ કરિશ્મા સાથે થયા હતા અને તેમના બે સંતાનો કિયઆન અને સમાઈરા છે.

બાર એન્ડ બેન્ચના રીપોર્ટ પ્રમાણે ભાઈ-બહેને એવો આક્ષેપ કર્યો છે કે અમારી અપર માતા એટલે કે સંજય કપુરની ત્રીજી પત્ની પ્રિયા કપૂરે મિલકતો પર સંપૂર્ણ કબજો જમાવવા તેમનું બનાવટી વસિયતનામું બનાવ્યું છે.

કિયાન અને સમિરાએ આક્ષેપ કર્યો છે કે અમારી સાવકી માતા અને તેના બે સાથીદાર દિનેશ અગ્રવાલ અને નિતિન શર્માએ કાવતરું કરીને વસિયતનામું સાત અઠવાડિયા સુધી સંતાડી રાખ્યું હતું. ૩૦ જુલાઈ, ૨૦૨૫ની ફેમિલી મીટિંગમાં આ વસિયતનામું બતાડવામાં આવ્યું હતું.

દાવામાં કહેવામાં આવ્યું છે કે વાદીઓ રજૂઆત કરે છે કે જે વસિયતનામું વાદીના પિતાએ બનાવવાનો દાવો થાય છે એ કાયદેસર કે વાજબી દસ્તાવેજ નથી. આ વસિયતનામું બનાવટી અને ઊપજાવી કાઢેલું છે તથા તે શંકાસ્પદ સંજોગોથી ઘેરાયેલું છે. આ જ કારણસર આ વસિયતનામાનો મૂળ દસ્તાવેજ વાદીઓને બતાડવામાં આવ્યો નથી અને તેની એક પ્રત પણ વાદીઓને દેવામાં આવી નથી. ■

# જૂના સ્ટૉકને પણ જીએસટી ઘટાડા સાથે વેચોઃ સરકાર

નવી દિલ્હીઃ સરકારે ઉત્પાદકોને નિર્દેશ આપ્યા હતા કે તેઓ પોતાના ન વેચાયેલા માલસામાનની કિંમત (એમઆરપી)ને નવા જીએસટી દરો અનુસાર ફેરફાર કરે. કેન્દ્ર સરકારે વિવિધ ઉત્પાદનો અને સેવાઓ પર લાગુ થતા જીએસટી દરોમાં ઘટાડો કર્યો છે. આ ઘટાડો બાવીસ સપ્ટેમ્બરથી અમલી બનશે.

કેન્દ્રીય ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રી પ્રહ્લાદ જોશીએ સોશ્યલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે નવા જીએસટી દરો અનુસાર ઉત્પાદકો, પેકર્સ અને આયાતકારો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી (અથવા સ્ટોક રહે ત્યાં સુધી) ન વેચાયેલા સ્ટોક પર એમઆરપીમાં સુધારો કરી શકે છે. તેમણે કહ્યું હતું કે સુધારેલા ભાવ ફક્ત જીએસટી ફેરફારોને પ્રતિબિંબિત કરશે. મંત્રીએ કહ્યું હતું કે નવી એમઆરપી સ્ટીકર/સ્ટેમ્પ/ઓનલાઇન પ્રિન્ટ સાથે દર્શાવવી જોઈએ. જૂની એમઆરપી પણ દેખાવી જોઈએ. ■

# હમાસના નેતાઓ પર કતારમાં ઈઝરાયલે કર્યા ઉગ્ર હુમલા

જેરુસલેમઃ અધિકારીઓએ જણાવ્યું હતું કે ઇઝરાયલે મંગળવારે કતારમાં હમાસના નેતૃત્વને નિશાન બનાવીને હુમલો કર્યો હતો, જેનાથી આતંકવાદી જૂથ સામેના તેના અભિયાનને વધુ વિસ્તૃત કરવામાં આવ્યું છે કારણ કે ગાઝા પટ્ટીમાં યુદ્ધ સમાપ્ત કરવા અંગેની વાટાઘાટો ત્યાં નવા લશ્કરી હુમલા પહેલા અટકેલી લાગે છે.

કતારના અધિકારીઓએ આ હુમલાને સ્વીકાર્યો હતો. આ હુમલામાં કોઈને ઈજા થઈ છે કે નહીં તે તાત્કાલિક સ્પષ્ટ થયું નથી.

૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ દક્ષિણ ઇઝરાયલ પર હમાસના હુમલા પછી લગભગ બે વર્ષના યુદ્ધ બાદ કતાર પર બીજી વખત સીધો હુમલો કરવામાં આવ્યો છે.

હુમલો કેવી રીતે કરવામાં આવ્યો તે તાત્કાલિક સ્પષ્ટ થયું નથી, જોકે ઇઝરાયલી લશ્કરી પ્રવક્તાએ

કતારે દોહામાં હમાસના રાજકીય મુખ્યાલય પર કાયર ઇઝરાયલી હુમલો ગણાવીને તેની નિંદા કરી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા માજેદ અલ-અંસારીએ તેને તમામ આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને ધોરણોનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવ્યું હતું. ■

# 'વહેલાસર વેપાર કરાર કરો નહીં તો પરિણામ સારું નહીં આવે'

## ટ્રમ્પના સલાહકારની ભારતને ધમકી

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકામાં આયાત થતી ભારતની કેટલીક પેદાશો પર ૫૦ ટકા ટૅરિફ ઝીંક્યો છે, જેને કારણે ભારતને આર્થિક ફટકો પડ્યો છે. એવામાં ટ્રમ્પના વેપાર સલાહકાર પીટર નવારોએ ભારતને વધુ એક વાર ધમકી આપી છે. તેમણે કહ્યું હતું કે જો ભારત અમેરિકા સાથે સમયસર વેપાર વાટાઘાટો નહીં કરે તો પરિણામ સારું નહીં આવે.

નવારોએ ફરી એક વાર કહ્યું હતું કે ભારત ટૅરિફનો 'મહારાજા' છે. એ વાત સાચી છે કે વિશ્વના કોઈપણ મોટા દેશ કરતા ભારતમાં અમેરિકાની સ્ટેટ્સની પેદાશો પર સૌથી વધુ ટૅરિફ છે. અમારે તેનો જવાબ આપવો પડશે.

પીટર નવારોએ દાવો કર્યો કે રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું એ પહેલાં ભારત રશિયા પાસે પાસેથી પેટ્રોલિયમ ખરીદતું ન હતું. તેમણે કહ્યું કે, અગાઉ ભારત રશિયા પાસેથી માત્ર થોડી માત્રામાં જ પેટ્રોલિયમ ખરીદતું હતું, ત્યાર બાદ ભારત નફાખોરી તરફ વળ્યું. રશિયન રિફાઇનર્સ ભારતમાં આવીને નફાખોરી કરે છે, અને યુક્રેન સામેનું યુદ્ધ રોકવા અમેરિકાને તેના કરદાતાના પૈસા મોકલવા પડે છે.

નોંધનીય છે કે ભારત અગાઉ રશિયા પાસેથી પેટ્રોલિયમ ખરીદતું ન હતું પણ મધ્યપૂર્વના દેશો પાસેથી વધુ પેટ્રોલિયમ આયાત કરતુ હતું. પરંતુ ૨૦૨૨ માં રશિયાએ યુક્રેન પર આક્રમણ બાદ ગ્રુપ ઓફ સેવન રાષ્ટ્રોએ રશિયાના પેટ્રોલિયમ પર મર્યાદા લાદી હતી. ત્યાર બાદ રશિયા પાસેથી સારી ડીલ મળતા ભારતે રશિયા સાથે વેપાર વધાર્યો હતો. ■

## પહેલા પાનાનું ચાલુ

### નેપાળ

પણ ઘૂસ્યા હતા. ચાવીરૂપ મકાનો અને સંસ્થાનોમાં ઘસી જઈને તેને આગ ચાંપી હતી. વિરોધ પ્રદર્શન અને રાજકીય ઊથલપાથલમાં એવા દુઃખદ સમાચાર આવ્યા હતા કે ભૂતપૂર્વ વડા પ્રધાન ઝલનાથ ખનાલની પત્ની રાજલક્ષ્મીનું નિધન થયું છે. દેખાવકારો તેમના ઘરમાં ઘૂસી ગયા હતા અને તેમને જીવતા સળગાવ્યા હતા. દેખાવકારોએ તેમના ઘરમાં તોડફોડ કરી હતી અને આગ ચાંપી હતી તેમ જ રાજલક્ષ્મીની મારપીટ કરી હતી. તેઓ ગંભીર રીતે ઘાયલ થયાં હતાં અને સારવાર દરમિયાન તેમનું મરણ થયું હતું. આ ઘટના દલ્લાસ્થિત તેમના નિવાસસ્થાને થઈ હતી. લોકોએ તેમને ઘરમાં કેદ કરીને આગ ચાંપી હતી અને આમાં તેઓ ગંભીર રીતે દાઝી ગયાં હતાં. કીર્તિપુર બર્ન હૉસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. દેખાવકારોએ ઊર્જાપ્રધાન દીપક ખડકાના ઘરને પણ આંગ ચાંપી હતી. દેખાવકારો પ્રમુખના નિવાસસ્થાને પણ ઘસી ગયા હતા. દેખાવકારોએ ઓલીના ખાનગી નિવાસસ્થાનને આગ ચાંપી હતી. દેખાવકારોએ પ્રમુખ રામચંદ્ર, ભૂતપૂર્વ વડા પ્રધાન પુષ્પકમલ દહલ, સંદેશવ્યવહાર પ્રધાન પૃથ્વી સુબ્બા ગુરુન્ગ, ભૂતપૂર્વ આવાસપ્રધાન રમેશ લેહાક અને ભૂતપૂર્વ વડા પ્રધાન શેરબહાદુર દેઉબાની સંપત્તિ પર હુમલો કર્યો હતો. સોમવારે સરકારના સોશ્યલ મીડિયા પરના પ્રતિબંધ સામે દેખાવો શરૂ થયા હતા, પરંતુ મંગળવારે એ ઉગ્ર બન્યા હતા. આગેવાન શહેરો અને નગરોમાં સરકારવિરોધી કૂચ કાઢવામાં આવી હતી.

કાઠમંડુના ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટની ફ્લાઈટ સેવા આંશિક રીતે બંધ કરી દેવાઈ હતી.

પરિસ્થિતિ ઝડપથી વણસતા નેપાળ લશ્કર અને બીજી સુરક્ષા એજન્સીઓએ સંયમ અને વાતચીતથી કટોકટી ઉકેલવાની સંયુક્ત અપીલ કરી હતી. અપીલમાં કહેવામાં આવ્યું હતું કે વડા પ્રધાનનું રાજીનામું પ્રમુખે સ્વીકાર્યું હોવાથી અમે શાંતિની અને વિકટ પરિસ્થિતિમાં વધુ જાનમાલને નુકસાન ન થાય એની અપીલ કરીએ છીએ. શાંતિ સ્થાપવા અને સ્થિરતા લાવવા મંત્રણા વડે શાંતિમય ઉકેલ એકમાત્ર ઉપાય છે. સેંકડો દેખાવકારો ઓલીની ઑફિસમાં ઘૂસી ગયા હતા અને પોલીસ કાર્યવાહીમાં ૧૯ જણનાં મોત અને કરપ્શન સામે નિષ્ક્રિય રહેવા બદલ તેમના રાજીનામાની માગણી કરી હતી. ઓલીએ પ્રમુખ રામચંદ્ર પૌડેલને મોકલેલા રાજીનામાં પત્રમાં કહ્યું હતું કે હું અસામાન્ય સંજોગોને લીધે હું રાજીનામું આપું છું જેથી હાલની પરિસ્થિતિનો બંધારણીય અને રાજકીય ઉકેલ આવી શકે. ઓલી જુલાઈ ૨૦૨૪માં વડા પ્રધાન બન્યા હતા. તેઓ ચોથી વાર નેપાળના મુખ્ય પ્રધાન બન્યા હતા. તેઓ ચીનની નજીક હોવાનું મનાય છે. આ મહિને તેઓ ભારતની મુલાકત લેવાના હતા. આંદોલનકારીઓએ 'જેન ઝી'ના બેનર હેઠળ આંદોલન કર્યું હતું. દેખાવકારોએ 'કેપી ચોર, દેશ છોડ' અને 'ભ્રષ્ટ નેતા સામે પગલાં લો' એવાં સૂત્રો ઉચ્ચાર્યા હતા.

સરકારે સોમવારે મોડેથી સોશ્યલ મીડિયા પરનો પ્રતિબંધ પાછો ખેંચ્યો હતો. આંદોલનકારીએ કહ્યું હતું કે સોશ્યલ મીડિયા પરનો પ્રતિબંધ એ વાણીસ્વાતંત્ર્ય ઝૂંટવી લેવાનો પ્રયાસ છે. જેન ઝેડ ગ્રૂપે રાજકીય નેતાનો સંતાનોની વૈભવશાળી જીવનશૈલીના ફોટા અને વીડિયો સોશ્યલ મીડિયાના પ્લેટફોર્મ પર મૂક્યા હતા. આ ગ્રૂપે હોદ્દા ધરાવતા રાજકીય નેતાઓ માટે નિવૃત્તિની વયની પણ માગણી કરી છે.

#### નેપાળનું ખાસ દોસ્ત ચીન ચૂપ

નેપાળના વડા પ્રધાન કે. પી. શર્મા ઓલીના રાજીનામા અને નેપાળના રાજકારણીઓ સામે ફેલાયેલી હિંસા અંગે કાઠમંડુનું ખાસ દોસ્ત ચીને હજુ સુધી સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી. ઓલીએ મંગળવારે સરકાર વિરોધી મોટા વિરોધ પ્રદર્શનો વચ્ચે વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું હતું. પ્રદર્શનકારીઓએ અનેક ટોચના નેતાઓના ખાનગી નિવાસસ્થાનો, રાજકીય પક્ષોના મુખ્યાલયો પર હુમલો કર્યો હતો અને સંસદમાં તોડફોડ પણ કરી હતી.

બીજા વિશ્વયુદ્ધમાં જાપાન પર ચીનના વિજયની ૮૦મી વર્ષગાંઠની ઉજવણી માટે ટિયાનજિનમાં શાંઘાઈ સહયોગ સંગઠન (એસસીઓ) સમિટમાં ભાગ લેવા માટે ચીનની મુલાકાત અને ચીની લશ્કરી પરેડમાં ભાગ લેવાના થોડા દિવસો પછી ઓલીએ રાજીનામું આપ્યું હતું

### ચીન કે અમેરિકા?

પ્રશ્ન થાય છે. આંદોલન દરમિયાન પ્રદર્શનકર્તાઓ દ્વારા કરવામાં આવતા સૂત્રોચ્ચાર અને પૉસ્ટરો તરફ ધ્યાન દોરતાં નિષ્ણાતોનું કહેવું છે કે આ લોકો ભ્રષ્ટાચાર, ભાઈ-ભત્રીજાવાદ, બેરોજગારી અને ભારતીય ઉપમહાદ્વીપની બહાર મોટાપાયે પલાયન જેવા મુદ્દાઓ પર વાત કરી રહ્યા છે, પરંતુ આ રોષ અચાનક નથી ભભૂકી ઊઠ્યો. લાંબા સમયથી તે ભભૂકી રહ્યો હતો.

આ આંદોલનના સમયને પણ મહત્ત્વનો માનવામાં આવી રહ્યો છે કેમ કે ઓલી ચીનથી પાછા ફર્યા અને ભારત જવાની તૈયારી કરી રહ્યા હોવા વચ્ચેના સમયગાળા દરમિયાન આ આંદોલન ભડકી ઊઠ્યું છે. નેપાળની સ્થિતિ રાજકીય રીતે ભારત માટે અતિ મહત્ત્વની છે. ભારતનો આ બીજો એવો પડોશી દેશ છે જ્યાં એક જ વરસની અંદર રાજકીય ઊથલપાથલ જોવા મળી રહી છે.

અગાઉ વર્ષ ૨૦૨૪ના જુલાઈ-ઑગસ્ટમાં વિદ્યાર્થી આંદોલને વડા પ્રધાન શેખ હસીનાની સરકારનો ભોગ લીધો હતો. શેખ હસીનાને ભારતતરફી નેતા માનવામાં આવે છે.

નેપાળની જેમ બાંગ્લાદેશમાં પણ બાહ્ય તાકાતોનો પ્રભાવ સતત વધી રહ્યો છે. ઓલીના વડપણ હેઠળની સરકારે વર્ષ ૨૦૨૪માં નેપાળે ચીનના બૅલ્ટ ઍન્ડ રોડ ઈનિશિયેટિવ (બીઆરઆઈ)માં સામેલ થવાના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. બીજીતરફ અમેરિકા મિલેનિયમ ચેલેન્જ કોર્પોરેશન (એમસીઓ) અંતર્ગત નેપાળમાં ૫૦,૦૦૦ કરોડ ડૉલરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં રોકાણ કરી રહ્યું છે.

ગયા મહિને ભારત અને ચીને ઉત્તરાખંડના લિપુલેખ વેપાર માર્ગ ખુલ્લો મૂક્યો હતો ત્યારે ઓલીએ ચીનના પ્રમુખ શી જિનપિંગને કહ્યું હતું કે આ ક્ષેત્ર નેપાળનો હિસ્સો છે.

જોકે વાસ્તવિકતા એ છે કે આ ક્ષેત્ર ભારતીય સીમામાં આવેલું છે અને તે ભારતનું અવિભાજ્ય અંગ છે.

નેપાળના નેતાએ આ પ્રકારનું નિવેદન સીધું જ ચીન સમક્ષ કર્યું હોય એવું વર્ષ ૨૦૧૫ બાદ પહેલી જ વાર બન્યું છે.

નેપાળની હાલની અશાંત સ્થિતિને લઈને અનેક અટકળો વહેતી થઈ છે. અમુક લોકોનું માનવું છે કે ઓલી ચીન સમર્થક છે એટલે આમાં અમેરિકાની ભૂમિકા હોઈ શકે છે. જેમ બાંગ્લાદેશમાં થયું હતું. બીજીતરફ અમુક લોકોનું માનવું છે કે ચીન જાણીજોઈને નેપાળમાં અશાંતિ ફેલાવી રહ્યું છે જેથી કરીને અમેરિકાના એમસીઓ રોકાણને નબળું પાડી શકાય. અમુક લોકોનું માનવું છે કે જેન-ઝી આંદોલન રાજાશાહીતરફી સમર્થકો સાથે સંકળાયેલું છે જેને ભારતતરફી માનવામાં આવે છે.

### બાલેન શાહની

બાલેન શાહને ચમકાવ્યા હતા. બાલેન શાહની જીવનશૈલી, રહેણીકરણી, સ્ટાઈલ યુવાનો માટે રૉલ મૉડેલ જેવી છે. આ કારણે જ બાલેન શાહ ખૂબ જ સરળતાપૂર્વક આ આંદોલનને હાઈજેક કરી શક્યા છે.

બાલેન શાહે પોતાની કારકીર્દિ સિવિલ ઍન્જિનિયર તરીકે શરૂ કરી હતી. ત્યાર બાદ તેમણે રૅપર તરીકે પોતાનું નસીબ અજમાવ્યું હતું. રાજકારણમાં આવવાનો નિર્ણય લઈ કાઠમંડુ મેયરપદની ચૂંટણી લડ્યા અને વિજયી નીવડ્યા.

રાજકારણમાં અચાનક ઉદય, યુવાનોમાં લોકપ્રિયતા અને પરંપરાગત રાજકીય દળો પરત્વેનો યુવાનોનો મોહભંગ જેવા કારણોએ બાલેન શાહને નાયક બનાવી દીધા.

### રાજ્યપાલે વિધાનસભામાં

પહેલી જોગવાઈ કહે છે કે ખરડો સહી કરવા આવ્યો અને નાણાં ખરડો ન હોય તો તે તેને ગૃહની ફેરવિચારણા માટે પાછો આપી શકે પરંતુ વિધાનસભાએ તેને પાછો મંજૂર કર્યો ત્યાર બાદ રાજ્યપાલ તેને અટકાવી ન શકે.

કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની કર્ણાટક સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે બંધારણની યોજના પ્રમાણે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ કેવળ નામ પૂરતાં વડા છે અને કેન્દ્ર તેમ જ રાજ્યોમાં તેઓ પ્રધાનમંડળની સલાહ અને સહાય પર કામ કરવા બંધાયેલા છે.

મુખ્ય ન્યાયમૂર્તિ બી. આર. ગવઈની આગેવાની હેઠળની પાંચ સભ્યની બંધારણીય બેન્ચ સમક્ષ સિનિયર એડવોકેટ ગોપાલ સુબ્રમણ્યમે કર્ણાટક સરકાર વતી દલીલ કરતાં કહ્યું હતું કે બંધારણની ૩૬૧મી કલમ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલને કોઈ પણ ફોજદારી કાર્યવાહી સામે રક્ષણ આપે છે કારણ કે તેઓ કારોબારીનું કોઈ કાર્ય કરતા નથી. (એજન્સી)

### આંદોલકોનો નેતા

યુવાનો આઠમી સપ્ટેમ્બરે શેરીઓ પર ઊતરી આવ્યા હતા. સોશિયલ મીડિયા પર પ્રતિબંધના સરકારી નિર્ણયે યુવાનોના ગુસ્સાને વધુ હવા આપી હતી. સુદાનના સંગઠન 'હામી નેપાળ'એ આ આંદોલનનું નેતૃત્વ કર્યું હતું. પ્રદર્શનકારીઓએ વીપીએનનો ઉપયોગ કરીને એકબીજા સાથે સંકલન કર્યું અને સરકાર સામે પોતાની માગણીઓ મજબૂત રજૂઆત કરી હતી. આ આંદોલને નેપાળની ઓલી સરકારને યુવાનોની શક્તિનો અહેસાસ કરાવ્યો.

સુદન ગુરંગનો ઈવેન્ટ મેનેજમેન્ટ સાથે સંકળેયેલો હતો. નેપાળમાં ૨૦૧૫માં આવેલા ભૂંકપ બાદ તેણે એક બિનનફાકારક હામી નેપાળ નામનું સંગઠન બનાવ્યું હતુ.

### સી. પી. રાધાકૃષ્ણન

સાંસદ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન કરવા આવ્યા હતા. લોકસભા અને રાજ્યસભાનું કુલ સંખ્યાબળ ૭૮૧નું છે. ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીનું પરિણામ જાહેર કરતા રાજ્યસભાના સેક્રેટરી જનરલ અને રિટર્નિંગ ઑફિસર પી. સી. મોદીએ કહ્યું હતું કે ૭૮૧ પાત્ર મતદારમાંથી ૭૬૭ સાંસદે મતદાન કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં કુલ ૯૮.૨ ટકા મતદાન થયું હતું.

રાધાકૃષ્ણને રાજકીય કારકીર્દિનો આરંભ આરએસએસથી કર્યો હતો અને બાદમાં તેઓ ભાજપમાં જોડાયા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ રાધાકૃષ્ણનને અભિનંદન આપતાં કહ્યું હતું કે જાહેરજીવનમાં તમારો દાયકાઓનો મૂલ્યવાન અનુભવ દેશની પ્રગતિમાં મહત્ત્વનું યોગદાન આપશે.

ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું હતું કે ઉપરાષ્ટ્રપતિ તરીકે તમને મળેલી બઢતી દેશનું પ્રતિનિધિત્વ કરવાના આત્મવિશ્વાસનું પ્રતિબિંબ પાડે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અભિનંદન આપતાં કહ્યું હતું કે રાધાકૃષ્ણનનું જીવન સમાજસેવા અને ગરીબોના સશક્તીકરણ માટે સમર્પિત છે. (એજન્સી)

#### કોને કેટલા મત?

| | | |
|---|---|---|
| સી. પી. રાધાકૃષ્ણન | - | ૪૫૨ |
| બી. સુદર્શન રેડ્ડી | - | ૩૦૦ |
| અયોગ્ય મત | - | ૧૫ |
| મતદાન ન કર્યું | - | ૧૪ |
| કુલ મત | - | ૭૮૧ |

# ગુજરાત જનવિશ્ર્વાસ વિધેયક-૨૦૨૫ વિધાનસભામાં પસાર થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ૧૫મી ગુજરાત વિધાનસભાનાં સાતમા સત્રના બીજા દિવસે ઉદ્યોગ પ્રધાન બળવંતસિંહ રાજપૂતે ગુજરાત જનવિશ્ર્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક-૨૦૨૫ વિધાનગૃહમાં રજૂ કર્યું હતું. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના સરળતા અને પારદર્શિતા તરફના વધુ એક નક્કર કદમરૂપે પસાર થયેલું આ જનવિશ્ર્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક-૨૦૨૫ રાજ્યમાં કાયદા પાલનને સરળ બનાવીને - ડિજિટાઇઝ્ડ કરીને તેમજ સુયોગ્ય રીતે બદલાવ લાવીને વ્યાપાર સરળતા સાથે જીવન જીવવાની સરળતામાં પણ વધારો કરનારું વિધેયક બનશે. એટલું જ નહિ, ન્યાયતંત્ર પરનું ભારણ ઘટાડવામાં પણ ઉપયુક્ત બનશે.

પ્રધાન બળવંતસિંહ રાજપૂતે આ જનવિશ્ર્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક-૨૦૨૫ની ભૂમિકા વિધાનગૃહ સમક્ષ વ્યક્ત કરતાં કહ્યું કે, કોઈપણ દેશમાં વિકાસ માટે સ્થિર નીતિઓ અને સારું વ્યવસાયિક વાતાવરણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે હંમેશાં કાયદાઓને આધુનિક, ફ્લેક્સિબલ, પીપલ ફ્રેન્ડલી અને વિશ્ર્વાસ-આધારિત બનાવ્યા છે. સરકારે સામાન્ય નાગરિકો અને ઉદ્યોગોની ભૂમિકાને પણ મહત્ત્વની ગણી છે.

એટલું જ નહિ, ટેક્નોલોજીના ઉપયોગથી જ્યાં ઝડપી અને સારાં પરિણામો પ્રાપ્ત કરી શકાય એવાં ક્ષેત્રોમાં તેમના માર્ગદર્શનને પણ સરકારે આવકાર્યું છે. આથી, કેન્દ્ર સરકારે ૨૦૨૩માં જન વિશ્ર્વાસ કાયદો અમલમાં મુકીને સરકારે કમ્પ્લાયન્સીસ ઘટાડવાનો પ્રયાસ કર્યો છે. આ દિશામાં કેન્દ્ર અને રાજ્ય સ્તરે ૪૦ હજારથી વધુ કમ્પ્લાયન્સીસ નાબૂદ કરવામાં આવ્યા. આનાથી ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન મળ્યું છે. તાજેતરમાં જ જનવિશ્ર્વાસ બિલ ૨.૦ સંસદમાં રજૂ થયું છે.

પ્રધાન બળવંતસિંહ રાજપૂતે જે ૫૧૬ જોગવાઈઓ અપરાધમુક્ત કરવામાં આવી છે તેની વિગતો આપતા કહ્યું કે, એક જોગવાઈમાં કેદની કલમ છે તેને દૂર કરવામાં આવી રહી છે. ૧૭ જોગવાઈઓમાં કેદ અથવા ફાઈનને પેનલ્ટીથી બદલવામાં આવી રહી છે અને ૪૯૮ જોગવાઈઓમાં ફાઇનને પેનલ્ટીથી બદલવામાં આવશે. આ ઉપરાંત ૮ કાયદાઓ હેઠળ ઉલ્લંઘનના સમાધાન માટેની વ્યવસ્થા સાથે અધિકારી દ્વારા પેનલ્ટીની રકમ સ્વીકારી શકાય તેવી જોગવાઈઓ કરવામાં આવી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

# અમદાવાદના નારોલમાં વીજકરંટથી સ્કૂટર પર સવાર દંપતીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં બે દિવસ ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના કારણે રસ્તાઓમાં પાણી ભરાઈ ગયા હતા. જો કે તેના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતા. આ દરમિયાન ગઇકાલેટ સપ્ટેમ્બર મોડીરાતે મોટી દુર્ઘટના થઈ હતી. અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલી મટન ગલીમાં રોડ પર પડેલા ખાડામાં ભરાયેલા વરસાદી પાણીમાં વીજકરંટ આવવાથી સ્કૂટર પર જઈ રહેલાં દંપતીનું મોત થયું હતું. રોડ પર ૩ ફૂટ ભરાયેલા વરસાદી પાણીમાંથી દપંતી પસાર થતું હતું એ સમયે અચાનક વીજકરંટ લાગ્યો હતો. પત્ની ફસડાઈ પડતાં પતિ તેને બચાવવા ગયો હતો. પરંતુ તેને પણ કરંટ લાગ્યો હતો. આ ઘટનાના સીસીટીવી પણ બહાર આવ્યા છે. ફાયરબ્રિગેડને જાણ કરતાં તાત્કાલિક તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાર બાદ વીજ કંપનીના અધિકારીઓએ આવીને વીજકરંટ બંધ કરતાં તેમને બહાર કાઢી ૧૦૮ મારફત હોસ્પિટલ ખસેડાયાં હતાં, જ્યાં અંકિતાબેન રાજનભાઇ સિંઘલ તથા રાજન હરજીવનભાઇ સિંઘલને મૃત જાહેર કરાયા હતા.ગઈકાલે ૮ સપ્ટેમ્બરના રોજ રાત્રે નારોલ પોલીસ સ્ટેશન નજીક આવેલા રુદ્ર ગ્રીન ફ્લેટમાં રહેતા રાજનભાઈ સિંઘલ અને તેમનાં પત્ની અંકિતાબેન સિંઘલ એક્ટિવા લઈ નારોલની મટન ગલી રોડ પરથી પસાર થઈ રહ્યાં હતાં. રોડ પર વરસાદી પાણી ભરાયેલાં હતાં. આ રોડ પર મોટા ખાડા પડેલા છે અને એમાં જ વરસાદી પાણી ભરાયેલાં હતાં. એમાં અચાનક જ ખાડો આવતાં પતિ-પત્નીને કરંટ લાગ્યો હતો અને તેઓ બેભાન થઈ ગયાં હતાં. સ્થાનિકો તાત્કાલિક દોડી ગયા હતા, જોકે વીજ કરંટ હોવાથી વીજ કંપનીના અધિકારીઓને અને ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયરબ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

# ધરોઇ ડેમમાંથી ફરી સાબરમતીમાં પાણી છોડાયું, અમદાવાદ-ખેડાનાં ગામોમાં અલર્ટ

અમદાવાદ: ધરોઈ ડેમમાં ઉપરવાસમાં ભારે વરસાદના લીધે પાણીની આવક વધતાં મંગળવારે (૯મી સપ્ટેમ્બર)ના રોજ ડેમના બે ગેટ ખોલીને પાણી છોડવામાં આવ્યું હતું. ધરોઈ ડેમમાં ૧૩૭૧૪ ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી. જ્યારે ૧૩૭૧૪ ક્યુસેક પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવ્યું હતું. જેના કારણે સાબરમતી નદીમાં પાણીની આવક વધતાં અમદાવાદ અને ખેડા જિલ્લાના ગામોને અલર્ટ કરાયા છે. ઉપરવાસમાંથી પાણીની આવક ચાલુ રહેતા ધરોઈ ડેમની કુલ સપાટી ૬૨૨ ફૂટે પહોંચવાની તૈયારીમાં છે. ડેમમાં પાણીનો જથ્થો ૯૧.૩૪ ટકા થયો છે. હાલ ડેમના ૨ ગેટ ૫ ફૂટ ખોલીને સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવ્યું છે. નદીમાં પાણી છોડવામાં આવતા સાબરમતી નદી કાંઠાના ગામોને અલર્ટ કરાયા છે. લોકોને નદીની આસપાસ નહીં ફરવા માટે સૂચના આપવામાં આવી છે. અમદાવાદમાં સાબરમતી નદીનો વોક વે પણ પાણીમાં ગરકાવ થયો છે. ગુજરાતમાં સિઝનનો ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્ર ઝોનને બાદ કરતાં તમામ ઝોનમાં ૧૦૦ ટકા કરતા વધુ વરસાદ ખાબક્યો છે. ઉત્તર ગુજરાતમાં ૧૧૭.૦૩, મધ્ય ગુજરાતમાં ૧૧૦.૦૭, દક્ષિણ ગુજરાતમાં ૧૧૦.૬૮, કચ્છમાં ૧૧૬.૧૨ અને સૌરાષ્ટ્રમાં ૯૩ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૮૭.૫૪ ટકા પાણીનો જથ્થો છે.

# માઉન્ટ આબુમાં ત્રણ દિવસ પ્રવાસીઓ પર પ્રવેશ બંધ, હોટલો ખાલી રાખવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતીઓના પ્રિય હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાયું છે. ધોધમાર વરસાદથી ભૂઃસ્ખલનો થઈ રહ્યા છે. માઉન્ટ આબુના ૭ ગુમ નજીક રોડનો એક ભાગ ધરાશાયી થતાં તંત્રએ તાત્કાલિક અસરથી ૩ દિવસ માટે પ્રવાસીઓ માટે પ્રવેશ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. માઉન્ટ આબુના સબ ડિવિઝન ઓફિસર દ્વારા આ આદેશ જારી કરવામાં આવ્યો હતો, જેમાં જણાવાયું હતું કે માર્ગનું સમારકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી માઉન્ટ આબુ પ્રવાસીઓ માટે બંધ રહેશે.

તંત્ર દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ આગામી ૩ દિવસ સુધી કોઈ પણ પ્રવાસીને માઉન્ટ આબુમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. રાત્રિના ૮:૩૦ થી સવારે ૬:૦૦ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભારે વાહનો, સરકારી અને ખાનગી બસો તેમજ ઓવરલોડ ટ્રકોને માઉન્ટ આબુ પર આવવા દેવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. જીવન જરૂરિયાતની વસ્તુઓ લઈ જતા નાના વાહનોને માઉન્ટ આબુમાં પ્રવેશ માટે છૂટ આપવામાં આવી છે. હોટેલ માલિકોને આગામી ૩ દિવસ માટે હોટલો ખાલી રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

આ નિર્ણય સ્થાનિકો અને પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.

# બનાસકાંઠાનું થરાદ પાણીમાં ગરકાવ, અસરગ્રસ્ત વિસ્તારમાં ૧.૫૦ લાખ ફૂડ પેકેટનું વિતરણ

અમદાવાદ: બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસમાં ૧૬ ઇંચથી વધુ પડેલા ધોધમાર વરસાદે વાવ-થરાદ અને સુઇગામ તાલુકામાં ભારે તારાજી સર્જી છે. ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં થરાદ શહેર હજુ પણ પાણીમાં ગરકાવ છે. અનેક સોસાયટીઓ અને રસ્તાઓ પાણીમાં ડૂબી જતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. મંગળવારે પણ ઘણા સ્થળોએ પાણી ઓસર્યા ન હતા અને ઘરોમાં ઘૂંટણસમા પાણી ભરાયેલા છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રાહત અને બચાવ કામ શરૂ કરી દેવામાં આવી છે. કલેક્ટર મિહિર પટેલના નેતૃત્વમાં અસરગ્રસ્ત વિસ્તારમાં ૧.૫૦ લાખ ફૂડ પેકેટ અને ૧ લાખ પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટી તંત્ર અને બનાસ ડેરીના સહયોગથી અત્યાર સુધીમાં દોઢ લાખથી વધુ ફૂડ પેકેટ્સ તૈયાર કરીને વિતરણ કરવામાં આવ્યા હતા. ગામડાઓમાં પાણી ભરાઈ જતાં નાગરિકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

# છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ૧૧૯ રોજગાર મેળા થકી ૨૦ હજાર કરતાં વધુ યુવાઓને રોજગારી મળી

અમદાવાદ: રાજ્યમાં રોજગાર મેળા વિશે વિધાનસભા ગૃહમાં માહિતી આપતા શ્રમ, કૌશલ્ય, વિકાસ અને રોજગાર પ્રધાન બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૧૯ રોજગાર મેળાઓનું સફળ આયોજન કરવામાં આવ્યું છે. આ રોજગાર મેળાઓ થકી ૨૦,૧૯૫ યુવાઓને રોજગારી મળી છે. વધુમાં રોજગાર પ્રધાને કહ્યું હતું કે, રાજ્યના રોજગારવાંચ્છુઓ માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના વરદ હસ્તે અનુબંધમ વેબપોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ પર ઉમેદવારો પોતાના ઘરે બેઠા નોંધણી કરી શકે છે અને નોકરીદાતા તેમની ખાલી જગ્યાઓ ઓનલાઈન નોંધાવી શકે છે.

તેમણે ઉમેર્યું હતું કે, રોજગાર અને તાલીમ નિયામકની કચેરી હેઠળ રાજ્યમાં ૪૬ રોજગાર કચેરીઓ કાર્યરત છે. રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારીની યોગ્ય તકો મળી રહે તે માટે રાજ્યની રોજગાર કચેરીઓ ખાતે નામ નોંધણી, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, રોજગાર ભરતીમેળા, કારકિર્દી સલાહ અને માર્ગદર્શન જેવી સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આઈકામેટ એચ.આર ઈન્ડિયા પ્રા.લી, ટાટા મોટર્સ, ઝાયડસ લાઈફસાયન્સ લી., યુનિસન ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લી જેવા વિવિધ નોકરીદાતાઓ દ્વારા યુવાઓને રોજગારી આપવામાં આવી છે.

# વડોદરા જમીન વિવાદમાં ક્રિકેટર યુસુફ પઠાણની અરજી હાઈ કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાણીતા રમતવીરોને રાહતદરે જમીન આપવાની યોજના અમલમાં મૂકી હતી. તેમાં ક્રિકેટર યુસુફ પઠાણે જમીનની માગણી કરી હતી. તેને કોર્પોરેશનની સભાએ મંજૂરી આપી રાજ્ય સરકારમાં મોકલી હતી, પરંતુ નામંજૂર કરી દીધી હતી. જો કે, યુસુફ પઠાણે તે જમીન પર ગેરકાયદે દબાણ કરી તબેલો અને દીવાલ બાંધી દઈ પ્લોટનો કેટલોક ભાગ પોતાના હસ્તક મેળવી લીધો હતો. જે અંગે વિવાદ થતાં કોર્પોરેશને નોટિસ આપતા યુસુફ પઠાણે હાઈ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જે અંગેનો કેસ ચાલી જતાં હાઈકોર્ટે યુસુફ પઠાણની અરજી ફગાવી દીધી હતી અને વડોદરા મહાનગરપાલિકાની ટીકા કરી હતી કે કોર્પોરેશને આ જમીનનો કબજો હજુ સુધી લીધો કેમ નથી? વડોદરાના ક્રિકેટર યુસુફ પઠાણ પશ્ચિમ બંગાળમાંથી સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ ભાજપના પૂર્વ મેયરે સોશ્યલ મીડિયા પર મેસેજ ફરતો કરતા વિવાદ સર્જાયો હતો.

# સિદ્ધપુરમાં માતૃશ્રાદ્ધ - ગયામાં પિતૃ શ્રાદ્ધનું સર્વે જ્ઞાતિ માટેનું આયોજન

અમદાવાદ: બિંદુ સરોવરના સાનિધ્યમાં મહિરેવા બ્રાહ્મણ સમાજ દ્વારા સર્વજ્ઞાતિ માટે ૧૪-૦૯-૨૦૨૫ અને ૨૧-૦૯-૨૦૨૫ના રોજ સિદ્ધપુર ખાતે માતૃ શ્રાદ્ધનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે બિહારના ગયા ખાતે ફાલ્ગુ નદી મોક્ષ વડ અને બ્રહ્મશીલા ખાતે ૧૩-૦૯-૨૦૨૫થી ૧૭-૦૯-૨૦૨૫ દરમિયાન પિતૃ શ્રાદ્ધનું આયોજન કરવામાં આવ્યું છે. પિતૃ શ્રાધ્ધ માટે પૂજન સામગ્રી બ્રહ્મ સમાજ દ્વારા નિઃશુલ્ક આપવામાં આવશે.

## સ્પોર્ટ્સ

# રિષભ પંતે ‘ધૂપ-છાંવ’માં વાળ કપાવ્યા બાદ ફોટો મીડિયામાં શૅર કર્યો!



નવી દિલ્હી: વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંત ટી-૨૦ના એશિયા કપ માટેની ટીમમાં નથી એટલે હમણાં ફુરસદમાં છે અને અંગત જીવનની બાબતમાં કંઈ પણ નિર્ણય લઈ શકે છે, કારણકે તેની પાસે પુષ્કળ સમય છે અને એટલે જ તેણે તાજેતરમાં તેના નિવાસસ્થાનની નજીકના ગાર્ડનમાં ઝાડ નીચે વાળ કપાવ્યા હતા. આ રીતે ‘ધૂપ-છાંવ’માં વાળ કપાવવા પાછળનું કારણ એ હતું કે પંત બાળપણની યાદ તાજી કરવા માગતો હતો. પોતે હાઇ-ફાઇ સૅલોંમાં જવાને બદલે ‘ ધૂપ-છાંવ’માં વાળ કપાવી રહ્યો હોય એવો ફોટો ખુદ પંતે પછીથી સોશ્યલ મીડિયામાં શૅર કર્યો હતો.

પંતનો આ ફોટો જોઈને મીડિયામાં તેના ફૉલોઅર્સની કમેન્ટનો વરસાદ વરસ્યો હતો જેમાં તેમણે આ સ્વીટ મૅમરીઝની યાદ અપાવવા બદલ તેને બિરદાવ્યો હતો. પંતે ફોટો શૅર કરવાની સાથે સ્ટોરીમાં લખ્યું, ‘ભૂતકાળમાં હું ઝાડ નીચે વાળ કપાવવા બેસી જતો હતો એટલે મને થયું કે ફરી ટ્રાય કરું. મને તો તરત બાળપણની યાદ તાજી થઈ ગઈ. બીજા કેટલા લોકોએ આ રીતે ઝાડ નીચે બેસીને હેર કટ કરાવ્યા હશે, મને જરા જણાવજો.’

પંત ત્રણ વર્ષ પહેલાં જ્યારે ગમખ્વાર કાર-અકસ્માતમાં ઈજા પામ્યો હતો ત્યારે તેને આસપાસ આવી ગયેલા કેટલાક અજાણ્યા યુવાનોએ તો તાબડતોબ હૉસ્પિટલ ભેગો કરીને તેનો જીવ બચાવ્યો જ હતો, પંતને સોશ્યલ મીડિયામાં અસંખ્ય ચાહકોની શુભેચ્છા પણ મળી હતી.

પંત લગભગ બે વર્ષ સુધી સારવાર હેઠળ રહ્યા બાદ મેદાન પર પાછો આવ્યો હતો. ૨૦૨૪માં ભારતે જીતેલા ટી-૨૦ વર્લ્ડ કપની ટીમમાં તે હતો અને તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝમાં તેણે પગની ગંભીર ઈજા છતાં કટોકટીના સમયે બૅટિંગ કરવા મેદાન પર ઊતરીને ગજબની સંકલ્પશક્તિ બતાવી હતી. પંતને ૨૦૨૫ની આઇપીએલ માટે લખનઊ સુપર જાયન્ટ્સ ટીમના ફ્રેન્ચાઇઝીએ ૨૭ કરોડ રૂપિયાનો વિક્રમજનક ભાવે ખરીદ્યો હતો.

# અફઘાનિસ્તાને હૉંગ કૉંગને ૯૪ રનથી હરાવ્યું

### અફઘાનની બે વિકેટ મુંબઈના ગુજરાતી સ્પિનરે લીધી!

અબુ ધાબી: અફઘાનિસ્તાને અહીં એશિયા ૯૪ રનથી હરાવીને વિજયી આરંભ કર્યો હતો. હૉંગ કૉંગની ટીમ ૧૮૯ રનના લક્ષ્યાંક સામે માત્ર નવ વિકેટે ૯૪ રન કરી શકી હતી. એ પહેલાં, અફઘાનિસ્તાને બૅટિંગ પસંદ કર્યા પછી નબળી શરૂઆત બાદ ફટકાબાજી કરીને છ વિકેટે ૧૮૮ રન કર્યા હતા. ઓપનર સેદિકુલ્લા અટલ (અણનમ ૭૩ રન, બાવન બૉલ, ત્રણ સિક્સર, છ ફોર) અને અઝમતુલ્લા ઓમરઝાઇ (૫૩ રન, ૨૧ બૉલ, પાંચ સિક્સર, બે ફોર)એ ટીમને મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

અફઘાનિસ્તાનની છમાંથી બે વિકેટ મૂળ મુંબઈના ગુજરાતી ઑફ-સ્પિનર કિંચીત દેવાંગ શાહે (૩-૦-૨૪-૨) લીધી હતી.

# અમે પાકિસ્તાન સામે આક્રમક મૂડમાં જ રમીશું: સૂર્યકુમાર




માઇક સાથે સૂર્યકુમાર યાદવ તથા અફઘાનિસ્તાનનો સુકાની રાશીદ ખાન તેમ જ પાકિસ્તાનનો કૅપ્ટન સલમાન આગા અને શ્રીલંકાનો ચરિથ અસલંકા. (પીટીઆઇ)

દુબઈ: એશિયા કપ ટી-૨૦ ટૂર્નામેન્ટમાં બુધવારે યુએઈ સામેની મૅચ પછી રવિવારે પાકિસ્તાન સામે થનારા મુકાબલા વિશે કૅપ્ટન સૂર્યકુમાર યાદવનું મોટું નિવેદન સોશ્યલ મીડિયામાં અને ઇન્ટરનેટ પર વાઇરલ થઈ રહ્યું છે જેમાં જીતવા માટે ભારતીય ખેલાડીઓ મેદાન પર આક્રમક અભિગમ તો અપનાવશે જ, એવું સૂર્યાએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે.

સૂર્યકુમારે સાફ શબ્દોમાં જણાવ્યું છે કે તેની ટીમ રવિવારે દુબઈમાં પાકિસ્તાન સામેની હાઈ-વૉલ્ટેજ મૅચ દરમ્યાન આક્રમક વલણ અપનાવવામાં જરાય પાછીપાની નહીં કરે.

કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓએ હિન્દુ સહેલાણીઓની કત્લેઆમ કરી ત્યાર બાદ ભારતના સશસ્ત્ર દળોએ ત્રણ દિવસના ટૂંકા યુદ્ધ દરમ્યાન પાકિસ્તાનમાં અનેક સ્થાનો પર હુમલા કરીને પાકિસ્તાનની બોલતી તો બંધ કરી દીધી છે, પરંતુ કાશ્મીરમાં આતંકવાદીઓના ભારતીય સૈનિકો પરના હુમલા હજી ચાલુ જ છે. આ જોતાં સ્વાભાવિક રીતે ભારતીય ખેલાડીઓ પાકિસ્તાનીઓ સામે પૂરા જોશ-ઝનૂનથી રમશે જ અને એ માટે ભારતીય ખેલાડીઓમાં આક્રમક અપ્રોચ હોવો જરૂરી છે.

પાકિસ્તાનના કૅપ્ટન સલમાન આગાએ પણ પોતાના સાથીઓને આક્રમકતા જાળવી રાખવાની સૂચના આપી હોવાનું મનાય છે. જોકે સૂર્યકુમારને પૂછવામાં આવ્યું કે ‘ રવિવારની મૅચ દરમ્યાન તમારી ટીમના ખેલાડીઓની મનઃસ્થિતિ કેવી રહેશે? સૂર્યકુમારે તરત જ કહ્યું, ‘આવી હાઈ-વૉલ્ટેજ મૅચમાં આક્રમક અભિગમ તો અપનાવવો જ જોઈએને. એના વગર કેમ ચાલે. આ રમત આક્રમકતા વિના રમી જ ન શકાય. હું આ મૅચમાં હરીફોને માત આપવા ખૂબ રોમાંચિત અને તત્પર છું.’

એશિયા કપમાં ભારતની પ્રથમ મૅચ બુધવારે દુબઈમાં યુએઇ સામે (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) રમાશે, જ્યારે પાકિસ્તાનનો પ્રથમ મુકાબલો શુક્રવારે દુબઈમાં (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) ઓમાન સામે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે રવિવારની લીગ મૅચ ઉપરાંત સુપર-ફૉર રાઉન્ડમાં તેમ જ ફાઇનલમાં પણ ટક્કર થવાની સંભાવના છે.

# ‘અમારે રહેવાનું દુબઈમાં અને રમવાનું અબુ ધાબીમાં, આ ઠીક નથી: રાશીદ ખાન

### શ્રીલંકાના સુકાનીએ કહ્યું, ‘મેં પૂરી ઊંઘ કરી જ નથી, બહુ તકલીફ પડી રહી છે’




એશિયા કપની ટ્રોફીની નજીક તમામ આઠ ટીમના કૅપ્ટન (જમણેથી) યુએઇનો મુહમ્મદ વસીમ, બાંગ્લાદેશનો લિટન દાસ, શ્રીલંકાનો ચરિથ અસલંકા, ભારતનો સૂર્યકુમાર યાદવ, અફઘાનિસ્તાનનો રાશીદ ખાન, પાકિસ્તાનનો સલમાન આગા, હૉંગ કૉંગનો યાસિમ મુર્તઝા અને ઓમાનનો જતિન્દર સિંહ.

દુબઈ: વર્ષોથી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં રમતા અફઘાનિસ્તાનના ખેલાડીઓને ભારતમાં વિવિધ શહેરોમાં રહેવામાં અને રમવામાં કોઈ જ મુશ્કેલી નથી પડતી હોતી, કારણકે આ સ્પર્ધાનું મૅનેજમેન્ટ ખૂબ વ્યવસ્થિત હોય છે અને દર વર્ષે ટૂર્નામેન્ટ સફળતાપૂર્વક પાર પડતી હોય છે, પરંતુ યુનાઇટેડ આરબ અમીરાત (યુએઇ)માં શરૂ થઈ રહેલા આઠ દેશ વચ્ચેના ટી-૨૦ એશિયા કપમાં પોતાની ટીમને લગતી વ્યવસ્થા બાબતમાં અફઘાનિસ્તાનનો સુકાની રાશીદ ખાન નારાજ છે. શ્રીલંકાના કૅપ્ટન ચરિથ અસલંકાએ પણ તેની ટીમ વિશેના શેડ્યૂલિંગને વખોડ્યું હતું.

રાશીદ ખાન ખાસ કરીને શેડ્યૂલિંગ તેમ જ ટીમના વારંવારના પ્રવાસ બાબતમાં ટીકા કરી રહ્યો છે. કારણ એ છે કે અફઘાનિસ્તાનની ટીમે એશિયા કપ દરમ્યાન દુબઈમાં રહેવું પડશે અને જ્યારે પણ એની મૅચનો દિવસ હશે એ પહેલાં અફઘાનિસ્તાનની ટીમે બે કલાકની મુસાફરી કરીને અબુ ધાબી પહોંચવું પડશે.

મંગળવારે પહેલી જ મૅચ અબુ ધાબીમાં અફઘાનિસ્તાન તથા હૉંગ કૉંગ વચ્ચે નિર્ધારિત હોવાથી સાંજની આ મૅચ માટે અબુ ધાબી પહોંચતાં પહેલાં સવારે દુબઈમાં રાશીદ ખાને અન્ય સાત ટીમના કૅપ્ટનો સાથેની ટૂર્નામેન્ટ સંબંધિત પત્રકાર પરિષદમાં કહ્યું, ‘આ ઠીક ન કહેવાય. મેં અન્ય કૅપ્ટનોને પણ કહ્યું કે અમારે રહેવાનું દુબઈમાં અને ત્રણેય લીગ મૅચ રમવાની અબુ ધાબીમાં એ તો વિચિત્ર વ્યવસ્થા જ કહેવાય. જોકે પ્રોફેશનલ ક્રિકેટર તરીકે અમારે આવું બધું સ્વીકારી લેવું પડે. અન્ય કેટલાક દેશોમાં અમે બે-ત્રણ કલાકના પ્રવાસ બાદ મૅચ રમવા સીધા મેદાન પર પહોંચી ગયા હોઈએ એવું પણ બન્યું છે. એક વાર તો હું બાંગ્લાદેશથી અમેરિકા પહોંચ્યો અને થોડી જ વાર બાદ મૅચ રમવા ગ્રાઉન્ડ પર પહોંચી ગયો હતો.’

આ પત્રકાર પરિષદમાં એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના ચીફ અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચૅરમૅન મોહસિન નકવી પણ હાજર હતા અને તેની હાજરીમાં રાશીદ ખાને ગેરવ્યવસ્થાની બાબતમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો.

શ્રીલંકાના સુકાની ચરિથ અસલંકાએ પત્રકારોના એક સવાલના જવાબમાં કહ્યું, ‘અમારી ટીમનું શેડ્યૂલ એ રીતે ગોઠવવામાં આવ્યું છે જેમાં અમને પૂરતો આરામ જ નથી થયો. મારી ઊંઘ પૂરી નથી થઈ.’

અસલંકાએ મજાકમાં પત્રકારોને કહ્યું, ‘મને એટલી બધી ઊંઘ આવે છે કે વિચાર આવ્યો કે મારે તમારા સવાલના જવાબ આપવાને બદલે થોડી ઊંઘ કરી લેવી જોઈતી હતી. અમારે ઝિમ્બાબ્વે સામે બૅક-ટૂ-બૅક મૅચ રમીને સીધા અહીં એશિયા કપમાં રમવા આવી જવું પડ્યું છે. જે કંઈ હોય, અમે એશિયા કપના મુકાબલા માટે પૂરેપૂરા તૈયાર છીએ.’

# પાકિસ્તાન સેમિ ફાઇનલ જીતશે તો ફાઇનલ કોલંબોમાં, નહીં તો અમદાવાદમાં

### ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપની તારીખો લગભગ નક્કી થઈ ગઈ

નવી દિલ્હી: ૨૦૨૪નો ટી-૨૦ વર્લ્ડ કપ અમેરિકા તથા વેસ્ટ ઇન્ડિઝમાં સંયુક્તપણે રમાયો હતો અને ત્યારે પાકિસ્તાનની મૅચ ક્યાં રાખવી એ વિશે કોઈ મૂંઝવણ નહોતી, પરંતુ ૨૦૨૬નો ટી-૨૦ વિશ્વ કપ ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારત અને શ્રીલંકામાં સંયુક્તપણે યોજાવાનો હોવાથી પાકિસ્તાનની મૅચના આયોજન બાબતમાં મુખ્ય આયોજક ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) થોડું ગૂંચવાઈ ગયું છે અને એટલે જ લગભગ નક્કી કરવામાં આવ્યું છે કે ૨૦૨૬ના વર્લ્ડ કપની ફાઇનલમાં જો પાકિસ્તાન પહોંચશે તો એ ફાઇનલ કોલંબોમાં રમાશે અને જો પાકિસ્તાન સેમિ ફાઇનલમાં હારી ગયું હશે તો ફાઇનલ અમદાવાદમાં રાખવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ૨૦૨૬નો ટી-૨૦ વર્લ્ડ કપ મોટા ભાગે ૭ ફેબ્રુઆરી-૮ માર્ચ દરમ્યાન રમાશે. જોકે હજી સત્તાવાર રીતે પૂર્ણ શેડ્યૂલ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. પાકિસ્તાનની તમામ મૅચો શ્રીલંકામાં રમાશે.

૨૦૨૬ના ટી-૨૦ વિશ્વ કપમાં પણ કુલ ૨૦ દેશની ટીમ ભાગ લેશે. પાંચ-પાંચ ટીમને ચાર ગ્રૂપમાં વહેંચવામાં આવશે. ફૉર્મેટ એવી છે જેમાં સુપર-એઇટ રાઉન્ડ યોજાશે અને એમાં ટોચના ચાર ક્રમે આવનાર ટીમ સેમિમાં પહોંચશે અને પછી ફાઇનલ રમાશે.

૨૦માંથી ૧૫ ટીમના નામ નક્કી થઈ ગયા છે: ભારત, શ્રીલંકા, અફઘાનિસ્તાન, ઑસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા, અમેરિકા, વેસ્ટ ઇન્ડિઝ, ન્યૂ ઝીલૅન્ડ, પાકિસ્તાન, આયરલૅન્ડ, કૅનેડા, નેધરલૅન્ડ્સ અને ઇટલી. હજી બે ટીમ આફ્રિકા ખંડમાંથી ક્વૉલિફાય થશે અને બીજી ત્રણ ટીમ એશિયા તથા ઈસ્ટ એશિયા પૅસિફિક પ્રદેશમાંથી ક્વૉલિફિકેશન મેળવશે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

નવમા પાનાનું ચાલુ

## ઘરની બહાર

તપાસ હાથ ધરવામાં આવી રહી છે. દરવાજાના પડદામાં આગ લાગી હોવાનું જોયા બાદ ઘરના તમામ લોકો બહાર દોડી આવ્યા હતા, જેને પગલે કોઇને ઇજા થઇ નહોતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે પાર્કસાઇટ વિસ્તારમાં સંભાજી ચોક ખાતે ઇદ-એ-મિલાદની સોમવારે ઉજવણી દરમિયાન કેટલાક બેનર્સ લગાવ્યા હતા, જેની સામે ફરિયાદીએ વિરોધ નોંધાવ્યો હતો, જેને કારણે ફરિયાદી અને અમુક લોકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તેમને શાંત પાડ્યા હતા અને બાદમાં બેનર્સને ત્યાંથી કાઢી નખાયા હતા. જોકે મંગળવારે મળસકે ત્રણથી ચાર અજાણ્યા શખસોએ ફરિયાદીના ઘરને આગ ચાંપવાનો પ્રયાસ કર્યો હતો.

## ₹ ૬૦ કરોડની

એક હોમ શોપિંગ અને ઓનલાઈન રિટેલ પ્લેટફોર્મના ડિરેક્ટર હતા, તેમણે કોઠારી પાસેથી ૭૫ કરોડ રૂપિયાની લોન માગી હતી. કરવેરાથી બચવા માટે લોનને રોકાણ તરીકે બતાવવાની હતી, કોઠારીએ દાવો કર્યો હતો. ફરિયાદમાં જણાવાયું છે કે, દંપતીએ તેમને માસિક વળતર અને મુદ્દલની ચુકવણીનું વચન આપ્યું હતું અને કોઠારીએ એપ્રિલ ૨૦૧૫ માં શેર સબ્સ્ક્રિપ્શન કરાર હેઠળ રૂ. ૩૧.૯ કરોડ આપ્યા હતા, ત્યારબાદ સપ્ટેમ્બર ૨૦૧૫ માં પૂરક કરાર હેઠળ રૂ. ૨૮.૫૩ કરોડ ટ્રાન્સફર કર્યા હતા, પરંતુ લોન માટે વ્યક્તિગત ગેરંટી આપનાર શિલ્પા શેટ્ટીએ સપ્ટેમ્બર ૨૦૧૬ માં ડિરેક્ટર તરીકે રાજીનામું આપ્યું હતું, અને કોઠારીને પાછળથી ખબર પડી કે તેમની કંપની સામે બીજા કરાર પર ડિફોલ્ટ કરવા બદલ નાદારીની કાર્યવાહી ચાલી રહી છે. (પીટીઆઈ)

## હવે એક જ દિવસમાં

ઉપક્રમ શરૂ કર્યો છે. તેમાં પાલિકા દ્વારા વિવાહ નોંધણીની પ્રક્રિયામાં બે નવી સેવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે પબ્લિક હોલિડેના દિવસે આ સેવા બંધ રહેશે. પાલિકાના જણાવ્યા મુજબ ઓફિસના કામકાજ સિવાયના દિવસમાં ફાસ્ટ ટ્રેક મેરેજ રજિસ્ટ્રેશન સર્વિસ ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. તો બીજી સેવામાં વીક એન્ડમાં એટલે કે શનિવાર અને રવિવારે પણ હવે લગ્નનું રજિસ્ટ્રેશન થશે, તે માટે વીકએન્ડ મેરેજ રજિસ્ટ્રેશન સર્વિસ ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. આ બંને સેવા માટે નિયમિત રજિસ્ટ્રેશન ફી સહિત એડિશનલ ફી ૨,૫૦૦ રૂપિયા વસૂલ કરવામાં આવવાની છે. આ બંને સેવામાં આવશ્યક દસ્તાવેજોની પૂર્તતા, તપાસણી અને ફી ભર્યા બાદ કાર્યવાહી પૂરી કર્યા બાદ રજિસ્ટ્રેશનના દિવસે જ મેરેજ સર્ટિફિકેટ સંબંધિત દંપતીને આપવામાં આવશે.

## બળજબરીપૂર્વક

હતા. આ પ્રવાસીઓ મુંબઈ સેન્ટ્રલ, દાદર, કુર્લા, બાંદ્રા ટર્મિનસ, બોરીવલી, થાણે, કલ્યાણ અને પનવેલ સ્ટેશન પર અવરજવર કરતા હતા.

અધિકારીએ કહ્યું કે તેમનું કામ સામાનની તપાસ પોલીસ ચોકીમાં રોકડ અને કિમતી સામાનની તપાસ કરવાનું હતું. પીડિતોએ એક વરિષ્ઠ અધિકારીને મળવાનું જણાવવામાં આવતું હતું અને તેમને પ્લેટફોર્મ પર જીઆરપી પરિસરમાં લાવવામાં આવતા હતા, જ્યાં સીસીટીવી કેમેરા પણ નહોતા પછી પ્રવાસીઓને તેમના સામાન હોવાનું પુરવાર કરવાનું જણાવવામાં આવતું હતું. એટલું જ નહીં, ત્યારપછી પ્રવાસીઓને ધમકી આપવામાં આવતી હતી કે કીમતી સામાન જપ્ત કરવામાં આવશે અથવા તેમની સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. અમુક કેસમાં મારપીટ પણ કરવામાં આવી હતી. આ સંજોગોમાં પ્રવાસીઓ પાસે ફક્ત એક જ વિકલ્પ હતો કે તેઓ પોલીસને પૈસા આપે.

પ્રવાસીઓને લૂંટવામાં પોલીસની સાંઠગાંઠ મુદ્દે રેલવે પોલીસ કમિશનર રાકેશ કલાસાગરે કહ્યું હતું કે છેલ્લા પાંચ મહિનામાં ૧૩ પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કમિશનરે પ્રવાસીઓને અપીલ કરી છે કે તમારા સામાનની તપાસ પણ સીસીટીવી કેમેરાવાળા રૂમ સાથે વરદીવાળા પોલીસ દ્વારા કરવામાં આવે.

## ભુજબળની

અરજી કરવાની મંજૂરી આપશે. આનાથી તેઓ પ્રમાણપત્રો જારી થયા પછી ઓબીસી શ્રેણી હેઠળ ક્વોટાનો દાવો કરી શકશે.

મરાઠા અનામત અંગેની રાજ્ય કેબિનેટ સબ-કમિટીએ ક્વોટા નેતા મનોજ જરાંગેને બીજી સપ્ટેમ્બરે મુંબઈમાં તેમની ભૂખ હડતાળ પાછી ખેંચવા માટે સફળતાપૂર્વક સમજાવ્યા બાદ સરકારી આદેશ (જીઆર) જારી કરવામાં આવ્યો હતો.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને લખેલા પત્રમાં, અખિલ ભારતીય મહાત્મા ફૂલે સમતા પરિષદના પ્રમુખ ભુજબળે મંગળવારે એવો દાવો કર્યો હતો કે કેબિનેટની મંજૂરી અથવા ઓબીસીના હિસ્સેદારો સાથે પરામર્શ કર્યા વિના 'એક શક્તિશાળી સમુદાયના દબાણ હેઠળ ઉતાવળમાં' જીઆર જારી કરવામાં આવ્યો હતો.

જીઆર હૈદરાબાદ ગેઝેટમાં રેકોર્ડ અને સ્થાનિક રહેવાસીઓ અથવા સંબંધીઓ દ્વારા સોગંદનામાના આધારે જાતિ પ્રમાણપત્રો આપવાની પ્રક્રિયા નક્કી કરે છે.

પરિષદે એવી દલીલ કરી હતી કે આ મરાઠાઓ માટે એક અલગ, સરળ પદ્ધતિ બનાવવા સમાન છે, જ્યારે સેંકડો ઓબીસી જાતિઓએ મહારાષ્ટ્ર જાતિ પ્રમાણપત્ર અધિનિયમ, ૨૦૦૦ અને ૨૦૧૨ નિયમો હેઠળ સ્થાપિત પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.

ભુજબળે જણાવ્યું હતું કે કુણબી, મરાઠા કુણબી અથવા કુણબી મરાઠા જેવા જાતિના નામોને બદલે 'મરાઠા સમુદાય' શબ્દનો ઉપયોગ ગેરકાયદે છે, કારણ કે મરાઠાઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (એસઈબીસી) અધિનિયમ, ૨૦૨૪ હેઠળ ૧૦ ટકા અનામત સાથે અલગથી માન્યતા આપવામાં આવી છે. 'આનાથી મરાઠા સમુદાયને બે પ્રકારની અનામતનો લાભ મળી શકશે,' એમ એનસીપીના નેતાએ ઉમેર્યું હતું.

## વિવિધ પ્રોજેક્ટ્સ

રાજ્ય/કેન્દ્રીય પહેલ હેઠળના પ્રોજેક્ટ્સ ભંડોળના અભાવે અટકી ન જાય.

**આકોલામાં ઘોંગા, કાનડી લઘુ સિંચાઈ યોજનાઓનું સમારકામઃ** મુખ્ય પ્રધાન કાર્યાલય (સીએમઓ)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આકોલા જિલ્લાના મુર્તિજાપુર તાલુકામાં બે નાની સિંચાઈ યોજનાઓ માટે સમારકામ ભંડોળને પણ કેબિનેટની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. આકોલા જિલ્લામાં ૧૯૮૬માં પૂર્ણ થયેલી ઘોંઘા સૂક્ષ્મ સિંચાઈ યોજના માટે રૂ. ૪.૭૬ કરોડના સમારકામને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના તેના મૂળ ૧,૫૫૦ ઘન મીટર સંગ્રહ અને ૩૫૦ હેક્ટર સિંચાઈ ક્ષમતા કરતાં ૩૫,૦૦૦ ઘન મીટર વધારાનો પાણી સંગ્રહ અને ૪૫ હેક્ટર સિંચાઈ ક્ષમતા બનાવવાની અપેક્ષા છે, એમ તેમાં જણાવાયું છે. એ જ રીતે, આકોલા જિલ્લામાં ૧૯૭૭માં પૂર્ણ થયેલી કાનડી સૂક્ષ્મ સિંચાઈ યોજનાનું સમારકામ રૂ. ૪.૯૨ કરોડના ખર્ચે કરવામાં આવશે, જે તેના મૂળ ૧,૭૦૦ ઘન મીટર સંગ્રહ અને ૨૮૬ હેક્ટર સિંચાઈ ક્ષમતામાં ૩૮,૦૦૦ ઘન મીટર સંગ્રહ અને ૪૬ હેક્ટર સિંચાઈ ક્ષમતા ઉમેરવાની અપેક્ષા છે.

**કેન્દ્ર સરકારની ગુપ્તચર એજન્સીને આસુદગાંવ, પનવેલમાં જમીન મળશેઃ** કેબિનેટે રાયગડ જિલ્લાના પનવેલ તાલુકાના આસુદગાંવ ખાતે ચાર હેક્ટર સરકારી ચરાઈની જમીન કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળની સબસિડિયરી ઇન્ટેલિજન્સ બ્યુરોને ફાળવવાની મંજૂરી આપી હતી. આ જમીન ઓક્યુપન્ટ ક્લાસ-૨ હેઠળ રેડી રેકનર દરના ૫૦ ટકાના દરે કબજાના અધિકારો સાથે ફાળવવામાં આવશે. તેનો ઉપયોગ એજન્સીના મુંબઈ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ માટે નિવાસી ક્વાર્ટર બનાવવા માટે કરવામાં આવશે. આ ફાળવણી ચોક્કસ નિયમો અને શરતોને આધીન છે.

**ખેડૂતોને મોટી રાહત, વીજદર સબસિડી યોજનાનો સમયગાળો લંબાવાયોઃ** કેબિનેટની બેઠકમાં ખેડૂતો માટે અતિ-ઉચ્ચ દબાણ, ઉચ્ચ દબાણ અને ઓછા દબાણવાળી લિફ્ટ સિંચાઈ યોજનાઓ માટે વીજદર સબસિડી યોજનાને વધુ બે વર્ષ માટે એટલે કે માર્ચ ૨૦૨૭ સુધી લંબાવવાની મંજૂરી આપવામાં આવી છે.

## દહિસર આગ

શ્વાસ લેવામાં તકલીફ થઈ હતી, તેને કારણે તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એ દરમ્યાન ૮૦ વર્ષની એક વૃદ્ધ મહિલાનું મૃત્યુ થયું હતું અને અન્ય લોકો પર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. આ દરમ્યાન બુધવારે વધુ એક મહિલાનું શતાબ્દી હૉસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. મૃતકમાં ૪૦ વર્ષની મધુ વિનોદ પટેલનો સમાવેશ થાય છે.

પાલિકાના આંકડા મુજબ રવિવારે કુલ ૫૪ લોકો જખમી થયા હતા, તેમાંથી અત્યાર સુધી બે મહિલાના મૃત્યુ થયા છે. તો હજી પણ ૨૧ લોકો પર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, તેમાંથી એકની હાલત ગંભીર છે અને ૨૦ની તબિયત સ્થિર છે. જયારે ૩૧ લોકોને સારવાર બાદ રજા આપી દેવામાં આવી છે.

દહિસરમાં એસ.વી. રોડ પર શાંતિ નગરમાં ન્યુ જનકલ્યાણ સોસાયટીમાં રવિવારે બપોરના લગભગ ત્રણ વાગ્યાની આસપાસ અચાનક આગ ફાટી નીકળી હતી. આગ ઝડપથી ગ્રાઉન્ડ ફ્લોરથી ચોથા માળ સુધી ઈલેક્ટ્રિક ડક્ટમાંથી ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક કેબલમાં ફેલાઈ ગઈ હતી. આગને કારણે ઝડપભેર ઉપરના માળા પર ધુમાડો ફેલાઈ જતા અનેક રહેવાસીઓ ઉપરના માળા પર ફસાઈ ગયા હતા. એસઆરએની આ બિલ્ડિંગમાં ફાયર ફાઈટિંગ સિસ્ટમ કામ કરતી નહોવાનું તપાસ દરમ્યાન જણાઈ આવ્યું હતું. ફાયરબ્રિગેડ વધુ તપાસ બાદ તેને નોટિસ આપશે એવું ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

## રેલવે આવક વધારવા

ફાજલ જમીનના વ્યાપારી વિકાસ માટે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરશે . આ કદાચ પહેલી વાર છે જયારે રહેણાંક સ્ટાફ ક્વાર્ટર્સને પુનર્વિકાસ અને વ્યાપારી ઉપયોગ માટે લેવામાં આવશે. જમીન પાર્સલની અનામત કિંમત, લીઝ અવધિ, ફ્લોર સ્પેસ ઇન્ડેક્સ, આવક વહેંચણી મોડેલ અને અન્ય પાસાઓ યોગ્ય સમયે નક્કી કરવામાં આવશે. પ્લોટ પર ૧૯૫૫-૫૭માં બનાવવામાં આવેલી લગભગ ૩૫-૪૦ ગ્રાઉન્ડ પ્લસ બે/ત્રણ માળની ઇમારતો છે. તેમાં કેટલાક બ્રિટિશ યુગના બંગલા પણ હતા જે થોડા વર્ષો પહેલા તોડી પાડવામાં આવ્યા હતા, એમ રેલવે સૂત્રોએ જણાવ્યું હતું. અન્ય એક વરિષ્ઠ રેલવે અધિકારીએ જણાવ્યું હતું કે પ્લોટનો એક ભાગ ગ્રાઉન્ડ પ્લસ ૨૦-૨૫ માળની ઇમારત બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવશે જેમાં રેલવે સ્ટાફ રહેશે. બીજા અધિકારીએ જણાવ્યું હતું કે,લીઝ પ્લાન નક્કી થાય તે પહેલાં રેલવે સ્ટાફને રાખવા માટે જરૂરી વિસ્તારની વિગતોની ગણતરી કરવામાં આવશે. પ્લોટનો બાકીનો ભાગ કમર્શિયલ ઉપયોગમાં લેવાશે.

## મુંબઈમાં સીએનજીના

આસપાસ ઓએનજીસીના ઉરણ પ્લાન્ટમાં ભીષણ આગ લાગી હતી. ઓનજીસીના ફાયર બ્રિગેડ સર્વિસ દ્વારા તેને બે કલાકમાં ભારે જહેમત બાદ નિયંત્રણમાં લાવવામાં આવી હતી. ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. જોકે તેને કારણે ઉરણથી મુંબઈ સપ્લાય તેના સીએનજી પુરવઠાને અસર થઈ હતી.

એમજીએલ મંગળવારે દાવો કર્યો હતો કે તેમના ડોમેસ્ટિક ગ્રાહકોને મળતા ગેસ પુરવઠાને જાળવી રાખવાના પ્રયાસ રહેશે પણ સીએનજી સ્ટેશનમાં ગેસ પુરવઠાને અસર થવાની છે.

## 'રાજકારણમાં કોઈ

જીવનમાં, ફક્ત બે જ બાબતો મને આટલી આગળ લઈ આવી છે. પહેલી વાત ધીરજ અને બીજી સકારાત્મકતા. હું તમને એક રહસ્ય કહીશ, જો તમને ક્યારેક એવું લાગે કે હું ગુસ્સે થાઉં છું, તો એનો અર્થ એ થાય છે કે હું ભૂખ્યો છું. મને ભૂખ લાગે ત્યારે જ ગુસ્સો આવે છે. જ્યારે મને કંઈક ખાવા માટે આપવામાં આવે છે ત્યારે હું શાંત થઈ જાઉં છું. નહિંતર, હું વધુ ગુસ્સે થતો નથી.

ઘણાને લાગ્યું કે હું રાખ બની રહ્યો છું, પણ હું ઊભો થયો

હું દરેક વ્યક્તિને મળું છું તેમાં કંઈક સારું જોવાનો પ્રયાસ કરું છું અને જે પણ કામ મને મળે છે તેને સકારાત્મક વલણ સાથે કરવાનો પ્રયાસ કરું છું. તમે આ એવોર્ડનું નામ 'ફિનિક્સ' રાખ્યું છે, પરંતુ હું રાખમાંથી ઉભો થયો નથી. ઘણી વાર લોકોને એવું લાગ્યું હતું કે હું રાખ બની રહ્યો છું, પણ હું ઊભો થઈ ગયો. હું આ ઉડાન કેમ લઈ શક્યો? જ્યારે પણ રાખનો સમય આવ્યો, ત્યારે મેં તેનો સકારાત્મક રીતે સામનો કર્યો હતો. હું ક્યારેય પડકારોથી ભાગ્યો નહીં. મેં પડકારોનો સામનો કર્યો અને પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો. હું લોકો સામે લડ્યો નહીં, મેં તેમને નફરત કરી નહીં અને મેં હલકું રાજકારણ કર્યું નહીં. તેથી જ હું આ મુશ્કેલ પરિસ્થિતિમાં પગલે પગલે આગળ વધતો રહ્યો, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું.

મેં ક્યારેય એવો વિચાર કર્યો નહોતો કે તેઓ રાખ બની જશે. રાજકારણમાં, કોઈ ક્યારેય રાખ બની જતું નથી અને કોઈનો ક્યારેય અંત આવતો નથી. કોઈના મનમાં પણ એવું નહોતું કે દેવેન્દ્ર ફડણવીસ સાથે આવું કશું થશે. દરેક વ્યક્તિ પોતાની મહેનત અને વિચારસરણીથી પ્રયાસ કરી રહ્યો છે. 'જો કોઈ વ્યક્તિ કોઈને ખતમ કરવાની વાત કરી રહ્યું હોય, તો તે યોગ્ય નથી. દેવેન્દ્ર ફડણવીસ વિશે આવું ક્યારેય કોઈના મનમાં આવ્યું નથી. ઓછામાં ઓછું મને તો એવું ક્યારેય લાગ્યું નથી,' એમ સુપ્રિયા સુળેએ કહ્યું હતું.

## ખેડૂતોના ખાતામાં

એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, કૃષિ પ્રધાન દત્તાત્રય ભરણે, કેબિનેટ સભ્યો અને મુખ્ય સચિવ રાજેશ કુમાર અને ઘણા મહાનુભાવો હાજર રહ્યા હતા.

### કૃષિ પ્રધાને શું કહ્યું?

કૃષિ પ્રધાન દત્તાત્રય ભરણેએ જણાવ્યું હતું કે, 'આ યોજના ખેડૂતોની આવકમાં વધારો કરી રહી છે, તેમને ઉત્પાદન ખર્ચ પૂર્ણ કરવામાં મદદ કરી રહી છે અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવી રહી છે. સાતમા હપ્તાના વિતરણ સાથે લાભાર્થીઓની સંખ્યામાં વધુ વધારો થશે.'

## પહેલી ઑક્ટોબરથી

જણાવ્યું હતું કે અમારો ઉદ્દેશ્ય સૌથી પહેલા ૫૭૪ રસ્તાના કામ પૂરા કરવાનો રહેશે. આ ૫૭૪ રસ્તામાંથી ઘણા રસ્તા દક્ષિણ મુંબઈમાં આવે છે, જયાં કૉન્ટ્રેક્ટર સંબંધિત સમસ્યાને કારણે મુંબઈના અન્ય વિસ્તારના રસ્તાના કૉંક્રીટીકરણના કામ કરતા ધીમી ગતિએ કામ ચાલી રહ્યું છે. રસ્તાઓ ખોદવાને કારણે નાગરિકોને અસુવિધા થાય નહીં તે માટે એક જ વિસ્તારમાં અનેક રસ્તાના કામ એકી સાથે હાથ ધરવામાં આવશે નહીં. ગયા વર્ષે બાન્દ્રા (પશ્ચિમ)માં એક જ સમયે અનેક રસ્તાઓના કૉંક્રીટાઈઝેશનના કામ હાથ ધરવામાં આવ્યા હતા જેને કારણે નાગરિકોને ભારે હેરાનગતીનો સામનો કરવો પડયો હતો.

પાલિકાના મેગા સિમેન્ટ કૉંક્રીટાઈઝેશના પ્રોજેક્ટમાં કુલ ૨,૧૨૧ રસ્તાના કામ કરવામાં આવવાના છે, જોકે હવે લગભગ ૨૫ રસ્તા કે જેનું કૉંક્રીટાઈઝેશન કરવાનો પ્રસ્તાવ હતો, તેને હવે રદ કરવામાં આવ્યો છે. આ બાબતે અભિજિત બાંગરે જણાવ્યું હતું કે અમુક રસ્તા પર બાંધકામ હોવાને કારણે પૂરતા પ્રમાણમાં તેની પહોળાઈ ન હોવાને કારણે તેનું કૉંક્રીટાઈઝેશન કરવું શક્ય ન હોવાથી હવે તેને ડામરનો જ રહેવા દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમુક જગ્યાએ સ્થાનિક નાગરિકોએ કૉંક્રીટાઈઝેશન સામે વિરોધ રતા તે રસ્તાઓના કૉંક્રીટાઈઝેશન માટે પુનર્વિચાર કરવાનો નિર્ણય લીધો હતો.

### રસ્તાની માહિતી માટે ડેશબોર્ડ

લાંબા સમયથી નાગરિકો દ્વારા કરવામાં આવતી માગણીને ધ્યાનમાં રાખીને પાલિકાએ મંગળવારે રીઅલ-ટાઈમ રોડ કૉંક્રીટાઈઝેશન ડેશબોર્ડ શરૂ કર્યું હતું, જેનાથી નાગરિકો તેમના વિસ્તારોમાં રસ્તાના કામની પ્રગતિ સરળતાથી ટ્રેક કરી શકશે. ફક્ત એક ક્લાકથી યુઝર હવે ઝોન મુજબ અને વોર્ડમાં ચાલી રહેલા રસ્તાના કામની માહિતી મેળવી શકશે, જેમાં પૂરા થયેલા રસ્તાના કામ, પ્રગતીએ રહેલા કામ અને બાકી રહેલા પ્રોજેક્ટની માહિતી મેળવી શકાશે. ડેશબોર્ડ દરેક ચોક્કસ રસ્તા માટે જવાબદાર એન્જિનિયર અને કૉન્ટ્રેક્ટરોના નામ વિગતવાર પ્રોજેક્ટ અને તેની ડેડલાઈન સાથે પ્રદર્શિત કરશે. https://www.mcgm.gov.in/irj/portal/anonymous પર ક્લીક કરીને નાગરિકો રસ્તાની વિગત મેળવી શકશે.

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

અ. સૌ. શારદાબેન પોપટ (ઉં. વ. ૭૭) ગામ મોટી ભાડઇ, હાલે મુલુંડ તે જીતેન્દ્ર (નરેન્દ્ર) ઓધવજી પોપટના ધર્મપત્ની. તે બચ્ચુંબાઈ ઓધવજી પોપટના પુત્રવધૂ. ધ્રુવના માતુશ્રી. પ્રાતપસિંહ (શંકરભાઈ)ના નાના ભાઈના ધર્મપત્ની. પુષ્પાબેન કરસનદાસ પંડિતપુત્રા, વિજયાબેન પંઢરી તાયડેના ભાભી. સાકારબાઈ નારાયણજી દક્ષિણીના પુત્રી ૯-૯-૨૫ના રામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૦-૯-૨૫ના ૫ થી ૬.૩૦. શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, પાવાની હોલ, આર.આર.ટી. રોડ, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠિયા વણિક**

ગીગણીવાળા હાલ વિરાર, ચુનીલાલ પ્રેમચંદ શાહ (ઉં.વ. ૯૧) તે સ્વ દમયંતીબેનના પતિ. સ્વ. રમેશ, જીજ્ઞા પ્રફુલ અને સેજલ રાજેશના પિતાશ્રી. દિનેશ અને અશોકના કાકા. સ્વ. હરખચંદ પ્રેમચંદ, સ્વ. ચંપાબેન ભગવાનજી, સ્વ. કાંતાબેન વલ્લભદાસ, સ્વ. લીલીબેન છોટાલાલના ભાઈ, જામખંભાળિયાવાળા રતનસિંહ વાલજીના જમાઈ. મિત, નમન અંકિતા, રાધિકાના દાદા તા. ૮ મી સપ્ટેમ્બર,૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી. મૈત્રી કુંજ એપાર્ટમેંટ, વિમલનાથ દેરાસરની બાજુમાં, એમ બી એસ્ટેટ, વિરાર વેસ્ટ.

**નાગર**

મુંબઈ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. જીતેન્દ્રભાઈ ભાનુપ્રસાદ દેસાઈના ધર્મપત્ની જયાબેન (ઉં. વ. ૮૩) તે ભાવના સુનીલ બને, સ્વ. દર્શન, નિમિષ અને ચિંતનના માતુશ્રી. લીનાના સાસુજી, રક્ષાબેન રાજેન શાહના ભાભી. સ્વ. સાકરબેન રામજી લક્ષ્મીપ્રસાદ સોમૈયાના પુત્રી. સ્વ. વલ્લભદાસ ભરત, સ્વ. કમળાબેન રતનશી, અરૂણા જમનાદાસ, મૃદુલા રમેશના બેન ૬-૯-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે.

**કચ્છી લોહાણા**

રજનીકાંત દયાલજી ઠક્કર (ધીરાવાણી) તા. ૮-૯-૨૫ના માટુંગા મુકામે શ્રીજીચરણ થયેલ છે. તે સ્વ. જેમભાઈ દયાલજી ઠક્કર (ધીરાવાણી) ગામ કચ્છ કોઠારાના પુત્ર. સ્વ. નારાયણદાસ, સ્વ. ચત્રભુજ, સ્વ. રામચંદ્ર, સ્વ. લક્ષ્મીદાસના ભાઈ. સ્વ. લક્ષ્મીબેન વિઠ્ઠલદાસ ગંધા, પુષ્પા કમલેશ બડિયાના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુરતી દશા પોરવાડ**

વિજય મોદી (ઉં.વ. ૮૬) સ્વ. કાંતાબેન અને સ્વ. રમણીકલાલના પુત્ર. ઈલાના પતિ. હેમલ, મેહુલ, મીતાના પિતા. આશ્રય, આરિયા, જિયાના દાદા તા. ૪-૯-૨૫ના અંધેરી ખાતે અવસાન થયું. લૌકિક વહેવાર બંધ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ ગામ અગતરાઈ હાલ માલાડ અ. સૌ. હેમાલી જોગી (ઉં.વ. ૪૧) તે સ્વ. ચંદ્રિકા જયંતીલાલ કેશવલાલ જોગીના અનુજ પુત્ર. ભાવિનના ધર્મપત્ની તા. ૮-૯-૨૫ ને સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે શુભમ, મિતના માતુશ્રી. સ્વ. હસમુખભાઈ ફુલચંદ પડીયા (જેતપુર)ની દીકરી. ખુશ્બુના દેરાણી. રવિ જયંતીલાલ જોગીના અનુજભાઈની પત્ની. પ્રાર્થનાસભા તા. ૧૧-૯-૨૫ ને ગુરુવારે ૪ થી ૬. સ્થળઃ સરાફ માતૃ મંદિર, પોદ્દાર રોડ, ગોળ ગાર્ડનની બાજુમાં, મલાડ ઈસ્ટ.

**જામનગર સહસ્ર ઔદીચ્ય બ્રાહ્મણ**

મૂળ જામનગર, હાલ સાંતાક્રુઝ, યજ્ઞપ્રસાદ આચાર્ય (ઉં. વ. ૮૦) તે સ્વ. અમૃતલાલ અને સ્વ. વિજયા આચાર્યના સુપુત્ર સ્વ. રમાકાંત, સ્વ. બેબીબેન, સ્વ. બકુલા ભરત ઉપાધ્યાય, અ. સૌ. હંસા અનિલ દવે, મધુસૂદન, ઈશ્વરભાઈ, વિજયભાઈના ભાઈ. મૂળ માંગરોળના સ્વ. વ્રજલાલ શાહના જમાઈ. માલવિકાના પતિ. નિશ્ચલ અને હેરતના પિતાશ્રી. અ. સૌ. શિવાલીના સસરા તા. ૫-૦૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

માંગરોળ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. વિજયાબેન ચુનીલાલ ગાદોયા (શાહ) ના પુત્રવધૂ અ.સૌ. દિવ્યાબેન (લીલાબેન) જયંતભાઈ શાહ (ઉં.વ. ૭૩) ગુરુવાર, તા. ૪/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ઉર્વીબેન, શ્રુતીબેન તથા ગૌરવના માતુશ્રી, પવનકુમાર રવીન્દ્રભાઈ શાહ, સંદીપકુમાર ધીરેન્દ્રભાઈ રઘાણી, કાજલ નવીનચંદ્ર આણંદપરાના સાસુ. રમેશભાઈ જગજીવનદાસ સાંગાણી, સ્વ. રંજનબેન શશીકાંત માંડવીયાના બેન, સ્મિતા શૈલેષભાઇ, રેખા નિલેશભાઈ, છાયા મનીષભાઈના ભાભી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૧/૯/૨૫ના ૪ થી ૬. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

સિહોરવાળા હાલ ભાયંદર, દક્ષાબેન ભરતભાઈ હર્ગોવિંદદાસ જગડના પુત્ર કિરણભાઈ (ઉં. વ. ૪૬) ૦૪-૦૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે મનીષાના પતિ. યક્ષાના પિતા. કાર્તિક ભરતભાઈ જગડ, વૈશાલીબેન હિતેન જોગીના ભાઈ. ગોરધનદાસ મૂળજી પડીયાના ભાણેજ. ભૂપેન્દ્રભાઈ માણેકભાઈ દિવેચાના જમાઈ. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

સિહોરવાળા, હાલ ભાવનગર સ્વ. સુખલાલ ભગવાનદાસ મુનિના સુપુત્ર. દોલતરાયભાઈ. તે સ્વ. રસીલાબેનના પતિ. ડૉ. ધીરેન્દ્ર મુનિ, આરતી હેમંત મહેતા, ડૉ. રેખા નીરવ ભટ્ટ, હિમાંશુ, જીતેન્દ્રના પિતાશ્રી. ડૉ. પ્રીતિ, મનીષા, જાગૃતિના સસરા. સ્વ. વૃજલાલભાઈ, સ્વ. જમનાદાસભાઈ, સ્વ. શામજીભાઈ, સ્વ. શાંતિલાલભાઈ, સ્વ. લલીતાબેન, સ્વ. જયાબેનના નાનાભાઈ. જાલનાવાળા સ્વ. દોલતરાય ધરમશીભાઈ મહેતાના જમાઈ તા. ૫-૯-૨૫ શુક્રવારે ભાવનગર શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૧-૯-૨૫ ગુરુવારે ૫ થી ૭. શ્રી હાલાઈ લોહાણા બાલાશ્રમ બેન્કવેટ હોલ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ રોડ, કાંદીવલી વેસ્ટ. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**પાટણવાડ પંચાલ**

ગામ બાલીસણા નિવાસી, હાલ મીરા રોડ, સ્વ. ગોરધનભાઈ કસ્તુરલાલ પંચાલ (ઉં. વ.૭૧) તા. ૬-૯-૨૫, શનિવારના અવસાન પામેલ છે. બેસણું તા. ૧૧-૯-૨૫, ગુરુવારના ૪ થી ૬. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, સેક્ટર નં. ૧૦, શાંતિનગર, મીરા રોડ.

**રાધનપુર તીર્થ**

સ્વ. તરાબેન જયંતીલાલ પ્રભુલાલ શાહના પુત્ર રશ્મિકાંત (ઉં. વ. ૭૨) સોમવાર, ૮-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મીનાક્ષીબેનના પતિ. એકતા હર્ષલકુમાર મણિયારના પિતા. દિતી, નવ્યમના નાના. સ્વ. વસંતભાઈ, સ્વ. અવેંતીભાઈ, સ્વ. અશોકભાઈ, સ્વ. જ્યોત્સનાબેન, સ્વ. દિલીપભાઈ, સ્વ. ભરતભાઈ, આશાબેનના ભાઈ. સ્વ. સેવંતીલાલ કકલચંદ ભેમાણીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. બી-૨૦, ૩જે માળે, જય શિવમ એપાર્ટમેંટ, સુભાષ લેન, મલાડ (પૂ).

**કપોળ**

રાજુલાવાળા હાલ ભાઇંદર, સ્વ. જગમોહનદાસ વલ્લભદાસ દોશીના પુત્ર નરેન્દ્ર (ઉં. વ. ૭૨) તે ઇલાબેનના પતિ. પિયુષ, ધવલના પિતાશ્રી. નમ્રતાના સસરા. સ્વ. કિરીટભાઈ, અંતુભાઇ, સ્વ. રંજનબેન રમણીકલાલ પારેખના ભાઈ. સસુરપક્ષે નેસડાવાળા પ્રતાપરાય છગનલાલ કટકીયાના જમાઈ તા. ૦૬-૦૯-૨૫ શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૧-૦૯-૨૦૨૫ના ગુરુવારે ૪-૦૦ થી ૬-૦૦. વિનાયક મંદિર સમાજ હોલ, વિનાયક નગર, ગ્રાઉન્ડ ફ્લોર, રેલવે સ્ટેશનની પાસે, ભાઈંદર વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક સમાજ**

ઊંટવડ નિવાસી હાલ મુંબઈ, કાંતિલાલ રાયચંદ ધ્રુવ (ઉં.વ.૮૭) તે અંજનાબેનના પતિ. અ. સૌ. ભાવિશા પરાગ રઘાણી, અ. સૌ. દિપાલી રાહુલ સાંગાણી, અ. સૌ. બીના ઉમંગ માંડવીયાના પિતાશ્રી. શ્રીયા, મહેક, જનયના નાના. સ્વ. સુરેશભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. દિલીપભાઈ, સ્વ. મુક્તાબેન (નીતાબેન) નવીનચંદ્ર શાહ, સ્વ. જ્યોતિબેન હરિતકુમાર મહેતાના ભાઈ. સ્વર્ગસ્થ મથુરાદાસ રૂગનાથ જનાણીના જમાઈ, ગુરુવાર, તા. ૦૪/૦૯/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. એ -૫/૨૦૨, શંખેશ્વર નગર, માનપાડા રોડ, ક્રોમા સ્ટોરની સામે, ડોમ્બિવલી (ઇસ્ટ).

**કપોળ**

સિહોરવાળા હાલ બોરીવલી સ્વ. હીરાલાલ ભીમજીભાઈ પારેખના ધર્મપત્ની સુશીલાબેન (ઉં. વ. ૮૪) તે પંકજના માતુશ્રી. પ્રીતીના સાસુ. તે અભયના દાદી. તળાજાવાળા સ્વ. કરસનદાસ તુલસીદાસ મહેતાના પુત્રી ૭-૯-૨૫, રવિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## જૈન મરણ

ટંકારા નિવાસી હાલ મુંબઈ, સ્વ. ઈન્દુકુમાર ન્યાલચંદ દોશીના ધર્મપત્ની સરોજબેન (ઉં. વ. ૮૧) હિમાંશુ, સુધીર તથા મેઘના - કુમાર મહેતાના માતુશ્રી. તથા જ્યોતિ-વૈશાલીના સાસુ. મિલોની-દર્શન, પ્રિયંકા-દિક્ષિત, દ્રીષ્ટિ-જયમિત, કાજોલ-યશના દાદી તથા રેવા-વિવાન-દિયાનાં નાની. રવિવાર, તા. ૦૭-૦૯-૨૫ ના રોજ અરિહંતશરણ પામ્યા છે. એમની પ્રાર્થનાસભા તા. ૧૧-૯-૨૫ ગુરુવાર સાંજે ૪ થી ૬ વાગ્યા એસ.એન.ડી.ટી. હોલ, અમૂલખ સ્કૂલ પાસે, માટુંગા (પૂર્વ)

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ વિલેપાર્લા સ્વ. રમણિકલાલ અમૃતલાલ સંઘવીના ધર્મપત્ની જ્યોતિબેન (મંજુલાબેન) (ઉં.વ. ૮૯) તે સંજય, નીના દિનેશભાઈ શાહના માતુશ્રી. સ્વ. પ્રભાબેન પારસભાઈ શાહ અને અરવિંદભાઈના ભાભી. રોજકા નિવાસી સ્વ. કંચનબેન હિંમતલાલ શાહના દિકરી. સ્વ. મહાસુખભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, જીતુભાઈ, સ્વ. દેવીબેન વિનુભાઈ દોશીના બેન તા. ૯-૯-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ મુલુંડ, સંઘવી પ્રભાબેન દુર્લભદાસ હરીચંદના સુપુત્ર મહેશભાઈ (ઉં. વ. ૬૮) તે વર્ષાબેનના પતિ. રિદ્ધિના પિતા. ધર્મિનકુમારના સસરા. વીણાબેન નરેન્દ્રકુમાર દોશી હસમુખભાઈ તથા ભરતભાઈના ભાઈ. મધુબેનના દિયર. સસુરપક્ષે રતિલાલ દયાળજી ગાંધી મોટા ઝીંઝાવદર વાળાના જમાઈ તા. ૯/૯/૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગોધરાના નિરવ હરીયા (ઉં. વ. ૪૨) તા. ૭-૯-૨૫ના અવસાન પામેલ છે. નિરંજનાબેન કિશોરભાઇ માલશી હરીયાના સુપુત્ર. ખુશીના પતિ. વીરના પિતા. લાયજાના ફેનીલ પ્રકાશના ભાઇ. મુંબઇના અરવિંદભાઇના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુ-ત્વચા-દેહદાન કરેલ છે. નિ. નિરંજના હરીયા, ભવ્ય એપાર્ટમેન્ટ, ૬૦૩, શીવરી નાકા, શીવરી-૪૦૦૦૧૫.

રાયધણજરના જયવંતીબેન ચેતન ગાલા (ઉં. વ. ૫૧) તા. ૮-૯-૨૫ના અવસાન પામેલ છે. જવેરબેન વલ્લભજી દેવરાજ ગાલાના પુત્રવધૂ. ચેતનના પત્ની. ઉર્વશી, વૃષભના માતા. સ્વ. મણીબેન નાનજીના સુપુત્રી. જયંતીલાલ, ગં.સ્વ. જ્યોતિબેન મોહનલાલ, કસ્તુર ભુપેન્દ્ર, લીના પરાગના બહેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : ચેતન ગાલા, બ્રીઝા, એચ-૧૦૩, એંકરપાર્ક, નાલાસોપારા (ઇ.).

વડાલા હાલે ભાંડુપના હરીલાલ દામજી સોની (ઉં. વ. ૭૧) તા. ૮-૯-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ધારશી ભારમલના પૌત્ર. સ્વ. જેઠીબાઇ દામજીના સુપુત્ર. સ્વ. ધનજી, સ્વ. નાનબાઇ, સ્વ. ઝવેરબેન, વસંત, સ્વ. વલમજી, નેમજી, લક્ષ્મીચંદના ભાઇ. મોંઘીબાઇ શીવજી જેગસંગના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : નેમજીભાઇ સોની, શ્રીનાથ ધામ હા.કો.સો., સી/૨૦૧, મદ્રાસ કેફે હોટલની પાછળ, સ્ટેશન રોડ, ભાંડુપ (વેસ્ટ).

તલવાણાના સુશીલાબેન રતનશી દેવરાજ પોલડીયા (ઉં. વ. ૭૮) તા. ૮-૯-૨૫ના અવસાન પામેલ છે. ઉમરબાઇ દેવરાજ નાગશીના પુત્રવધૂ. રતનશી દેવરાજના ધર્મપત્ની. પરેશ, ચેતન, મનીષના માતુશ્રી. બિદડાના દેવકાબેન ગાંગજી ગડાના પુત્રી. લક્ષ્મીબેન (બચુડી)ના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મનીષ રતનશી, ફ્લેટ નં. ૧૫૦૬, રાજશ્રી પથ, પંતનગર, પોસ્ટ ઓફિસની સામે, ઘાટકોપર (ઇસ્ટ).

ગેલડાના લક્ષ્મીચંદ ઉમરશી કુરપાર સૈયા (ઉં. વ. ૮૪) તા. ૮-૯-૨૫ના અવસાન પામેલ છે. મણીબાઇ ઉમરશી સૈયાના પુત્ર. મીના (મણી)ના પતિ. આશીષના પપ્પા. નાનજી (મગન), પદમશી (બાબુ), હીરજી, હરખચંદ, રમેશ, શાંતાબેન (જવેર), મંજુલા (મોંઘી), બા.બ્ર. સુશીલાના ભાઇ. કુંવરબેન મેઘજી મોનજી વીરાના જમાઇ. ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : આશાષી સૈયા, ૫૦૧, નેમીનાથ એપાર્ટમેન્ટ, દફતરી રોડ, ખાંડવાલા લેન, મલાડ (ઇસ્ટ).

દેવપુરના પ્રેમજીભાઈ જીવરાજ માણેક ગાલા (ઉં. વ. ૮૬) તા. ૪-૯-૨૫ના અવસાન પામેલ છે. તેજબાઈ જીવરાજના પુત્ર. વિમલા (કસ્તુર)ના પતિ. ધીરજ, પરેશ, મનિષના પિતા. ચિમન, મહેન્દ્ર, ભવાનજી, લક્ષ્મીચંદ, સાકરચંદ, રતનબેન, બચુબેનના ભાઈ. મો. રતડીયાના ભચીબાઈ ગેલાભાઈ ગડાના જમાઈ. પ્રાર્થના : શ્રી માટુંગા કચ્છી શ્વે.મૂ.જૈન સંઘની નારાણજી શામજી મહાજનવાડી, ૧લે માળે, માટુંગા (સે.રે.), સાંજે ૪ થી ૫.૩૦.

સાડાઉના લીલાધર (બાબુભાઇ) ઉમરશી દેઢીયા (ઉં. વ. ૯૦) તા. ૮-૯-૨૫ના અરિહંત શરણ પામેલ છે. હીરબાઇ ઉમરશી પ્રેમજીના પુત્ર. સ્વ. શાંતાબેનના પતિ. કીર્તી, નીતીન, જ્યોતીના પિતા. લાલજીભાઇ, હીરજીભાઇ, આણંદજી (બચુભાઇ), ચંચળ (મંજુલા), કાંતીલાલના ભાઇ. બારોઇના પાનબાઇ/હીરબાઇ ઉમરશી તેજશીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સંઘ સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦.

દેશલપુર (કંઠી)ના માતુશ્રી લીલાવંતીબેન (લક્ષ્મીબેન) લખમશી નાગજી તેજાણી (ઉં. વ. ૮૯) તા. ૭-૯-૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. લક્ષ્મીબેન નાગજી દેવરાજના પુત્રવધૂ. સ્વ. લખમશીભાઇના ધર્મપત્ની. મોટી ખાખરના કેસરબેન કાનજી વેલજી ગંગરના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. નિ. વર્ષાબેન હરીશ શાહ, બી-૧૨, ઇશ્વરનગર, એલ.બી.એસ રોડ, ભાંડુપ (વે).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સેંજળીયા નિવાસી હાલ મલાડ, જયસુખલાલ કેશવજીના ધર્મપત્ની પ્રેમલત્તાબેન (ઉં.વ. ૭૩) તા, ૮/૯/૨૫ના અરિહંતશરણ પામેલ છે. જીગ્નેશ, પંકજ, પારુલ, ડિમ્પલ, સોનલના માતુશ્રી, ઇલા, રિધ્ધી, રમેશકુમાર, ચેતનકુમાર, કલ્પેશકુમારના સાસુ. પિયરપક્ષે બાબુલાલ દેવરાજ વોરા ભેંસવડીવાળાના દીકરી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વિસાવદર નિવાસી હાલ બોરીવલી, મગનલાલ રાયચંદ ભીમાણી (ઉં.વ. ૮૪) તા. ૭/૯/૨૫ના રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વિમળાબેનના પતિ. બીરેન તથા ફાલુ બિંદેશભાઈ ચિતલિયાના પિતા, રિના તથા બિંદેશકુમાર ચિતલિયાના સસરા. સ્વ. વૃજલાલભાઈ, સ્વ. ચંપાબેન લાખાણી, સ્વ. ગુણવંતીબેન હીરાણીના ભાઈ. લીલાવતી કાંતિલાલ માવાણીના જમાઈ. મનસ્વી, હિલોની તથા નેવિલના દાદા. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૧/૯/૨૫ને ગુરુવાર ૧૦ થી ૧૨. આંગન કલાસીક હોલ, પહેલે માળે, કેન્ટ ગાર્ડન, બી - ટીપીએસ રોડ, ફેક્ટરી લેનના જંક્શને, એમ કે સ્કૂલની બાજુમાં, બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સેંદરડા નિવાસી હાલ બોરીવલી, સ્વ. ભાઈચંદ નંદલાલ મેઘાણીના પત્ની. ધીરજબેન (ઉં.વ. ૮૪)તે નરેશભાઈ, યોગેશભાઈ, મધુબેન ભાસ્કરભાઈ ગાંધી, દીનાબેન. વિજયભાઈ શાહ, વર્ષાબેન હરેશભાઇ ફિફાદરાના માતુશ્રી. ગુણવંતરાય સ્વ. તરવેણીબેન, સ્વ. લીલાવંતીબેન, સ્વ. મંગળાબેન, સ્વ. શાંતાબેન, સ્વ. અજવાળીબેનના ભાભી. સ્વ. ચીમનભાઈ, સ્વ. જુગલભાઈ, સ્વ. કમુબેન, સ્વ. કાંતાબેનના બેન. હર્ષાબેન નરેશભાઈ તથા વૈભવી યોગેશભાઈના સાસુ. સોમવાર તા. ૮/૯/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૧/૯/૨૫ ૧૦ થી ૧૨. પાવનધામ, મહાવીર નગર, બિસિસિઆઇ ગ્રાઉન્ડની સામે, કાંદિવલી વેસ્ટ.

**સોરઠ વિશાશ્રીમાળી જૈન**

જૂનાગઢ નિવાસી હાલ બોરીવલી, ગં. સ્વ. ઇન્દુમતી પ્રાણલાલ ઓતમચંદ શાહના સુપુત્ર જીતેન. તા. ૭/૯/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે શ્વેતાના પતિ. પરમના પિતાશ્રી. નિતીન, અતુલ, મીના મીલનભાઈ સંઘવી, પ્રીતિ વિરેન કામદાર, જ્યોતિ મનીષ પટેલના ભાઈ. સ્વ. પ્રતાપભાઈ શાંતિલાલ મહેતા (કલકત્તા)ના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૧/૯/૨૫ના ૧૦ થી ૧૨. પહેલે માળે, પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**ગોડવાલ ઓસવાલ જૈન**

રાજસ્થાન બીજોવાના હાલ બોરીવલી, મુલીબાઈ થાનમલજી રાંકા (ઉં. વ. ૮૪) તા ૯/૯/૨૫ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. થાનમાલજી ચેલાજી રાંકાનાં ધર્મપત્ની. લલીત, ભરત, કલાવતી ઓગડચંદજી રાઠોડ, રમીલા, સ્વ. સુરેશજી પુનમીયા, કુસુમ ભરતજી ગુંદેચા, શર્મિલા કમલેશજી રાઠોડના માતુશ્રી. તેમની ભાવયાત્રા ૧૦/૯/૨૫ બુધવાર ૧૦ થી ૧૨. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**સ્થાનકવાસી જૈન**

માંગરોળ હાલ મુંબઈ, નલિની શેઠ (ઉં. વ. ૮૩) તે સ્વ. મહેન્દ્ર સુંદરલાલ શેઠના ધર્મપત્ની. સ્વ. ચંદ્રકળા તથા સુંદરલાલ માણેકચંદ શેઠના પુત્રવધૂ. સ્વ. તારામણી મોહનલાલ અંદેરજી શાહના સુપુત્રી. નંદિતા વિરાજ ઘાટલીયા, મનીષા સંદીપ પુનાતર તથા સ્વ. ધર્મેશના માતુશ્રી. સ્વ. કિશોરભાઈ તથા સ્વ. દેવેન્દ્રભાઈના બહેન તા. ૯/૯/૨૫ મંગળવારે અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઠવી વિરડી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ગાંધી ગોરધનદાસ લવજીના પુત્ર ભુપતરાય (ઉં. વ. ૮૫) તે ચંદ્રાબેનના પતિ. કાજાવદરવાળા હાલ બેંગલોર, હીરાચંદ ઝવેરચંદ શાહના જમાઈ ૯-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મનુભાઈ ગાંધીના ભાઈ. જીજ્ઞા, મનોજ, કવિતાના પિતાશ્રી. નિલેશ, જીજ્ઞા તથા અર્પણાના સસરાજી. ઠે. ૧૧૦૧, પેનોરમા, ધ એડ્રેસ, એલ. બી. એસ. માર્ગ, ઘાટકોપર (વે.). લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

કેતી ધન એલાવીયા તે મરહુમ ધનના ધન્યાની. તે મરહુમો શેરા અરદેશીર નાનીયાના દીકરી. તે દીનયાર, આદીલ, વીસપીના માતાજી. તે ગુલેશતાન ને અનાહીતાના સાસુ. તે સોરાબ નાનીયા, થ્રીતી રંગવાલા ને મરહુમ હોમાયના બહેન. તે બરજીસ, રુખસીન, ઝીનયાના બપઈજી. તે મરહુમો કુમી ફિરોઝ એલવીયાના વહુ (ઉં. વ. ૮૮) ઠે. એ-૫૪ મેહેરઝીન, પાંચમે માળે, વુડ હાઉસ રોડ, કોલાબા, મુંબઈ-૪૦૦૦૦૫. ઉઠમણાની ક્રિયાઃ તા. ૧૧-૯-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે કરાની અગિયારી, કોલાબા.


હીલ્લુ કેરસી જીજીકાવના તે મરહુમ કેરસી બરજોરજી જીજીકાવનાના ધણિયાણી. તે મરહુમો પીલા તથા કેખશરૂ ચીંચપાડાવાલાની દીકરી. તે મરહુમ મોટામાય તેમજ બરજોરજી જીજીકાવનાના વહુ. તે જીમી કેખશરૂ દારૂવાલા (ચીંચપાડાવાલા)ના બહેન. તે સેમીના મમ્મી. સીમાના સાસુજી. (ઉં.વ. ૮૬). રહેવાનું ઠેકાણુંઃ ડી-૧૨, આઈ. આર. ઈ. એમપ્લોઈસ કો. હા. સો., ચકાલા, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયા તા. ૧૦-૯-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની બેનેટ નં. ૬માં ડુંગરવાડી પર છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ડંખીલા ડ્રેગન પર કેટલો ભરોસો કરાય?

## રીક ટ્રોઇકા - ૨: દુશ્મન સાથે દોસ્તી કેટલી વાજબી?

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com



અમેરિકાએ ટેરિફ વોર વધુ વકરાવીને રશિયા, ભારત અને ચીનના રિક ટ્રોઇકા એટલે કે ત્રણની ત્રિપુટીના કનસેપ્ટને પુનર્જીવિત કર્યો અને આ ત્રિપુટીની આર્થિક ક્ષમતા કેટલી છે, તેમ જ સંસાધનની દૃષ્ટિએ કેવી સંપન્નતા છે તે અંગે આપણે પાછલા અંકમાં વાત કરી હતી. ભારત પર રશિયન ક્રૂડ ઓઇલની ખરીદીની પનલ્ટી પેટે ૨૫ ટકાની વધારાની ટેરિફ ફટકારીને ટ્રમ્પે વાસ્તવમાં જાતે જ પોતાનો પગ કૂહાડા પર પછાડ્યો હોવાનું ભાન કદાચ થયું હોવાથી તે ફરીથી ભારત સાથેની મિત્રતાની વાત કરવા માંડ્યા છે!

આપણે પાછલા અંકના લેખમાંથી મુખ્ય મુદ્દો થોડો દોહરાવીએ તો અમેરિકાના પ્રેસિડેન્ટની ટ્રમ્પની મૂર્ખતાપૂર્ણ વિદેશી નીતિ અને તેમાં પણ અન્ય તમામ દેશને છોડીને ભારતને લક્ષ્યાંક બનાવવાની હિણી આક્રમકતાને કારણે ભારતે, જેના તરફ જોવાનું પણ મન ના હોય એવા શત્રુ રાષ્ટ્ર ચીન તરફ નાછૂટકે નજર માંડવાનો સમય આવ્યો છે. શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (એસસીઓ) સમિટ દરમિયાન ચીન અને ભારત વચ્ચેના સંવાદ, બાહ્ય દૃષ્ટિએ એવું ચિત્ર ઊભું કરે છે કે બંને દેશ હવે મિત્રતાની દિશામાં આગળ વધી રહ્યા છે.

નોંધવું રહ્યું કે એકત્રિત ધોરણે એસસીઓ વિશ્વની વસ્તીના લગભગ ચાલીસ ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે, જેનું સંયુક્ત જીડીપી ૨૬.૮ ટ્રિલિયન ડોલર જેટલું થાય છે. આ જૂથ નોંધપાત્ર ઊર્જા ભંડાર અને વ્યૂહાત્મક સંસાધનો ધરાવે છે, જે તેને પ્રાદેશિક સહયોગ માટે એક મુખ્ય પ્લેટફોર્મ અને પશ્ચિમી નેતૃત્વ હેઠળની પહેલોના પ્રતિસંતુલન તરીકે સ્થાન આપે છે. સામૂહિક રીતે, રશિયા, ભારત અને ચીન ૫૩.૯ ટ્રિલિયન ડોલરના જીડીપીનું પ્રતિનિધિત્વ કરે છે, જે વૈશ્વિક આર્થિક ઉત્પાદનનો આશરે ૩૩ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. આ દેશોની સંયુક્ત નિકાસ પાંચ ટ્રિલિયન ડોલરથી વધુ છે અને તેમની પાસે લગભગ ૪.૭ ટ્રિલિયન ડોલરની વિદેશી હૂંડિયામણ અનામત છે.

જોકે, મિલિયન ડોલર ક્વેશ્ચન એ છે કે આપણે ચીન પર કેટલો ભરોસો કરી શકીએ? આપણાં ભૂતકાળના અનુભવ સારા નથી. પરિસ્થિતિ સપાટી પર દેખાય છે. તેના કરતાં વધુ જટિલ છે. ભારત, પોતાના હિતોની વિરુદ્ધ વારંવાર કાર્ય કરનારા ચીન સાથેના ભૂતકાળને અવગણી શકે નહીં અથવા ચીન પર સંપૂર્ણ વિશ્વાસ પણ કરી શકે નહીં! હવે ચીન પર ભારત આંધળો વિશ્વાસ કેમ ના રાખી શકે એ જોઇએ:-

એક વર્ષથી વધુ સમયથી, ભારત અને ચીન તેમના દ્વિપક્ષીય સંબંધોને સ્થિર કરવા અને સંઘર્ષનું જોખમ ઘટાડવા માટે સતત રાજદ્વારી પ્રયાસો કરી રહ્યા છે. જો કે, આ વાટાઘાટો ચાલુ હોવા છતાં, ખાસ કરીને, વણઉકેલાયેલા સરહદ વિવાદ સહિતના મૂળભૂત તફાવતો યથાવત્ છે.

વર્ષ ૨૦૨૦માં ચીની ઘૂસણખોરીની ઘટના બાદ, ઓક્ટોબર ૨૦૨૪માં, બંને દેશોએ લદાખમાં લશ્કરી ગતિરોધને ઓછો કરવા માટે આંશિક સમજૂતી કરી હતી. આમ છતાં ગલવાન અથડામણના લગભગ પાંચ વર્ષ પછી પણ ભારતે વાસ્તવિક નિયંત્રણ રેખા પર ૫૦,૦૦૦થી ૬૦,૦૦૦ સૈનિકો તહેનાત રાખવા પડે છે.

સરહદ મુદ્દો ગાઢ સંબંધોમાં એક મોટો અવરોધ છે. ભારત એ વાસ્તવિકતાને અવગણી શકે નહીં કે ચીને દાયકાઓથી અક્સાઇ ચીનમાં ૪૩,૦૦૦ ચોરસ કિલોમીટરથી વધુ ભારતીય પ્રદેશ પર કબજો કર્યો છે, ડ્રેગન લદાખ અને અરુણાચલ પ્રદેશ પર ભારતના સાર્વભૌમત્વનો વિવાદ કરે છે અને પાકિસ્તાનને રાજદ્વારી, લશ્કરી અને વ્યૂહાત્મક રીતે ટેકો આપવાનું ચાલુ રાખે છે.

ભારત-ચીન સીમા વિવાદ પર ૨૪મા રાઉન્ડની વાટાઘાટો ૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ નવી દિલ્હીમાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને ચીનના વિદેશ પ્રધાન વાંગ યીની આગેવાની હેઠળ યોજાઈ હતી. નોંધવું રહ્યું કે, ભારતની મુલાકાત બાદ, વાંગ યીએ પાકિસ્તાનનો પ્રવાસ કર્યો, જેમાં તેમણે એ વાત પર ભાર મૂક્યો કે બીજીંગ, નવી દિલ્હી સુધી પોતાનું પ્રભુત્વ ફેલાવી રહ્યું છે, છતાં તે તેના પરંપરાગત સાથી, એટલે કે પાકિસ્તાનને બાજુ પર રાખતું નથી.

૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પહલગામમાં થયેલા ઘાતક આતંકવાદી હુમલાના જવાબમાં ભારતે સાતમી મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું. આ લશ્કરી કવાયત દરમિયાન, પાકિસ્તાને ભારતીય લક્ષ્યો સામે ચીની બનાવટના શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો અને આખુ જગત જાણે છે કે પાકિસ્તાન માત્ર મ્હોરું હતું, ચીને પરોક્ષ રીતે ભારત સામે યુદ્ધ કર્યું હતું.

ઓપરેશન સિંદૂર સમયે શત્રુ પાકિસ્તાન માટે શસ્ત્રો અને તમામ સહાય પૂરી પાડનાર તૂર્કી સાથે પણ ચીન સંબંધો વિકસાવી રહ્યું છે. આ ઘટનાઓ ભારતના પ્રાદેશિક સુરક્ષા વાતાવરણની જટિલતાને રેખાંકિત કરવા સાથે ડ્રેગન સાથેના સંબંધો સાથે સંકળાયેલી ઊંડા ભૂરાજકીય ગૂંચવણો પ્રદર્શિત કરે છે.

સરવાળે ભારતીય નીતિ ઘડવૈયાઓએ ભૂરાજનીતિ અને વેપાર યુદ્ધોના વધતા જતા અસ્થિર મિશ્ર વાતાવરણ વચ્ચે પોતાના હિતોનું શ્રેષ્ઠ રીતે રક્ષણ કેવી રીતે કરવું તે કાળજીપૂર્વક ધ્યાનમાં લેવું પડશે. આ સંદર્ભે ઇતિહાસ મહત્ત્વપૂર્ણ ચેતવણીઓ આપે છે. જેમ કે, ૧૯૬૨નો સરહદ સંઘર્ષ, ૧૯૬૩ની શક્સગામ પ્રદેશ સોંપણી, ૨૦૨૦ની ગલવાન ખીણ અથડામણ અને ૨૦૨૨માં વાંગ યીને મોદી સાથે મળવાનો કરેલો ઇનકાર, આ બધા સંપૂર્ણ ચકાસણી વિના વિશ્વાસ કરવાના જોખમોને જાહેર કરે છે. ડ્રેગનની એકપક્ષીય કાર્યવાહીઓ ભારતવિરોધી જ રહી છે, જેમ કે યારલુંગ ઝાંગપો પરનો મેગા ડેમ, બ્રહ્મપુત્રમાં પાણીના પ્રવાહને જોખમમાં મૂકે છે; સંશોધનની આડમાં ચીની સર્વેક્ષણ જહાજો શ્રીલંકા અને માલદીવમાંથી ભારત પર નજર રાખે છે.

ભારત ૧૯૬૩ને ભૂલી શક્યું નથી, જ્યારે પાકિસ્તાને ગેરકાયદેસર કબજા હેઠળના ભારતીય પ્રદેશનો એક ભાગ શક્સગામ વેલી ચીનને સોંપી દીધો હતો, જે આજે પણ ચીનના નિયંત્રણ હેઠળ છે. આવા ઐતિહાસિક દાખલાઓ છેતરપિંડીથી વાતચીતને અલગ કરવી અપવાદરૂપે મુશ્કેલ બનાવે છે.

૨૦૨૪ના અંતમાં મંજૂર થયેલ અને સદીના પ્રોજેક્ટ તરીકે ઓળખાવાતો બ્રહ્મપુત્ર ડેમ વિશ્વનો સૌથી મોટો હાઇડ્રોપાવર ડેમ છે, જેનો અંદાજિત ખર્ચ ૧૬૭ અબજ યુએસ ડોલર છે. ચીનમાં ઉજવણી કરવામાં આવી રહી છે, પરંતુ ભારત તેને એક વ્યૂહાત્મક હથિયાર તરીકે જુએ છે, જે સંભવિત ઇકોલોજીકલ, ખાદ્ય સુરક્ષા અને ભૂરાજકીય જોખમો ઊભા કરી શકે છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# પાકિસ્તાન માટે આ બે હોડીની સવારી આત્મઘાતી છે



ચીનના પ્રમુખ શી ઝીનપિંગ-પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ ટ્રમ્પ સાથે

એક પિતા અને પુત્રની સ્ટોરી છે. બન્ને ગધેડો વેચવા નીકળે છે, પહેલા પિતા ગધેડા પર બેસે છે તો લોકો કહે છે કે કેવો પિતા છે, જે પુત્રને ચલાવે છે અને પોતે આરામથી ગધેડા પર બેઠો છે. આ સાંભળીને પુત્ર ડોન્કી પર બેસે છે તો લોકો ટીકા કરે છે કે કેવો પુત્ર છે...બાપા ચાલે છે અને છોકરો આરામથી ગધેડાની સવારી કરે છે. છેવટે બંને ગધેડા પર બેસે છે. લોકો ટીકા કરે છે કે આ બે નરાધમ એક મૂંગા પ્રાણી પર જુલમ કરી રહ્યા છે. અંતે પિતા - પુત્ર ગધેડાને ઊંચકે છે. એના ભારથી અંતે ગધેડાનું મરણ થાય છે. આ કથાનો બોધપાઠ એ કે તમે કદી બધાને સંતોષી શકો નહીં.

ભારત પણ આવું જ બેલેન્સિંગ એક્ટ કરી રહ્યું હતું. એક બાજુ ચીન વિરોધી જૂથ 'ક્વેડ'નું અને બીજી બાજું અમેરિકા વિરોધી 'બ્રીક્સ' જૂથનું સભ્ય હતું. જોકે ભારતે જૂની હરકતો અને વિશ્વાસઘાતને લીધે ચીનને સમીપ આવવા દીધું નહોતું, પરંતુ ટ્રમ્પના ટૅરિફ હુમલાને લીધે ભારતને હવે રશિયા અને ચીન સાથે પંગતમાં બેસવું પડ્યું છે, જેથી અમેરિકા પર દબાણ આવે..

બીજી તરફ, આપણો પડોશી દુશ્મન દેશ પાકિસ્તાન પણ આવી ખતરનાક ગેમ રમી રહ્યું છે. તે ચીનને તેનો સર્વકાળ મિત્ર ગણાવે છે અને હાલમાં તેની અમેરિકા અને ખાસ કરીને ટ્રમ્પ સાથેની નજદીકીયાં વધી છે. જોકે ચીને વિકટરી પરેડમાં કરેલા શક્તિ પ્રદર્શનને લીધે અમેરિકા સમસમી ગયું છે. ભારતે જાપાન અને અમેરિકાને નારાજ ન કરવા આમાં ભાગ લીધો નહોતો, પરંતુ પાકિસ્તાન સહિત પંદરથી વધારે દેશના વડાએ આમાં ભાગ લીધો હતો. ચીને આ પરેડ યોજીને અમેરિકાને સીધી રીતે પડકાર્યું છે. ચીનનો દાવો છે કે વિશ્વ મલ્ટિ પોલર છે.

હવે ઈરાનને લીધે અમેરિકાને પાકિસ્તાનની જરૂર પડી છે. ટ્રમ્પની ફેમિલીએ બીટકોઈન બિઝનેસ પાકિસ્તાનમાં શરૂ કર્યો હોવાથી પણ અમેરિકા અને પાકિસ્તાનની નિકટતા વધી છે. અમેરિકા ઈરાનના સુપ્રીમો ખામેનીને દૂર કરીને જૂના શાસક અને તેની કઠપૂતળી જેવા શાહને સત્તા અપાવવા માગે છે. અમેરિકાને ઈરાકની જેમ ઈરાનના તેલ ભંડર પર પોતાનો અંકુશ સ્થાપવો છે. અમેરિકાએ પાકિસ્તાન સાથે ખનીજ તેલના કૂવાની શોધખોળ માટે ડીલ કરી છે. આનાથી ઈરાન ચોંકી ઊઠયું છે... જો અમેરિકાને લીધે પાકિસ્તાન ઈરાનને નુકસાન પહોંચાડે તો ચીન નારાજ થશે, કારણ કે ઈઝરાયલ સામેના યુદ્ધમાં પણ ચીને ઈરાનને સોલિડ સપોર્ટ આપ્યો હતો અને ઈરાનને નુકસાન થાય તો ચીનનું ગલ્ફમાંનું કરોડો રૂપિયાનું રોકાણ જોખમમાં મુકાશે.

ચીનના અમેરિકાની સમીપ જવાથી અને ભારતન ચીનના નજીક આવવાથી ચીન સાવધાન બની રહ્યું છે. ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (સીપેક) પ્રોજેક્ટનો એક ભાગ રેલવે લાઈન નાખવાનો હતો. જોકે ચીને આમાં ફંડ આપવાનો હવે ઈનકાર કર્યો છે. પાકિસ્તાનનું વધતું દેવલું અને પાકિસ્તાનમાં તેના પ્રોજેક્ટ અને કમર્ચારીઓને રહેલા ખતરાને લીધે ચીન સાવધાન બની ગયું છે. પાકિસ્તાનને આ અગાઉ જ ચીનના પાવર પ્રોડ્યુસરને દોઢ અબજ ડૉલર દેવાના છે. રેલવે લાઈન પાછી બલૂચિસ્તાન જેવા બંડગ્રસ્ત પ્રદેશમાંથી પસાર થઈ રહી છે..પાકિસ્તાને હવે કરાચી-રોહરી સેકશન પૂરો કરવા એશિયન ડેવલપમેન્ટ બેન્કની બે અબજ ડૉલરની લોન માગી છે. પ્રોજેક્ટના મૂળ પ્લાન પ્રમાણે તો રેલવે લાઈન કરાચીથી ઉત્તરના પેશાવર સુધીની હતી. આ લાઈન હૈદરાબાદ, મુલતાન, લાહોર અને રાવલપિંડીને પણ જોડાનારી હતી. આ કોરિડોરમાં દરરોજની દોઢસો ટ્રેન દોડવાની હતી અને દર વર્ષે ત્રણ કરોડ ટનના કાર્ગોનું વહન કરવાનો હતો.

ચીને વન રોડ અને વન બેલ્ટનો પ્રોજેક્ટ શરૂ કર્યો ત્યારથી તેનો ડોળો બલૂચિસ્તાન પર છે. બલૂચિસ્તાનમાં છથી આઠ ટ્રિલિયન ડૉલરના ખનીજ છે. બલૂચિસ્તાન પાસે શું નથી? તેની પાસે સોના અને તાંબાની રેકોડિક ખાણ છે. પાકિસ્તાનના ૮૦ ટકા ખનીજ બલૂચિસ્તાનમાં છે. જોકે બલૂચિસ્તાનમાં આઝાદીની ચળવળ ચાલુ છે અને પાકિસ્તાનના લશ્કર અને પોલીસ પર વારંવાર હુમલા થાય છે. હવે અમેરિકાની મેલી નજર બલૂચિસ્તાન પર પડી છે. આથી જ અમેરિકાના કહેવાથી પાકિસ્તાનના રેલવે પ્રોજેક્ટને એડીબી બેન્કની સહાય મળવાની છે. આ સાથે એ પણ ધ્યાનમાં રાખવા જેવી વાત છે કે અમેરિકાએ બલૂચિસ્તાન લિબરેશન આર્મીને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે.

ચીનના ડેટ ટ્રેપ - દેવાની જાળ વિશે તો બધાને ખબર છે. ચીન પાકિસ્તાનને આમાં ફસાવીને બલૂચિસ્તાનના ખનીજો હડપ કરવા માગે છે, પરંતુ બલૂચીના હુમલા અને અમેરિકાના રસને લીધે વાત બગડી ગઈ છે. ચીનને હવે એમાં રોકાણ કરવું મુનાસીબ લાગતું નથી.

અમેરિકા ભારત પર પોતાની જોહુકમી લાવવા પણ પાકિસ્તાનનો ઉપયોગ કરે છે. એ જાણીબૂઝીને ભારત અને પાકિસ્તાનને સમાન કક્ષામાં મૂકે છે. પાકિસ્તાનને ટૅરિફમાં પણ ટ્રમ્પે રાહત આપી છે. ભારત પર ૫૦ ટકા અને પાકિસ્તાન પર ફક્ત ૧૯ ટકા ટૅરિફ લાદવામાં આવ્યો છે. ઈરાન અને ચીનને નાથવા માટે અમેરિકાને પાકિસ્તાનની જરૂર છે. પાકિસ્તાન એ ભૂલી જાય છે કે જો ચીન પાકિસ્તાન માથા પર મૂકેલો તેનો હાથ ઉઠાવી લેશે તો પાકિસ્તાનનું વિભાજન થઈ જશે. ૧૯૭૧ના યુદ્ધમાં ભારતે બતાડી આપ્યું હતું કે અમેરિકાની ગમે એટલી મદદ મળે પરંતુ ભારત યુદ્ધમાં પાકિસ્તાનને ઘૂંટણીયે લાવી દેશે. જો અમેરિકા અને ભારતના સંબંધો વધુ કથળશે અને અમેરિકા રશિયા સાથે ચીનની આર્થિક નાકાબંધી કરશે તો હાથી અને ડ્રેગન નિકટ આવશે... હાલમાં ભારત બ્રિક્સમાં સક્રિય નથી, પરંતુ અમેરિકા સાથે સંબંધો તૂટવાના કંગાર પર આવી જશે તો બ્રિક્સ ડીડોલરાઈઝેશન જોરશોરથી આગળ વધારશે. પાકિસ્તાનનું ચીનને તરછોડવું અને અમેરિકાની નજીક જવું તેને માટે આત્મઘાતક હશે. ■

## આ તો સ્કેમ છે...

## સ્કેમ છે..!



પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# બૅંકમાં ફોન-૬૦ લાખની માગણી ને કોડવર્ડ બાંગલાદેશી બાબુ

બાંગલાદેશની આઝાદી ભણી લઈ જનારું ભારત-પાકિસ્તાન યુદ્ધ ૧૯૭૧ની ત્રીજી ડિસેમ્બરથી સોળમી ડિસેમ્બર વચ્ચે થયું હતું. આ અગાઉ ૧૯૭૧ની ૨૫મી માર્ચથી પાકિસ્તાનના યાહ્યા ખાનના લશ્કરી શાસને પોતાના જ દેશના પૂર્વ પાકિસ્તાનમાં બાંગલાદેશીઓની કત્લેઆમ શરૂ કરાવી હતી. આ લડતમાં ભારતનો ટેકો, ખુલ્લો ટેકો, બાંગલાદેશની મુક્તિવાહિની સેનાને હતો એ કહેવાની જરૂર નથી. દિલ્હી તરફથી બાંગલાદેશ માટેની લડત માટે બધેબધી મદદ પૂરી પડાતી હતી એ હવે જગજાહેર વાત છે.

એવામાં ૧૯૭૧ના મે મહિનાનો એક સોમવાર દિલ્હી માટે સામાન્ય દિવસ હતો. તારીખ હતી ૨૪મી મે. નવી દિલ્હીની સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાની સંસદ માર્ગ બ્રાંચમાં ઝાઝી ચહલપહલ નહોતી. બપોરના પોણાબાર વાગ્યાના સુમારે બૅન્કના ચીફ કેશિયર વેદ પ્રકાશ મલ્હોત્રાના ટેબલ પરનો કાળો ફોન રણક્યો. સામેથી ફોન કરનારે પોતાનો પરિચય આપ્યો અને મલ્હોત્રા એકદમ આશ્ચર્યચકિત થઈ ગયા. ૨૬ વર્ષની બૅન્કની નોકરીમાં આટલા મોટા માણસનો ફોન ક્યારેય આવ્યો નહોતો.

'હલ્લો, હું પી. એન. હક્સર બોલું છું. વડાં પ્રધાન ઈન્દિરા ગાંધીનો પ્રિન્સિપાલ સેક્રેટરી. વડાં પ્રધાનને તાત્કાલિક રૂપિયા ૬૦ લાખ જોઈએ છે. બધા સો-સોની નોટમાં. બાંગલાદેશમાં એક ગુપ્ત મિશન માટે આ રકમની જરૂર છે. આ રકમ સત્વરે બૅન્ક નજીકના બાઈબલ ભવન પાસે રાહ જોતા શખ્સને પહોંચાડવાની છે.'

'ઓ. કે. હું તેમને ઓળખીશ કઈ રીતે?'

'આ રકમ આપવા માટેનો એક સિક્રેટ કોડ છે. એ વ્યક્તિ કહેશે કે હું બાંગલાદેશી બાબુ છું. તમારે જવાબ આપવાનો છેકે હું બાર એટ-લૉ છું. આનાથી એ વ્યક્તિની સચ્ચાઈ સાબિત થશે. આ રકમ આપ્યા બાદ તમે વડાં પ્રધાનના નિવાસસ્થાને આવી જાઓ, ત્યાંથી તમને આની રસીદ મળી જશે.'

'પણ સર આ બહું મુશ્કેલ કામ છે'

'એક મિનિટ, આપને વડાં પ્રધાન સાથે વાત કરાવી દઉં...'

અચાનક ફોન પર એક મહિલાનો રૂઆબદાર અવાજ સંભળાયો.

'હું વડાં પ્રધાન ઈન્દિરા ગાંધી બોલું છું. મારા સેક્રેટરીએ જણાવ્યા મુજબ બાંગલાદેશમાં મહત્ત્વના ગુપ્ત મિશન માટે તાત્કાલિક રૂા. ૬૦ લાખની જરૂર છે. રકમ તાત્કાલિક તૈયાર કરો. હું મારા માણસને મોકલું છું. હક્સરે જણાવેલા સ્થળ પર રૂપિયા આપી દેજો.'

પોતાની સાથે ખુદ વડાં પ્રધાને વાત કરી એ મલ્હોત્રા માની ન શક્યા, પરંતુ બાંગલાદેશમાં મુક્તિવાહિની સેનાને ભારત મદદ કરતું હોવાનું તેઓ જાણતા હતા. આથી મિશનની અને રકમના મહત્ત્વને તેઓ બરાબર સમજી ગયા. ચીફ કેશિયર વેદપ્રકાશ મલ્હોત્રા ઉતાવળે ટેબલ પરથી ઊભા થઈ ગયા. આમેય તેઓ કાયમ દેશ માટે કંઈક કરી છૂટવા તલપાપડ રહેતા હતા. આમાં મલ્હોત્રાને ભારતમાતા માટે કંઈક કરી છૂટવાનો મોકો દેખાયો. તેમણે જોશભેર હથેળી એકમેક સાથે ઘસી. હૃદયના ધબકારા વધવા માંડ્યા. તેમને નર્વસનેસ લાગવા માંડીને સાથોસાથ ગર્વ પણ અનુભવવા માંડ્યા.

તેઓ કેબિનની બહાર ઉતાવળે નીકળ્યા, ત્યારે ક્યારથી મુલાકાત માટે પ્રતીક્ષા કરી રહેલા મથુરાદાસને જોયા. મલ્હોત્રાએ એમના ખભા પર હાથ મૂકીને બોલ્યા. 'માફ કરજો. દેશ માટે એક અગત્યનું કામ આવી પડ્યું છે.' મથુરાદાસે સ્મિત ફરકાવ્યું અને 'વાંધો નહિ'ની લાગણી દર્શાવી.

મલ્હોત્રા સીધા પોતાના સહાયક એટલે કે ડેપ્યૂટી કમિશનર રામપ્રકાશ બત્રા પાસે ગયા! તેમણે સીધો સવાલ પૂછ્યો કે આપણી પાસે સો-સોનાં બંડલમાં કેટલી રકમ છે?



પી. એન. હક્સર



ઈન્દિરા ગાંધી

'અંદાજે ૧.૯૦ લાખ!'

'ઓહ, એકદમ ઝડપભેર રૂા. ૬૦ લાખ જમા કરો. એકદમ અર્જન્ટ પેમેન્ટ કરવાનું છે.'

મલ્હોત્રા અને બત્રાએ એ જ પળે રોકડ સંભાળવાની જવાબદારી નિભાવતા હસમુખરાય ખન્નાને બોલાવ્યા. ત્રણેય એ જ ઘડીએ બૅન્કના સ્ટ્રોન્ગ રૂમ ભણી ચાલવા માંડ્યા. દરેકે પોતપોતાની ચાવીનો ઉપયોગ કર્યો એટલે સ્ટ્રોન્ગ રૂમનો દરવાજો ખૂલ્યો. ફટાફટ ટ્રંકમાં ૧૦૦-૧૦૦ના થોકડા મૂકવા માંડ્યા. ખન્ના મૂંઝાતા હતા. છેવટે તેમણે પૂછી જ લીધું મલ્હોત્રાને કે આ રકમ શેનું પેમેન્ટ છે? મલ્હોત્રાએ ગંભીર ચહેરા સાથે એમની સામે જોયું, 'એકદમ ટૉપ સિક્રેટ છે. આપને પછીથી જણાવું છું.'

મલ્હોત્રાને હક્સરે કહેલી એક વાત બરાબર યાદ હતી. 'આ રકમ તમે પહોંચાડો એટલે તરત વાયુદળના વિમાનમાં બાંગલાદેશ મોકલવાની છે. તમારે આ કામ એકદમ અર્જન્ટ કરવાનું છે અને બહુ અનિવાર્ય છે. હમણાં કોઈ સમક્ષ એનો ઉલ્લેખ કરતાં નહિ અને તરત પહોંચી જાઓ (રકમ લઈને).'

ટ્રંકમાં રૂા. ૬૦ લાખ મુકાઈ ગયા બાદ બે ગાર્ડને બોલાવાયા. રોકડ ભરેલી ટ્રંકને બૅન્કની એમ્બેસેડર કારમાં મુકાઈ.

મલ્હોત્રા કારની ચાવી લઈને ડ્રાઈવરની સીટ પર બેસી ગયા. ગાડી સ્ટાર્ટ કરતી વખતે તેમને લાગ્યું કે પોતે દેશ માટે ખૂબ મોટું અને મહત્ત્વનું કામ કરવા જઈ રહ્યા છે.

નિયત સ્થળે પહોંચીને મલ્હોત્રાને એક શખ્સ મળ્યો. ઊંચો, લાંબો અને ગોરો માણસ. આછા લીલા રંગની હેટ પહેરેલો એ માણસ મલ્હોત્રા પાસે આવ્યો. બંને વચ્ચે કોડવર્ડની આપ-લે થઈ. એ સાંકેતિક શબ્દો બરાબર નીકળ્યા એટલે મલ્હોત્રા પાસે રકમ આપવા સિવાયનો વિકલ્પ નહોતો, પરંતુ એ માણસ તો રોકડ ભરેલી ટ્રંક લેવાને બદલે મલ્હોત્રાની એમ્બેસેડર ગાડીમાં બેસી ગયો.

તેના ઈશારે મલ્હોત્રા ગાડી ચલાવવા માંડ્યા. પંચશીલ ચોક પર તેણે ગાડી ઊભી રખાવી. 'મારે વાયુદળના વિમાનમાં જવાનું છે, પરંતુ અહીંથી હું ટૅક્સીમાં આગળ જઈશ.' મિશનની ગુપ્તતાની મલ્હોત્રાને જાણ હતી. એ શખ્સે જતાં અગાઉ મેસેજ આપ્યો કે 'આપ અહીંથી સીધા વડાં પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાને જાઓ. એકાદ વાગ્યે તેઓ આપને મળશે.'

એ શખ્સ ટૅક્સીમાં બેઠો. મલ્હોત્રાના ધ્યાનમાં આવ્યું કે ટૅક્સીનો નંબર ડી.એલ.ટી. ૧૬૨૨ હતો. ટૅક્સી ચાલવા માંડી એટલે વેદપ્રકાશ મલ્હોત્રાએ ગાડી સીધી વડાં પ્રધાનના નિવાસસ્થાન ભણી દોડાવી દીધી. જો કે તેઓ જાણતા નહોતા કે પોતે કેટલા મોટા રાજકીય કૌભાંડનો હિસ્સો બની ચૂક્યા હતા. (ક્રમશઃ)■

સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# સ્વામી વિવેકાનંદનો 'સ્વદેશ મંત્ર' આજે પણ કેટલો પ્રાસંગિક?

## અમેરિકા તરફથી ભારતને અત્યારે આર્થિક અને જાતિગત રીતે પડકાર છે ત્યારે અમેરિકાને પ્રભાવિત કરનાર સ્વામી વિવેકાનંદનો 'સ્વદેશ મંત્ર' શું છે એ આપણે જાણવો જરૂરી છે...

૧૧ સપ્ટેમ્બર બે રીતે સ્મરણમાં રખાય છે. એક તો અમેરિકા પર ભીષણ ઇસ્લામિક ત્રાસવાદી આક્રમણથી. અને બીજું, અમેરિકાની અને તેના દ્વારા વિશ્વની ચેતના પ્રસ્ફુટિત કરનારા સ્વામી વિવેકાનંદના પ્રવચનથી.

આ કોલમનું નામ 'સિક્કાની ત્રીજી બાજુ' છે એટલે આપણે એ અતિ જાણીતા પ્રવચનની વાત નથી કરવી. તેના બદલે અત્યારે વાત કરવી છે વિવેકાનંદજીના 'સ્વદેશ મંત્ર'ની, કારણ કે ભારત અનેક રીતે અત્યારે સંક્રમણકાળમાંથી પસાર થઈ રહ્યું છે.

ભારતમાં એક તરફ અમેરિકી સીમા શુલ્કના કારણે ઊભા થયેલા પડકારની ચર્ચા છે તો બીજી તરફ, અમેરિકાએ (ડોનલ્ડ ટ્રમ્પના સલાહકાર પીટર નવારોએ) તેની અનિચ્છા છતાં ભારત દ્વારા રશિયા પાસેથી કાચું તેલ ખરીદવાનું ચાલુ રખાયું તેના અંગે કહ્યું કે 'આનાથી ભારતના બ્રાહ્મણોને લાભ થાય છે' તેની ચર્ચા થાય છે.

અમેરિકા સારી પેઠે જાણે છે કે આપણા ટોચના ઉદ્યોગપતિઓમાં બ્રાહ્મણો નથી. આમ છતાં, ભારતીયોને જાતિઓમાં વહેંચી લડાવી મારવા માટે જ આ નિવેદન કર્યું છે. ત્રીજી તરફ, ભારત સાંસ્કૃતિક રીતે અને ભાષાકીય રીતે અત્યારે

અમેરિકાની નબળી નકલ બની ગયું છે તેનો પડકાર છે.

આવા સમયે સ્વામી વિવેકાનંદનો 'સ્વદેશ મંત્ર' સ્મરણ કરવો જોઈએ. 'બર્તમાન ભારત' નામના બંગાળી ભાષામાં લખેલા પુસ્તકના છેલ્લા અનુચ્છેદમાં સ્વામી વિવેકાનંદે આ સ્વદેશ મંત્ર આપ્યો છે. તે અક્ષરશઃ આ મુજબ છેઃ

*'હે ભારત !*

*માત્ર બીજાની હામાં હા મેળવીને, બીજાની નબળી નકલ કરીને, બીજા પર નિર્ભર રહીને,*

*બીજાની દાસતાસભર નબળાઈથી, આ ઘૃણિતમાં ઘૃણિત ક્રૂરતાથી શું તું માત્ર આ સાધનોથી સભ્યતા અને મહાનતાના ઉત્તુંગ શિખર પર પહોંચી શકીશ?*

*શું તું પોતાની આ લજ્જાસ્પદ કાયરતાથી એ સ્વતંત્રતાને પ્રાપ્ત કરી શકીશ, જેને લાયક માત્ર અને માત્ર વીર જ હોય છે?*

*હે ભારત ! એ ન ભૂલ કે તારું નારીત્વ (ફેમિનિઝમ)નો આદર્શ સીતા, સાવિત્રી અને દમયંતી છે.*

*ન ભૂલ કે તારા ઉપાસ્યદેવ દેવાધિદેવ સર્વસ્વ ત્યાગી, ઉમાપતિ શંકર છે.*

*ન ભૂલ કે તારા વિવાહ, તારું ધન, તારું જીવન ઈન્દ્રિયસુખ માટે નથી, તારા વ્યક્તિગત સુખ માટે નથી.*

*ન ભૂલ કે તું માતાનાં ચરણોમાં બલિ તરીકે ચડવા જ જન્મ્યો છે.*

*ન ભૂલ કે તારી સમાજ વ્યવસ્થા તે અનંત જગત્જનની મહા માયાની છાયા માત્ર છે.*

*ન ભૂલ કે નીચ, અજ્ઞાની, અભણ (એવું મનાતા), ચમાર, મેહતર આ બધા તારા જ રક્ત-માંસના (ભાગ) છે, એ બધા તારા ભાઈઓ છે.*

*ઓ વીર પુરુષ ! નિર્ભિક બન, સાહસ ભેગું કર, ગર્વ અનુભવ કે તું ભારતીય છો અને*


*ગર્વથી કહે કે 'હું ભારતીય છું, દરેક ભારતીય મારો ભાઈ છે.'*

*તું કહે કે, 'અજ્ઞાની ભારતીય, દરિદ્ર અને પીડિત ભારતીય, બ્રાહ્મણ ભારતીય, અસ્પૃશ્ય ભારતવાસી બધા મારા ભાઈ છે.'*

*એક ગાભાથી તારું તન ઢાંકી લે અને ગર્વપૂર્વક ઊંચા સ્વરે ઉદઘોષ કર, 'પ્રત્યેક ભારતવાસી મારો ભાઈ છે. ભારતીય મારા પ્રાણ છે. ભારતનાં દેવી-દેવતા મારા ઈશ્વર છે.*

*ભારતનો સમાજ મારા બાળપણનું પારણું છે, મારા યૌવનનું ઉદ્યાન છે અને મારા ઘડપણનું કાશી છે.'*

*હે મારા ભાઈ, તું કહે, 'ભારતની માટી મારું સ્વર્ગ છે. ભારતના કલ્યાણમાં જ મારું કલ્યાણ છે. અને અહોરાત્ર તું જાપ કર, હે ગૌરીનાથ ! હે જગદંબે ! મને મનુષ્યત્વ આપો. હે શક્તિમયી માતા ! મારી દુર્બળતા હરી લો. મારી કાપુરુષતાને દૂર ભગાવી દો અને મને મનુષ્ય બનાવી દો....'*



આવો આ સ્વદેશ મંત્ર દરેક ભારતીયએ અપનાવવા જેવો છે. ઊંચ-નીચની ભ્રમણામાંથી બહાર આવી (એકને બાદ કરીને) બધાં ભારતીયો મારા ભાઈ-બહેન છે. બધા ભારતીયો એક જ રક્ત-માંસના (ડીએનએના) હિસ્સા છે.

સ્વામી વિવેકાનંદ અન્યત્ર એક જગ્યાએ કહે છે કે 'બધા આદિ રીતે બ્રાહ્મણ જ હતા અને અંતે પણ બ્રહ્મત્વને પણ પામવાના છે. આથી નાત-જાતનો ભેદ મિટાવી દેવો જોઈએ...'

વાત સાચી પણ છે. આજે સંસ્કૃતિ, નગર વિકાસ કે અન્ય બાબતોમાં વિદેશની આંધળી નકલ ન કરવી જોઈએ. વિદેશમાં આ પ્રકારનું ટાઉન પ્લાનિંગ છે, અથવા વિદેશમાં આ રીતે શિક્ષણ અપાય છે અથવા વિદેશમાં આ પદ્ધતિથી ચૂંટણી લડાય છે તેથી આપણે ત્યાં પણ એવું જ હોવું જોઈએ તે વિચાર ખોટો છે. વિદેશો પર નિર્ભર ન રહેવું જોઈએ.

નારીત્વમાં પણ ભારતીય નારીઓનો આદર્શ પોપ સિંગર ટેલર સ્વિફ્ટ-લેડી ગાગા કે આલિયા ભટ્ટ અથવા દીપિકા પદુકોણ ન હોવો જોઈએ, પરંતુ પોતાના જીવન દ્વારા ઉચ્ચ આદર્શ સ્થાપનાર સીતા-સાવિત્રી અને દમયંતી જેવી મહાન આર્ય નારીઓ હોવી જોઈએ.

અત્યારે ભોગવાદી વાતાવરણ છે. દરેકમાં ભોગ શોધવામાં આવે છે. ટોક શો કરનારા સમય રૈના અને રણવીર અલાહાબાદિયા જેવાં તો માતા-પિતા વિશે ય અત્યંત ખરાબ વિચારે છે. સ્વાતિ સચદેવ જેવાં કેટલાંક સ્ટેન્ડ અપ કોમેડિયન તો પોતાની માતા વિશે પણ અત્યંત ગંદી કોમેન્ટ કરે છે. લગ્નેતર સંબંધ - છૂટાછેડા સાવ સામાન્ય બાબત બની ગઈ છે. પતિ-પત્નીને એકબીજા પર વિશ્વાસ નથી રહ્યો ત્યારે સ્વામી વિવેકાનંદની અમૂલ્ય સલાહ ખૂબ જ પ્રાસંગિક છે. એ કહે છે કે 'તારા વિવાહ, તારું ધન, તારું જીવન ઈન્દ્રિયસુખ માટે નથી, તારા વ્યક્તિગત સુખ માટે નથી....'

આજે ઘણાં સંત-મહાત્માઓ કહે છે કે સારું સંતાન જોઈતું હોય તો પતિ-પત્નીએ પણ સંયમ કેળવવો પડે. ગર્ભાવસ્થામાં સંસ્કારસિંચન કરવું પડે. ત્યારે સ્વામી વિવેકાનંદ પણ આ જ કહે છે. એ કહે છે, 'ભારતનાં દેવી-દેવતા મારા ઈશ્વર છે. ભારતનો સમાજ મારા બાળપણથી લઈને મારા મરણ સુધી સર્વસ્વ છે.'

રાજ કપૂરે 'મેરા નામ જોકર'માં આ જ ગાયું હતું, 'જીના યહાં, મરના યહાં, ઇસ કે સિવા જાના કહાં સ્વર્ગ યહી, નર્ક યહાં, ઇસ કે સિવા જાના કહાં'.

**આડ વાતઃ**

***અત્યારે ભારતમાં સંશોધન પર ભાર મુકાય છે, પરંતુ સ્વામી વિવેકાનંદે યોકોહામાથી 'શિકાગો વર્લ્ડ રિલિજિયન પાર્લામેન્ટ'માં ભાગ લેવા જતી વખતે ઉદ્યોગપતિ જમશેદજી તાતાને ભારતમાં સંશોધન અને શિક્ષણ સંસ્થા સ્થાપવા તેમ જ સ્ટીલ ફેક્ટરી નાખવા પ્રેરિત કર્યા હતા.***

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# શ્રાદ્ધપક્ષ છે મૃત્યુને નજીકથી સમજવાનો માર્ગ...



**સમય** ધારવા કરતાં કેટલો ફાસ્ટ વહી રહ્યો છે?

હજી હમણાં તો નવું વર્ષ શરૂ થયું અને સપ્ટેમ્બર મહિનો આવી ગયો. ભારતીય ઉપખંડમાં વિવિધરંગી ઉત્સવમાં પિતૃઓના આદર માટે પ્રમાણમાં ગંભીર હોવા છતાં એમના ગમતા ભોજન સાથે યાદ કરવાનો ઉત્સવ થાય છે.

આ વર્ષે શ્રાદ્ધ પક્ષ ૭ સપ્ટેમ્બર ૨૦૨૫થી શરૂ થઈને ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫એ સમાપ્ત થશે. આ ૧૫ દિવસોમાં લોકો પોતાના પૂર્વજોને યાદ કરે છે-એમને શ્રદ્ધાંજલિ આપશે અને તર્પણ કરે છે. આ શ્રાદ્ધ પક્ષ માત્ર રિવાજ નથી પણ તે મૃત્યુના રહસ્યને સમજવાની અનેરી પરંપરા છે.

આમ તો મૃત્યુ માટે ઓશો રજનીશે પાનાં ભરી ભરીને... સોરી કેસેટો ભરી ભરીને વક્તવ્ય આપ્યા છે. એમના મતે મૃત્યુ જીવનનો અનિવાર્ય ભાગ છે અને તેનાથી ડરવું એ અજ્ઞાનતાનું પરિણામ છે. ઓશો માનતા કે મેડિટેશન દ્વારા આત્મજ્ઞાન મેળવીએ તો મૃત્યુનો ડર અદૃશ્ય થઈ શકે છે. એ મૃત્યુને જીવનની ઉજવણી તરીકે જોતા હતા, કારણ કે મૃત્યુ જ આત્માની મુક્તિ છે. નિત્સે તો એવું માનતા કે વર્તમાનને એટલો સરસ રીતે માણવો જોઈએ કે ઈશ્વર તમને વારંવાર ધરતી પર જીવન માણવા માટે મોકલવા મજબૂર રહે.

વિશ્વના મૃત્યુ અંગેના તમામ વિચારોને આપણા સિનેમાએ તેનાં ગીતો થકી ઉજવ્યા છે. આનંદ બક્ષીનું લખેલું અને કિશોરકુમારનું સદાબહાર ગીતમાં મૃત્યુને જીવનના સફરના ભાગ તરીકે બતાવે છે, જિંદગી કે સફર મેં ગુઝર જાતે હૈં જો મુકામ, વો ફિર નહીં આતે આ ગીત મૃત્યુ પછીની ખોટ અને યાદો વિશે છે. સોનુ નિગમનું ગીત મૃત્યુના ડરને દૂર કરીને વર્તમાનમાં જીવવાનો સંદેશ આપે છે, જે સાથે દરેક ફિલોસોફર સહમત થઇ શકે છે, હર પલ યહાં જી ભર જીયો, જો હૈ સમાં કલ હો ના હો...

આનંદ (૧૯૭૧) ફિલ્મમાં રાજેશ ખન્નાનો ડાયલોગ મૃત્યુની ઘટના માટે ઇતિહાસ બની ગયો છે :

**બાબુમોશાય, જિંદગી બડી હોની ચાહિએ, લંબી નહીં.**

આ ડાયલોગ દ્વારા અનેક પ્લેટફોર્મ પરથી અસંખ્ય વાર લોકોને મૃત્યુના ભયને દૂર કરીને જીવનને આનંદથી જીવવાનો સંદેશ આપ્યો છે. ફિલ્મમાં રાજેશ ખન્ના કેન્સરથી મરી રહ્યો છે, તેના મૃત્યુના દ્રશ્યમાં આ ડાયલોગ રેકોર્ડરમાં વગાડવામાં આવે છે, જે દર્શકોને રડાવી દે છે અને મૃત્યુના સત્ય તરફ વિચારતા કરી દે છે. આનંદનો અન્ય એક સંવાદ હતો કે 'જબ મેં હી નહીં રહા' પણ એટલો જ વેધક છે.

સરેરાશ વ્યક્તિને ધર્મ, સિનેમા, સાહિત્ય અથવા ફિલોસોફર મૃત્યુનો ડર નહીં રાખવા અંગે સમજાવે છે છતાં એના મનમાં મૃત્યુ અંગેની ડર રહેતો હોય છે. આ ડર એક હદ કરતાં વધવા લાગે અને પ્રતિક્ષણ એવા વિચાર આવતા રહે કે 'મૃત્યુ પામી રહ્યો છું...' એ ડરને મનોવિજ્ઞાનમાં 'થાનાટોફોબિયા' કહેવામાં આવે છે. આમ તો મૃત્યુનો ડર જીવનના ઘણા આનંદ ગુમાવી દે છે પણ 'થાનાટોફોબિયા' ધરાવતા લોકોની સમસ્યા ઘણી ગંભીર હોય છે. એક અભ્યાસ મુજબ વિશ્વમાં લગભગ દશ ટકા લોકો આ માનસિક બીમારીથી પીડાતા હોય છે

માનવીનું મગજ જીવનને ટકાવી રાખવા માટે વિકસિત થયું છે અને મૃત્યુ તેની વિરુદ્ધનો વિચાર છે. મૃત્યુના ડર સાથે મૃત્યુ પછી શું થશે તેની અનિશ્ચિતતા અને અજ્ઞાન વધુ ડરાવતા હોય છે. આ ડરને અવગણવા માટે માનવી વ્યસ્તતા, વ્યસન અથવા અમરત્વના અધ્યાત્મની શોધમાં લાગી જાય છે પરંતુ તે ડર જાણેઅજાણે તેના અચેતન મનમાં રહે છે.

ભારતીય પરંપરામાં રહેલા સનાતન ધર્મમાં શરીરને એક કપડાં જેવું ગણવામાં આવ્યું છે, મૃત્યુ પછી વ્યક્તિના કપડાં જેવું સ્વરૂપ એટલે કે તેના દેહને અગ્નિને સોંપવામાં આવે છે એ જ રીતે ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મમાં દફનાવવામાં આવે છે. ઘાનામાં કેટલાક સમાજોમાં મૃતક માટે એના શોખ અથવા વ્યવસાય મુજબ કોફીન બનાવવામાં આવે છે. ચીનના કેટલાક વિસ્તારોમાં મૃતકના દેહને પર્વતની ઊંચાઈ પર નીચે ખીણમાં છોડવામાં આવે છે જેથી એ જલદી સ્વર્ગ પહોંચી જાય. સાઉથ કોરિયામાં મૃતકના અસ્થિમાંથી રંગબેરંગી માળા બનાવીને ઘરમાં આભૂષણની જેમ સાચવવામાં આવે છે.

દુનિયામાં ઘણા રિવાજો ભારતીય શ્રાદ્ધને મળતા આવે છે, મૃત્યુને આનંદ અને ખુશીઓ સાથે ઉજવવામાં આવે છે. આપણી જેમ શ્રાદ્ધ મેક્સિકોમાં નવેમ્બર મહિનામાં થાય છે, જેમાં મૃતકની તસ્વીર પાસે ગમતું ભોજન અને ફૂલો વગેરે ધરાવ્યા પછી નાચગાન અને સંગીત સાથે મૃતકને ધરતી પર આમંત્રણ આપવામાં આવે છે. માડાગાસ્કરમાં મૃતકના દેહની કબરને દર સાત વર્ષે ખોદીને નવા કપડાં મુકવામાં આવે છે. જગતમાં મૃત્યુ માટે માન્યતાઓ અને તે પછી વિધિ થકી મૃતાત્માને યાદ કરવાનો રિવાજ લગભગ બધી સંસ્કૃતિઓમાં છે.

આપણે સહુને આપણા પિતૃઓ સદાય યાદ રહેવાના જ છે, કારણ કે આજે આપણે જે કંઈ છીએ તે એમના થકી છીએ એવો ભાવ વિશ્વના દરેક વ્યક્તિના અચેતન મનમાં રહેલો છે.

જ્યારે વ્યક્તિને ખબર પડે કે મૃત્યુ નજીક છે ત્યારે એના મનમાં અનેક વિચારોના તોફાન આવે છે. મારે મારી રીતે જીવવું જોઈતું હતું, અન્યની અપેક્ષાઓ પ્રમાણે નહીં આ વિચાર લગભગ દરેક મૃત્યુ સમીપ જનારના મનમાં આવતો હોય છે. આશ્ચર્યની વાત એ છે કે ઘણા લોકોના વિચારો અંતિમ સમયે પોઝિટિવ બની જાય છે અને પોતાના જીવનની સારી યાદો યાદ કરે છે, પરિવાર સાથે વધુ સમય વિતાવવા માંગે છે અને ક્યારેક મેં શાનદાર જીવી લીધું જેવી સંતોષની લાગણી અનુભવે છે.

આમ છતાં મૃત્યુને સમીપ પહોંચેલી વ્યક્તિના મનમાં ચાલતા વિચારોના આધારે આપણે ઘણું શીખવું જોઈએ.

મૃત્યુ નિકટ રહેલાઓને સૌથી વધુ અફસોસ - દુઃખ હોય છે કે મારે મારી લાગણીઓ વધુ વ્યક્ત કરવી હતી અને વધુ ખુશ રહેવા પ્રયત્ન કરવો જોઈતો હતો. સરવાળે શ્રાદ્ધ પક્ષમાં આપણે પણ પ્રતિજ્ઞા લઈએ કે શક્ય એટલા વધુ ખુશ રહીએ અને બીજાને માફ કરીને સુખ આપવાનો પ્રયત્ન કરતા રહીએ એ જ પિતૃઓને આપેલી સાચી શ્રદ્ધાંજલિ છે. ■

**ધ એન્ડ :**

***જે ઘરમાં વડીલો હયાત હોય એમણે નવી પેઢીને પોતાના પૂર્વજોની વાતો કરવી જોઈએ અને શક્ય હોય તો તે લખીને આપવી જોઈએ.***

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# કુદરતનો પ્રકોપ... સરકારી સિસ્ટમ ફ્લોપ



આ દેશમાં કુદરતી આફતો વિશે આવતા દરેક સમાચાર આ દેશના માણસના મોતની સાથે જોડાયેલા રહે છે. ભલેને પછી એ હવામાનમાં ફેરફારના સામાન્ય એવા સમાચાર જ કેમ ના હોય? લૂ વાય તો લોકો મરે, ઠંડી વધે તો લોકો મરે, પૂર આવ્યા તો થોડા લોકો ડૂબી ગયા, વાવાઝોડું આવ્યું તો આટલા લોકો મૃત્યુ પામ્યાં...આમ કુદરત સંબંધી દરેક માહિતી આ દેશમાં મૃત્યુની માહિતી સાથે જોડાયેલ હોય છે!

આટલી મોટી ભીડ, આટલી મોટી વસતિ ધરાવતા આ દેશમાં માણસ ક્યાં છે એ તો ભગવાન જ જાણે. જ્યારે કોઈ ઝાડ પડે ત્યારે ખબર પડે કે એની નીચે માણસ હતો! પૂર આવે, ભૂકંપ આવે, ત્યારે ખબર પડે કે ત્યાં માણસો જીવતા હતા! જ્યારે લાશ પાણીમાં વહીને આવે છે ત્યારે આપણને ત્યાંની માનવ વસતિની જાણકારી મળે છે.

આ એક અજીબ હકીકત છે. પૂર આવે તો એ પણ માણસોના મોત વગર વ્યર્થ કહેવાશે. વાવઝોડું માથા પરથી પસાર થઈ જશે પણ જરૂરી છે કે દરેક વાવાઝોડાની લડાઈ નાનકડાં દીવા સાથે હોય જ! જરૂરી છે કે દીવો ઓલવાય તો જ આપણને વાવાઝોડાની ખબર પડશે?

સરકારી તંત્ર આવી લડાઈઓમાં હંમેશાં તટસ્થ રહે છે. વાવાઝોડાને તો એ રોકી ન શકે, પણ દીવાને તો બચાવી જ શકેને? પણ હા, જો સરકાર ધારે તો ને?

આપણા દેશમાં રિક્ષા, કાર, ટેક્સી, બસ, ટ્રક, રેલગાડી, બોટ, એ બધા એટલા માટે હોય છે કે, કુદરતી આફત આવે ત્યારે એ બધાં સાધનો થંભી જાય.એ બધાં રાતોરાત કામ કરતાં રોકાઈને કે ખોટકાઇને કંઇ કર્યા વિના કુદરતી આફતને ચૂપચાપ લડત આપે અને પછી આફત ટળવાની નિરાંતે રાહ જુએ.

શું એ બધાં સાધનોને આફત આવે તે પહેલા કાર્યરત કરીને દેશના માણસને આવનાર મુસીબતોથી બચાવી ન શકાય? પણ આપણા દેશમાં હેલિકૉપ્ટરનું એ જ મહત્ત્વ છે કે, એના દ્વારા પૂરના તાંડવનું નિરીક્ષણ કરવામાં આવે. પાણી જ્યારે ભેગું થઈ જાય, ત્યારે એના પર નેતાઓના નકલી આંસુ વરસાવીને પાણીનું સ્તર વધારે વધારવામાં આવે! શું આપણે એ જ હેલિકૉપ્ટરોથી પૂર અથવા વાવાઝોડું આવતા પહેલા માણસને બચાવી ન શકીયે? ત્યાંથી એને ખસેડી ન શકીએ?

દરેક દેશે એ નક્કી કરવું પડે છે કે, એની ભૌગોલિક સીમામાં માણસનું મહત્ત્વ શું છે? એની કિંમત કેટલી છે? એનું જીવન દેશને માટે કેટલું મૂલ્યવાન છે? આપણે એ સ્વીકારીશું નહીં, કારણ કે એનાથી આપણી પ્રતિષ્ઠિત અને સંસ્કારી છબીને ઠેસ પહોંચે છે. જોકે, સચ્ચાઈ એ જ છે કે રોગ, પૂર, લૂ, ઠંડી, વાવાઝોડામાં માણસો ન મરે એને લઈને આ દેશની સરકાર અને સામાજિક કાર્યકરો ખાસ ચિંતા નથી કરતા. શું છે કે માત્ર જાહેરાત કરી નાખવાથી કે- 'વાવાઝોડું આવશે, ભારે વરસાદ થશે' એનાથી માણસ બચી નથી જતો. રસ્તાથી લઈ જંગલ સુધી આપણે માણસને ભગવાન ભરોસે છોડી દીધો છે. કોઈના મૃત્યુથી આપણને ક્યારેય ખોટ નથી લાગતી. આપણા દેશના મોટા-મોટા લોકો કદાચ (કોઈ 'માલ્થસ'ની થિયરી પ્રમાણે!) આ વાતને સાચી અને યોગ્ય માનતા હશે એટલા માટે આપણા દેશમાં ઉત્તરપ્રદેશ કે ઉત્તરાખંડમાં પૂરથી માણસના મોતના સમાચાર મોસમી સમાચાર કે હંમેશાંના ન્યૂઝ છે.

સરકાર એ માનીને ચાલે છે કે છોડો ને યારો, કુદરતી આફતોથી માણસોના મોત તો થશે જ. જ્યારે બધું જ તબાહ થશે એની સાથે-સાથે મોત પણ આવશે, એમાં શું?

ત્યારે અમે પબ્લિક પર થોડાં ફૂડ પેકેટ્સ કે પાણીનાં પાઉચ ઉપરથી ફેંકશું. પણ હા, જે જીવિત છે એ લોકોને બચાવવા માટે નહીં, મૃત્યુ પામેલા માણસોના શ્રાદ્ધ કરવા માટે! એ જ તો મહાન ભાવના છે અને એ જ આપણી સચ્ચાઈ છે એટલે જ તો જ્યારે આવે કુદરતનો પ્રકોપ ત્યારે સરકારી સિસ્ટમ ફ્લોપ.

નોંધ : આ લેખ મૂળ તો ૧૯૮૫ની આસપાસનો છે, પણ આજની તારીખે પણ એટલો જ વાસ્તવિક છે અને કદાચ આવતાં વર્ષોમાં ય એટલો જ યર્થાથ ઠરશે! ■

તસવીરની આરપાર
____ભાટી એન.
feedback@bombaysamachar.com

# તરણેતર મેળામાં આકર્ષણ જમાવે છે ગાયની હરીફાઈ!



**ગુજરાતનો** વિશ્વ વિખ્યાત તરણેતરનો મેળો તાજેતરમાં યોજાઈ ગયો. આ મેળો કલરફૂલ ભાતીગળ છત્રી, ગ્રામ્ય વેશભૂષા, રાસ, પાવો, શણગારેલ બળદ ગાડા, અશ્વ હરીફાઈ માટે જાણીતો છે, પણ વાંચક મિત્રોને એક વિશેષતાસભર હરીફાઈ માટેની વાતથી અવગત કરવા છે... જી હા તે છે ગુજરાત સરકારનું પશુપાલન ખાતા દ્વારા પ્રતિ વર્ષ સમગ્ર ગુજરાતમાંથી ચુનંદા તાલુકામાંથી પશુ ચિકિત્સક સર્વે કરી શ્રેષ્ઠ-ઉચ્ચ ગુણવતાવાળી ગાય અને ભેંસને આ મેળાની હરીફાઈમાં મોકલે છે. તેમાં તમામ સુવિધા સરકાર પશુપાલકને આપે છે. તેમ જ ચેમ્પિયન ઑફ ધ શો આવનાર ગાય ને એક લાખનું ઇનામ આપવામાં આવે છે. દરેક કેટેગરી પ્રમાણે પ્રથમ આવનાર પશુને ઇનામ ૫૦૦૦૦ હજાર, દ્વિતીય ઇનામ ૪૦૦૦૦ હજાર તેમ જ દરેક પશુને ૪૦૦૦ હજાર આપવામાં આવે છે. આ મેળામાં જાફરાબાદી ભેંસ, બન્ની ભેંસ, ગીર ગાય, કાંકરેજ ગાય આવે છે અને તજજ્ઞ દ્વારા ઉચ્ચ ગુણવતાવાળી ગાયને ચેમ્પિયન ઑફ ધ શો જાહેર કરે છે, જેમાં આ વખતે કચ્છ જિલ્લા ભુજનું ઢોરી ગામનાં વાળોતરા પ્રવીણભાઈ ભગુભાઈની 'મલિર' ગાયને જાહેર કરેલ. તે શ્વેત છે અને બ્લેક શીંગડામાં સુંદર લાગે છે. તો આજે આ સાથે ગાય વિશે વિસ્તૃત માહિતી આપીશ.

ગાય એ ભારતમાં ઠેર ઠેર જોવા મળતું એક ચોપગું, શીંગડાવાળું, પાલતુ સસ્તન વર્ગમાં આવતું પ્રાણી છે. આ પ્રાણીની માદા જાતિને ગાય કહે છે. જ્યારે નર જાતિમાં લગામ વાળા નરને બળદ અને લગામ વગરનાં નરને આખલો કહે છે. ગાયનો ઉછેર તેના દૂધ માટે, જ્યારે કે બળદનો ઉછેર ખેતીવાડીમાં મજૂરી માટે થાય છે. ગાયનું પાલન ભારતમાં સિંધુ ખીણની સંસ્કૃતિના સમયથી થતું આવ્યું છે. કારણકે તેની દરેક ઊપજથી કંઇના કંઈ મળે જ છે. ગાયને ભારતમાં માતાનો દરજ્જો અપાયો છે.

ગીરઃ ગાય ભારતની એક પ્રસિદ્ધ દુધાળાં પશુની ઓલાદ છે. તે ગુજરાત રાજ્યમાં આવેલા ગીરના જંગલ પ્રદેશ અને મહારાષ્ટ્ર અને રાજસ્થાન રાજ્યના આસપાસના જિલ્લાઓમાં જોવા મળે છે. આ ગાય સારી દૂધ ઉત્પાદકતા માટે જાણીતી છે. આ ગાયના શરીરનો રંગ સફેદ, ઘેરો લાલ અથવા ચોકલેટી ભુરા રંગના ધબ્બા સાથે અથવા ક્યારેક ચમકીલા લાલ રંગમાં જોવા મળે છે. કાન લાંબા હોય છે અને લટકતા રહે છે. તેની સૌથી અનન્ય વિશેષતા છે તેનો બાહ્ય કપાળ પ્રદેશ, જે તેને મજબૂત સૂર્યપ્રકાશ સામેનું કવચ પૂરું પાડે છે. તે મધ્યમથી મોટા કદમાં જોવા મળે છે. માદા ગીર ગાયનું સરેરાશ વજન ૩૮૫ કિલો અને ઊંચાઈ ૧૩૦ સેમી હોય છે, જ્યારે નર ગીર ગાયમાં સરેરાશ વજન ૫૪૫ કિલો અને ઊંચાઇ ૧૩૫ સેમી હોય છે. તેના શરીરની ત્વચા ખૂબ જ ઢીલી અને લચીલી હોય છે. શીંગડાં પાછળ તરફ વાંકા વળેલા હોય છે. આ ગાય તેની સારી રોગ પ્રતિકારક ક્ષમતા માટે પણ પ્રસિદ્ધ છે. આ દુધાળું પશુ વિવિધ આબોહવા અને ગરમ સ્થાનો પર પણ સરળતાથી રહી શકે છે. ગુજરાત રાજયમાં સૌરાષ્ટ્ર(કાઠિયાવાડ) દ્વીપકલ્પમાં દક્ષિણ બાજુએ આવેલું ગીરનું જંગલ અને તેની આજુબાજુનો ખડકાળ વિસ્તાર આ ઓલાદનું મૂળ વતન છે. પણ આ જાનવરો તેના શુદ્ધ સ્વરૂપમાં સમગ્ર સૌરાષ્ટ્રમાં અને ખાસ કરીને જામનગર, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર અને અમરેલી જિલ્લાઓમાં જોવા મળે છે.


કાંકરેજીઃ ઓલાદનાં જાનવરો કદમાં મોટાં અને વજનમાં ભારે હોય છે. આ ઓલાદનાં ઢોરનો રંગ સફેદ દૂધ જેવો કે સફેદ રાખોડીયો મુંજડો હોય છે.

તાજાં જન્મેલ વાછરડાંની મથરાવટી લાલ હોય છે. આ રંગ મોટે ભાગે ચારથી છ માસની વય સુધીમાં જતો રહે છે. નર જાનવરોનો નાની વયનો સફેદ, મુંજડો રંગ પુખ્ત વયે બદલાઈ ઘેરો કાળો થઈ જાય છે. આ ઓલાદનાં ઢોરનું કપાળ એક વિશિષ્ટ પ્રકારનું પહોળું અને વચ્ચે રકાબી જેવું છીછરૂ કે અર્ધગોળ હોય છે. આ ઢોરનાં શીંગડાં મોટાં, મજબૂત અને બીજ ચંદ્રાકાર કે કુંડળ જેવાં ગોળ હોય છે. શીંગડાના મૂળમાં ચામડી ઊંચે સુધી જોવામાં આવે છે.

કાન મોટા, ખુલ્લા અને ઝુલતા હોય છે. શરીરનું કાઠું ભારે, પગ લાંબા, મજબૂત અને સૂંદર નાક છે. ખરીઓ નાની ગોળ અને મધ્યમ કઠિન છે. ■

## પ્રકરણ-૨

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...




યોગેશ સી પટેલ

'ભારત હમ કો જાન સે પ્યારા હૈ...'

સોફા પર પગ લંબાવીને આરામથી બેસી ગોહિલ સામેની દીવાલ પર લાગેલા ટીવી પર ક્રિકેટ મૅચનો આનંદ લઈ રહ્યો હતો. ટીવી નીચેના ટેબલ પર મોબાઈલ ફોનની રિંગ વાગી રહી હતી, પણ સોફા પરથી ઊઠવામાંય જાણે તેને કષ્ટ પડતો હતો. સોફા પર પડ્યા પડ્યા તેણે પત્નીને બૂમ પાડી.

'તૂતી ડાર્લિંગ, જરા ફોન આપ...' ગોહિલ પ્રેમથી પત્ની તૃપ્તિને તૂતી (મેના) કહીને બોલાવતો.

'ઊઠવાનું જોર પડે એટલે ડાર્લિંગ યાદ આવે!' તૃપ્તિએ મોબાઈલ ગોહિલને આપતાં નયન નચાવ્યાં: '...અને મારા જન્મદિને ફરવા લઈ જવાની વાત કરી તો ડાર્લિંગ કડવી લાગી!'

'તું તો હંમેશાં સ્વીટ જ રહેવાની મારી સ્વીટી...' ગોહિલે વહાલ વ્યક્ત કરવાનું ચાલુ રાખ્યું.

ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલની બદલી ત્રણ મહિના પહેલાં જ સાતારાથી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાં થઈ હતી. અંધેરી યુનિટના ઇન્ચાર્જ બન્યા પછી બે-ત્રણ નાના કેસ સિવાય કોઈ મોટા કેસની જવાબદારી તેના માથે આવી નહોતી એટલે કામનું ટેન્શન ઓછું હતું. વળી, રવિવારની રજા હોવાથી બપોરે જમ્યા પછી તેણે આરામ કરવાનું વિચાર્યું હતું. સપ્તાહ પછી તૃપ્તિનો જન્મદિન હતો અને તે ઇચ્છતી હતી કે ગોહિલ તેને મુંબઈ બહાર ફરવા લઈ જાય.

મોબાઈલ હાથમાં લેતાં સ્ક્રીન પર આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર (એપીઆઈ) પ્રણય શિંદેનું નામ નજરે પડ્યું. કસરત કરીને બાવડાં ફુલાવનારો કદાવર શિંદે પડછંદ દેખાતો. ગુનાની કબૂલાત માટે આરોપીનાં હાડકાં તોડવામાં તે કોઈ કસર બાકી ન રાખતો. નામ જેવા એકેય ગુણ તેનામાં નહોતા.

'બોલ, શિંદે... આજે કોનાં હાડકાં તોડવા નીકળ્યો?'

'સર, હમણાં જ એક મોટી ઘટના બની છે... તમને માહિતી મળી?' શિંદે ઉતાવળે બોલ્યો.

'કઈ? શું થયું?' શિંદેની બોલવાની ઢબથી ગોહિલ સોફામાં બેઠો થઈ ગયો.

'સર, આરે કૉલોનીમાં હેલિકૉપ્ટર ક્રેશ થયું છે!'

'શું? હેલિકૉપ્ટર તૂટી પડ્યું?'

'હાં... સર. કન્ટ્રોલ રૂમથી વાયરલેસ પર મેસેજ ફરી રહ્યો છે.' શિંદેએ કહ્યું: 'વાયરલેસ મશીન સંભાળતા આપણા કોન્સ્ટેબલનો મને ફોન આવ્યો હતો.'

'ઠીક છે...' ગોહિલે વિચારીને પૂછ્યું: 'આરે... આપણી હદમાં નથીને?'

'ના, પણ આસપાસનાં પોલીસ સ્ટેશનો અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓને ઘટનાસ્થળે પહોંચવાની સૂચના અપાઈ છે.'

'ઓકે. હું બાઈક પર આવું છું... તું પણ ત્યાં પહોંચ.' ગોહિલ સોફા પરથી ઊભો થયો: 'કદમને જાણ કરી દેજે.'

કૉલ કટ કરીને ગોહિલે તૃપ્તિને બૂમ પાડી એટલે તૃપ્તિ રસોડામાંથી ઉતાવળે પગલે આવી.

'મારે હમણાં જ નીકળવું પડશે.' કહીને ગોહિલ ફટાફટ જીન્સ પૅન્ટ અને શર્ટ પહેરી તૈયાર થઈ ગયો. રૉયલ એનફીલ્ડ બાઈકની ચાવી લઈ તે ઘરની બહાર નીકળ્યો.

* * *

'બ્રેકિંગ ન્યૂઝ... આરેના જંગલમાં હેલિકૉપ્ટર તૂટી પડ્યું... હમણાં જ બનેલી આ ઘટનાની રજેરજની વિગતો માટે અમારી સાથે રહો લાઈવ... થોડી મિનિટોમાં જ અમારી ટીમ પહોંચશે ઘટનાસ્થળે... હેલિકૉપ્ટર ક્રેશ સાઈટ પર તમને લઈ જશે અમારી ચૅનલ...'

હેલિકૉપ્ટર દુર્ઘટનાના સમાચાર જેટલી ઝડપથી ન્યૂઝ ચૅનલો પર ફ્લૅશ થઈ રહ્યા હતા એની બમણી ગતિથી સોશ્યલ મીડિયા પર વાયરલ થવા લાગ્યા. દાવાનળની જેમ દેશઆખામાં આ બનાવના ખબર ફેલાવા લાગ્યા. અમુક ન્યૂઝ પોર્ટલે તો સવારે થયેલા સોહમ મામતોરાના મોત અને આ ઘટનાની કડી જોડવા માંડી અને વિચિત્ર હેડલાઈન બનાવી...

'આ સુંદર-રમણીય જંગલમાં કોઈક તો અદૃશ્ય શક્તિ હોવી જોઈએ, જેને કારણે આ જંગલ વિસ્તારમાં વારંવાર એક યા બીજી દુર્ઘટનાઓ બને છે અને લોકો જીવ ગુમાવી રહ્યા છે...'

શહેરમાં આટલી મોટી ઘટના બને અને વિરોધ પક્ષ શાંત બેસે એવું બને? અધકચરી માહિતી સાથે જ વિરોધી પક્ષના નેતા ગજાનન બાપટે ચૅનલો પર બરાડા પાડીને હંગામો મચાવી દીધો હતો. સરકાર અને પોલીસના નામનાં છાજિયાં લઈને કાયદાનો ફજેતો ઊડ્યો હોવાની બુમરાણ મચાવી દીધી હતી:

'ઘટના માટે જવાબદાર કોણ? પાઈલટની બેદરકારી કે સરકારનું લાંચિયાપણું?'

'ડૉક્ટર પાઠક... હેલિકૉપ્ટર દુર્ઘટનાના સમાચાર જોયા?' ડૉ. વિશ્વાસ ભંડારી ફોન પર વાત કરતી વખતે બેબાકળા જણાતા હતા.

'હાં... મને ખબર પડી.' ડૉ. આયુષ પાઠક ઊંડા વિચાર સાથે બોલી રહ્યા હતા: 'હું પણ એ જ વિચાર કરી રહ્યો હતો.'

'મને લાગે છે, આવતી કાલનો મેડિકલ કૅમ્પ કૅન્સલ કરવો જોઈએ... વ્હૉટ ડુ યુ સે?' ડૉ. ભંડારીએ પ્રશ્ન કર્યો.

'મને પણ એ જ યોગ્ય લાગે છે. બધી મહેનત એળે જશે, પણ આવી સ્થિતિમાં કૅમ્પ કરવો મુશ્કેલ તો બનશે.' ડૉ. પાઠકે અભિપ્રાય આપ્યો.

'ઠીક છે... કૅમ્પ પોસ્ટપોન્ડ કરવાની સૂચના કૃપાને આપી દઉં છું અને એને હિલતા મકાનને ઈન્ફર્મ કરવાનું પણ કહું છું.' ડૉ. ભંડારીએ કહ્યું.

'પોસ્ટપોન્ડ એટલે... આ મહિને કૅમ્પ ગોઠવવાનો વિચાર પણ નહીં કરાય!' ડૉ. પાઠકના શબ્દોમાં ચિંતા હતી: 'દુર્ઘટનાનો મામલો શાંત પડ્યા પછી જોઈએ.'

'ઓકે' કહીને ડૉ. ભંડારીએ કૉલ કટ કર્યો.

આરે યુનિટ-પચીસમાં આદિવાસી-ગરીબો માટે મેડિકલ શિબિરનું આયોજન કરાયું હતું. તેની તૈયારી લગભગ પૂરી થઈ ગઈ હતી, પરંતુ શિબિરના એક દિવસ પહેલાં જ હેલિકૉપ્ટર તૂટી પડવાની ઘટના બનતાં શિબિર રદ કરવાની વાતચીત ડૉ. ભંડારી અને ડૉ. પાઠક વચ્ચે થઈ હતી.

ડૉક્ટર અને રહેવાસીઓ વચ્ચે સમન્વય સાધવાનું કામ ડૉ. ભંડારીની સેક્રેટરી કૃપા ગોડબોલે સંભાળતી હતી. ભંડારીની સામાજિક સંસ્થા સાથે સંકળાયેલી કૃપા આરેના રહેવાસીઓ, ગરીબોના ઉદ્ધાર માટે કાર્યરત હતી. આરેના રહેવાસીઓમાં તેની છાપ કૃપાળુ તરીકેની હતી. આ શિબિર માટે તેણે ઘણી મહેનત કરી હતી.

શિબિરના ઉદ્‌ઘાટન માટે સ્થાનિક વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકર આવવાના હતા એટલે શિબિર રદ કરવાની જાણકારી તેમના પર્સનલ આસિસ્ટન્ટ (પીએ) પ્રસન્ન ચૌધરીને આપવી જરૂરી હતી, જેને અમુક લોકો હિલતા મકાન કહેતા.

* * *

'ગુડ આફ્ટરનૂન, સર!'

> **અકાળે મૃત્યુ પામનારા લોકોના આત્મા શક્તિશાળી હોય છે... જોયું, હવામાં ઊડતા હેલિકૉપ્ટરને પણ જમીન પર ખેંચી પાડ્યું... દુરાત્માની નાગચૂડમાંથી કોઈ બચ્યું છે. આજે સવારે જ કેવા જુવાનજોધે જીવ ગુમાવ્યો...**

ઈન્સ્પેક્ટર રવિ કદમ અને એપીઆઈ પ્રણય શિંદેના વિવેકનો જવાબ આપ્યા વગર બાઈક મુખ્ય રસ્તાને કિનારે પાર્ક કરીને ગોહિલે માત્ર 'ચાલો...' કહી હેલિકૉપ્ટર તૂટ્યાના સ્થળે જવા પગ ઉપાડ્યા. કદમ અને શિંદેએ પણ ચૂપચાપ ગોહિલની પાછળ ચાલવા માંડ્યું.

ચાલતાં ચાલતાં ગોહિલે કોન્સ્ટેબલ સંજય માને તરફ જોયું. માને ક્રાઈમ બ્રાન્ચના સરકારી વાહન બોલેરો સાથે આવ્યો હતો આદત મુજબ માને તમાકુ મસળી રહ્યો હતો. ગોહિલનું ધ્યાન જતાં હાથ પીઠ પાછળ વાળી લઈ માને ટટ્ટાર થઈ ગયો. બન્નેને ત્યાં જ ઊભા રહેવાનો ઇશારો કરી ગોહિલ સાંકડા-ઊબડખાબડ રસ્તા પરથી આગળ વધ્યો.

'અકાળે મૃત્યુ પામનારા લોકોના આત્મા શક્તિશાળી હોય છે... જોયું, હવામાં ઊડતા હેલિકૉપ્ટરને પણ જમીન પર ખેંચી પાડ્યું.' પથરાળ સાંકડા રસ્તા પર ઊભેલા લોકો વચ્ચે ગણગણાટ ચાલુ હતો, જેમાંથી એકનો અવાજ ગોહિલના કાને પડ્યો. તેણે જાણીજોઈને ચાલ ધીમી કરી. દુર્ઘટનાગ્રસ્ત હેલિકૉપ્ટરને જોવા આસપાસના પાડાના લોકો એકઠા થઈ ગયા હતા અને ચિત્રવિચિત્ર ચર્ચા કરવા લાગ્યા હતા.

'...તો શુંને, દુરાત્માની નાગચૂડમાંથી કોઈ બચ્યું છે. આજે સવારે જ જોયુંને? કેવા જુવાનજોધે જીવ ગુમાવ્યો.' એક મહિલાના શબ્દો સંભળાયા. ગોહિલે થોડા આગળ ડગ માંડ્યાં એટલે ગણગણાટ સંભળાતો બંધ થયો. તેણે ચાલવાની ગતિ ફરી વધારી.

આરે યુનિટ-૧૬માં જંગલના જે ભાગમાં હેલિકૉપ્ટર તૂટી પડ્યું હતું એ મુખ્ય માર્ગ અને સાંકડી કેડીથી ઘણો અંતરિયાળ અને નિર્જન પરિસર હતો. ઊંચાં ઘટાદાર વૃક્ષો અને ઝાડીઝાંખરાંથી ઘેરાયેલા આ વિસ્તાર સુધી બાઈક નહોતી જઈ શકતી તો ફાયર બ્રિગેડનું વાહન જવાનો પ્રશ્ન જ નહોતો ઊભો થતો.

'પાઈલટે સમયસર બુદ્ધિનો ઉપયોગ કરીને યોગ્ય-નિર્જન સ્થળે હેલિકૉપ્ટર ક્રેશ કરાવ્યું છે. લોકોના જાનમાલને બચાવી પોતાનો જીવ આપ્યો.' ગોહિલે વિચાર્યું.

'આ સ્થળે બચાવકાર્ય કઈ રીતે થયું હશે?' કદમ તરફ જોઈ ગોહિલે અમસ્તા સવાલ કર્યો.

'સર, બધી સેવાઓ પહોંચે તે પહેલાં નજીકના ગામવાસીઓએ જ પરિસ્થિતિ સંભાળી લીધી હોવાનું કહેવાય છે.' કદમે માહિતી આપી.

'હેલિકૉપ્ટરમાં કેટલા લોકો હતા? કોણ હતું? એ બધી વિગતો મળી?' ડુંગરાળ માર્ગ પર ચાલતાં ગોહિલે પ્રશ્નો કરવા માંડ્યા.

'સર, મુંબઈ દર્શન કરાવનારી કંપની પાસેથી હજુ કોઈ માહિતી આવી નથી.' શિંદેએ જવાબ આપ્યો.

વાતચીત કરતાં ગોહિલ, કદમ અને શિંદે ઘટનાસ્થળે પહોંચ્યા. આરે સહિત પવઈ, સાકીનાકા અને વનરાઈ પોલીસ સ્ટેશન તેમ જ ક્રાઈમ બ્રાન્ચના દહિસર, કાંદિવલી અને સાકીનાકા યુનિટના અધિકારીઓ પણ પહોંચી ગયા હતા. ગોહિલ આરે પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડ પાસે જઈ ઊભો રહ્યો. કદમ અને શિંદે પણ તેની પાછળ દોરાયા.

ગોહિલે હેન્ડશેક કરી ગાયકવાડના ચહેરા પર નજર ટકાવી રાખી એટલે તે સમજી ગયો. ગોહિલ કંઈ પૂછે તે પહેલાં જ ગાયકવાડે બોલવા માંડ્યું.

'હેલિકૉપ્ટર સીધું જમીન પર પટકાવાને બદલે વૃક્ષો વચ્ચે અથડાતું નીચે પડ્યું હતું, જેને કારણે તેના બે ટુકડા થઈ ગયા અને માત્ર અમુક હિસ્સામાં આગ લાગી હતી. આખું હેલિકૉપ્ટર સળગ્યું નથી.' ગાયકવાડે હેલિકૉપ્ટરની દિશામાં આંગળી ચીંધી.

'તેમાં હાજર લોકોનું શું થયું?' ગોહિલે હેલિકૉપ્ટરના કાટમાળ તરફ જોતાં પૂછ્યું.

'પાઈલટ સહિત પાંચ જણ હતા, જેમાં એક મહિલા અને છોકરી પણ છે.' ગાયકવાડે વધુમાં કહ્યું: 'હેલિકૉપ્ટર ક્રેશ થતાં જ નજીકના ગામના લોકો પાણીનાં કૅન-બાલદી સાથે દોડી આવ્યા હતા. પાણી અને રેતીની મદદથી આગ ઓલવી નાખી હતી...'

ગાયકવાડ વધુ જાણકારી આપે તે પહેલાં ક્રાઈમ બ્રાન્ચના ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ (ડીસીપી) સુનીલ જોશી આવતા નજરે પડ્યા.

'અહીંની પરિસ્થિતિ શું છે?' આવતાંવેંત જોશીએ પ્રશ્ન કર્યો.

બધા અધિકારી એકબીજાના ચહેરા સામું જોઈ રહ્યા. આખરે ગાયકવાડે જ મૌન તોડ્યું: 'સર, પરિસ્થિતિ કન્ટ્રોલમાં છે. દુર્ઘટનાસ્થળની આસપાસના પરિસરમાં તપાસ ચાલુ છે.'

'ઓકે...'

'હેલિકૉપ્ટરના બે ટુકડા થયા છે અને આખું સળગ્યું નથી એટલે બ્લૅક બૉક્સ સહીસલામત છે.'

'હેલિકૉપ્ટરમાંના લોકોનો શું રિપોર્ટ છે?' ખંડાગળેએ પ્રશ્ન કર્યો.

'સર, હેલિકૉપ્ટરમાં પાંચ જણ હતા, જેમાંથી...'

'વ્હૉટ... કેટલા?' જોશીએ વાક્ય વચ્ચે જ કાપી સવાલ કર્યો.

'પાંચ જણ!'

'...પણ અત્યારે જ પવનહંસથી મારી પાસે માહિતી આવી તે અનુસાર હેલિકૉપ્ટરમાં પાઈલટ સહિત ચાર જણ હતા!'

જોશીએ વાત આગળ ધપાવી: 'પાઈલટ, ટેક્નિશિયન અને એક દંપતી.'

'...પણ હેલિકૉપ્ટર પાસેથી પાંચ જણને કૂપર હૉસ્પિટલ લઈ જવાયા... ત્રણ પુરુષ અને બે સ્ત્રી, જેમાં એક છોકરી છે!' ગાયકવાડે કહ્યું.

'છોકરી? એ ક્યાંથી આવી?' જોશીને આશ્ચર્ય થયું.

'હાં... અંદાજે સત્તર-અઢાર વર્ષની હશે!' ગાયકવાડે વાત પૂરી કરી.

'એ કઈ રીતે શક્ય છે!' જોશી સહિત બીજા અધિકારીઓ પણ વિચારમાં પડી ગયા...

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| BRACE | વાધરી |
| LACE | નિશાની |
| MACE | મજબૂત કરવું |
| PACE | ગદા |
| TRACE | ઝડપ |

### ઓળખાણ પડી?

ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં પ્રથમ ઓસ્ટ્રેલિયા અને ત્યારબાદ સાઉથ આફ્રિકા ટીમ વતી રમેલા આ ખેલાડીની ઓળખાણ પડી?



અ) બેરી રિચર્ડસન બ) કેપ્લર વેસલ્સ ક) કોલિન મેકડોનાલ્ડ ડ) ગ્રેમ પોલોક

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શ્રા | દ્ધ | ૨ પ | ૩ ક્ષ | | ૪ પિ | ૫ તૃ | ૬ ત | ર્પ | ણ |
| વ | | ૭ ગ | મા | | ૮ ચ | ણ | ક | | |
| ણ | | | ૯ યા | દ | | ૧૦ વ | મ | ન | |
| | ૧૧ મા | રી | ચ | | ૧૨ ચી | ત | રિ | | ૧૩ ધ |
| ૧૪ ખ્યા | ત | | ૧૫ ના | ૧૬ મ | નાં | | યાં | | ર |
| ૧૭ ત | બ | ક્કો | | ૧૮ ક | શું | ક | | ૧૯ વા | મ |
| ૨૦ ના | ર | | ૨૧ સ | ર | ક | | ૨૨ અ | યો | ધ્યા |
| મ | | ૨૩ સા | દા | | | ૨૪ ક | રે | | ન |
| | ૨૫ સ | ર | કા | ર | ૨૬ ધા | રો | | ૨૭ સા | |
| ૨૮ પ | ર | વ | ળ | | ૨૯ મ | ટ | કા | વ | વું |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ | ૭ |
| ૮ | | | | | | | | ૯ | |
| ૧૦ | | | ૧૧ | | | | ૧૨ | | |
| | | ૧૩ | | | | ૧૪ | | | ૧૫ |
| ૧૬ | ૧૭ | | ૧૮ | | ૧૯ | | ૨૦ | ૨૧ | |
| ૨૨ | | ૨૩ | | | ૨૪ | ૨૫ | | ૨૬ | |
| | | | | ૨૭ | | | | | |
| ૨૮ | | | | | | | ૨૯ | | ૩૦ |
| | | | | ૩૧ | | ૩૨ | | ૩૩ | |
| | | ૩૪ | | | | | | ૩૫ | |

**આડી ચાવી**

(૧) તપાસ, માહિતી ખાતર પૂછવું (૫)
(૫) છાપું, દૈનિક (૪)
(૮) સલાડમાં ખવાય (૩)
(૯) મોટી, મુખ્ય (૨)
(૧૦) ...... તો દિલ હળવું થાય (૨)
(૧૧) ગભરાયેલું (૬)
(૧૩) દાબ, રૂઆબ (૩)
(૧૪) ત્રાસેલો, કંટાળેલો (૨)
(૧૬) તમને હું માન આપું (૨)
(૧૮) દળ, છાવણી, સૈન્ય (૩)
(૨૦) પાસાં ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૨૨) આખા વંશની કથા (૪)
(૨૪) છુટ્ટી (૨)
(૨૬) ચાકડો (૨)
(૨૭) નાગલોક, છેક નીચું સ્થાન (૩)
(૨૮) ભાષાના શુદ્ધ પ્રયોગો માટેનું શાસ્ત્ર (૪)
(૩૨) દેશ ચલાવવાના નિયમો (૪)
(૩૪) ધડાકા સાથે, એકદમ (૫)
(૩૫) અંદાજ, સંભવ, આશા (૨)

**ઊભી ચાવી**

(૧) ઊંચે સાદે બોલાવવું તે (૩)
(૨) ઓટો રિક્ષા જેવું વાહન (૩)
(૩) તમને અમારી શું ..... છે? (૨)
(૪) પ્રપંચ, દગોફટકો (૫)
(૫) અશુદ્ધ, નાપાક (૪)
(૬) કાંટાવાળો છોડ (૩)
(૭) વાતવાતમાં શું ..... પડે છે? (૨)
(૧૧) વાતમાં આવતી બીજી વાત (૪)
(૧૨) કચરો, તણખલું, રજ (૩)
(૧૫) પાલન કરનાર (૩)
(૧૬) અત્યંત વ્યથિત, ખૂબ ગભરાયેલું (૬)
(૧૭) સમયનું નાનું માપ (૨)
(૧૯) નરસિંહ મહેતા ..... વગાડતા (૪)
(૨૧) એક રોગ (૩)
(૨૩) સુસજ્જ, સાવધ, તત્પર (૫)
(૨૫) પારધીએ ..... ફેલાવી (૨)
(૨૯) કૃષ્ણપ્રિયા (૨)
(૩૦) ઝીણા ચોખા (૩)
(૩૧) મારા પપ્પાના પપ્પાનો દીકરો (૨)
(૩૨) હડતાળનું એક સ્વરૂપ (૨)
(૩૩) અવાજ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'કવિની કલમ વિરક્તિના રંગે રંગાઈ છે' કહેવતમાં વિરક્તિ શબ્દનો અર્થ જણાવો.

અ) વહેમ બ) આસમાની ક) જુસ્સો ડ) વૈરાગ્ય

### ગુજરાત મોરી મોરી રે

'ભોજનમાં વાનગી ગોઠવીને મૂકવી અને ચોરને મારી શકાય એટલા ટપલાં મારવા' મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

થેપી ચોરને ભાણાં છાણાં માથે ને થેપી

### માતૃભાષાની મહેક

ભીડમાં કામ આવવું એટલે મુશ્કેલી કે તંગીને સમયે મદદ કરવી. ભીડ પડવી એટલે આર્થિક તંગી અનુભવવી, ઓછપ મહેસૂસ થવી અથવા પરાણે પૂરું થવું કે મુશ્કેલીમાં મુકાઈ જવું. એના પરથી જ માણસ આર્થિક મુશ્કેલીમાં હોય ત્યારે એનો હાથ ભીડમાં છે એમ કહેવાતું હોય છે.

### ઈર્શાદ

મોતની સાથે જીવનની અવિરામ લડતને શું કહેવું?
શ્વાસે શ્વાસે ખેલાતા આ પાણીપતને શું કહેવું?

-- શૂન્ય પાલનપુરી

### સુડોકુ-૯૦૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૪ | | | | ૮ | ૨ | |
| | | | ૩ | ૮ | ૪ | | | |
| ૬ | ૮ | | | | | | ૪ | ૩ |
| ૫ | | ૩ | ૧ | | ૨ | ૪ | | ૭ |
| | | | | | | | | |
| ૮ | | ૨ | ૪ | | ૬ | ૧ | | ૫ |
| ૭ | ૨ | | | | | | ૫ | ૮ |
| | | | ૫ | ૬ | ૮ | | | |
| | ૫ | ૮ | | | | ૯ | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૨ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ | ૬ |
| ૬ | ૭ | ૯ | ૮ | ૧ | ૫ | ૨ | ૩ | ૪ |
| ૪ | ૮ | ૩ | ૬ | ૨ | ૭ | ૯ | ૧ | ૫ |
| ૨ | ૪ | ૧ | ૫ | ૮ | ૬ | ૭ | ૯ | ૩ |
| ૩ | ૯ | ૭ | ૧ | ૪ | ૨ | ૫ | ૬ | ૮ |
| ૫ | ૬ | ૮ | ૯ | ૭ | ૩ | ૧ | ૪ | ૨ |
| ૮ | ૩ | ૬ | ૭ | ૫ | ૧ | ૪ | ૨ | ૯ |
| ૯ | ૧ | ૪ | ૨ | ૬ | ૮ | ૩ | ૫ | ૭ |
| ૭ | ૨ | ૫ | ૪ | ૩ | ૯ | ૬ | ૮ | ૧ |

### માઈન્ડ ગેમ

ભારતને સ્વતંત્રતા મળ્યા બાદ ઓલિમ્પિક રમતોત્સવમાં ખાશાબા જાધવને કઈ રમતમાં બ્રોન્ઝ મેડલ મળ્યો હતો એ જાણો છો?

અ) હોકી બ) કુસ્તી ક) બેડમિન્ટન ડ) એથ્લેટીક્સ

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| DOUR | કઠોર |
| HOUR | કલાક |
| POUR | રેડવું |
| SOUR | ખાટું |
| TOUR | પ્રવાસ |

ઓળખાણ પડી? — લારવુડ

માઈન્ડ ગેમ — બ્રેકિંગ

ગુજરાત મોરી મોરી રે — આભ ફાટે ત્યાં થીગડું ન દેવાય

ચતુર આપો જવાબ — અર્થ જણાવો — સહન

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) હરીહર ભટ્ટ - ડાલ્લાસ - યુએસએ (૯) સુભાષ મોમાયા (૧૦) નીતા દેસાઈ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) અમીશી બંગાળી (૧૫) શ્રદ્ધા આશર (૧૬) લજિતા ખોના (૧૭) મીનળ કાપડિયા (૧૮) નૂતન વિપીન શાહ (૧૯) વિપીન શાહ (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) ભાવના કર્વે (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેશ સંઘવી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વિણા સંપટ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) હિનાબેન દલાલ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) રમેશભાઈ દલાલ (૩૩) ઈનાક્ષીબેન દલાલ (૩૪) અલકા વાણી (૩૫) ડાયના સંતોકે (૩૬) પુષ્પા ખોના (૩૭) જયવંત પદમશી ચિખલ (૩૮) પ્રવીણ વોરા (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) નિતીન જયંતિલાલ બજરિયા (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) કિશોર સંઘરાજકા (૪૬) કમલ માતલિયા (૪૭) મહેશ દોશી (૪૮) અરવિંદ કામદાર (૪૯)

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## પુત્ર નાપાસ ને એમાં જ માતા પાસ




શારીરિક બળની બાબતમાં પુરુષ એકંદરે ચડિયાતો ખરો, પણ માની આંતરિક શક્તિ સામે પુરુષ જ નહીં વિશ્વની અનેક તાકાત પાણી ભરે એ દર્શાવતા અનેક ઉદાહરણ દુનિયાએ જોયા અને જાણ્યા છે.

૫૦ વર્ષની ચીની માતાની કહાણી આ વાતને પુષ્ટિ આપે છે. 'સાઉથ ચાઇના મોર્નિંગ પોસ્ટ' અખબારમાં પ્રકાશિત માહિતી અનુસાર ૧૯૯૦માં કેમેસ્ટ્રીમાં ગ્રેજ્યુએટ થયેલી યાંગ નામની મહિલાએ ૫૦ વર્ષની ઉંમરે મેળવેલી સિદ્ધિએ અનેક લોકોને અચંબામાં મૂકી પ્રેરણા સાબિત થઈ છે. ૨૦૧૩માં મહિલા ગંભીર રીતે દાઝી જતા ડાબા હાથે એ કશું જ કામ નહોતી કરી શકતી જ્યારે જમણે હાથે થોડું ઘણું કામ થઈ શકતું હતું, પણ એનું મગજ એકદમ સાબૂત હતું. શારીરિક મર્યાદા આવે ત્યારે દિમાગ વધુ મજબૂત બનતું હોય છે એ ન્યાયે નોકરી ગુમાવી અને ડિપ્રેશનમાં સરી પડવા છતાં મનોબળ મક્કમ હતું. ભણતર માટે રુચિ વધી. આ દરમિયાન પુત્ર લો સ્કૂલની એન્ટ્રન્સ એક્ઝામમાં નાપાસ થયા પછી એનાં પુસ્તકો નજીવી રકમમાં વેચી નાખવાને બદલે માતુશ્રીએ જિજ્ઞાસાથી એના પાનાં ફેરવવાનું શરૂ કર્યું અને વિષયો બહુ મુશ્કેલ ન લાગ્યા. એટલે દીકરાને નિષ્ફળતા મળી હતી એ જ પરીક્ષા માટે માએ તૈયારી શરૂ કરી અને પતિ અને પુત્રની મદદથી પરીક્ષામાં પાસ પણ થઈ ગઈ. 'મન હોય તો માળવે (આમ) જવાય!' એ કહેવતનો વધુ એક સાક્ષાત્કાર.

## ફસાતી હૈ દુનિયા ફસનેવાલા ચાહિયે



'ઝૂકતી હૈ દુનિયા ઝુકાનેવાલા ચાહિયે' ભાષા પ્રયોગમાં એક જણના સામર્થ્ય અને બીજાની નબળાઈની વાત ઉજાગર થાય છે. એકવીસમી સદીની ડિજિટલ દુનિયામાં જનતાને પટાવી ને ફસાવી એમનું બેંક બેલેન્સ શૂન્ય કરી પોતાના એકડા આગળ શૂન્યો વધારવા સ્કેમર તરીકે જાણીતી મંડળી ટાંપીને જ બેઠી હોય છે. આ લોકો એવી એવી તરકીબ અને એવા એવા નુસખા અજમાવે છે કે દંગ રહી જવાય. આવા પ્રયાસો સામે અનેકવાર જાહેરમાં ચેતવણી આપવા છતાં ભોળી કે બેવકૂફ જનતા સ્કેમરની જાળમાં ફસાઈ જાય છે. આપણા દેશના મિસ્ટર નટવરલાલે (મિથિલેશ કુમાર શ્રીવાસ્તવ) તો વિદેશી પર્યટકોને તાજમહેલ 'વેચી'ને પૈસા ઓળવી લીધા હોવાનું ઉદાહરણ છે. ભૂકંપના પ્રદેશ તરીકે પ્રખ્યાત જાપાનમાં એક ૮૦ વર્ષના સન્નારી પાસેથી એક ધુતારો ૧૦ લાખ યેન (આશરે સાડા છ લાખ રૂપિયા) પડાવી લીધા હોવાનો કિસ્સો બહાર આવ્યો છે. અલબત્ત, સન્નારીએ ગુમાવેલા પૈસા કરતાં ઠગે જે કારણ માટે પૈસા માંગ્યા એની વધુ ચર્ચા થઈ રહી છે. ધુતારાએ માજીને ફોન કરીને કહ્યું કે 'હું એસ્ટ્રોનોટ છું અને અંતરિક્ષમાં - સ્પેસમાં વિવિધ પ્રયોગો કરી દેશનું ભાવિ ઉજળું કરવાની દિશામાં કામ કરી રહ્યો છું.' આવી બીજી કેટલીક વાતો કરી દાદીમા માટે માનવંતો બની ગયા પછી ચારેક દિવસ બાદ સ્કેમરે પોત પ્રકાશ્યું. 'હું સ્પેસમાં મુસીબતમાં આવી ગયો છું અને ઓક્સિજન ખરીદવા તાત્કાલિક પૈસાની જરૂર છે. જો પૈસા સમયસર નહીં મળે તો...' એમ રડમસ અવાજમાં કહ્યું. માજી બિચારા ભોળવાઈ ગયાં અને ધુતારાએ જણાવ્યા અનુસાર બેંક એકાઉન્ટમાં પૈસા જમા કરાવી દીધા. જાળમાં ફસાઈ ગયા હોવાનો ખ્યાલ દાદીમાને આવ્યો ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. પોલીસમાં ફરિયાદ કરી, પણ 'તમારા પૈસા પાછા નહીં આવે' એમ સાફ કહી દેવામાં આવ્યું. જોકે, અન્ય લોકો આવી છેતરપિંડીનો ભોગ ન બને એ માટે આખો કેસ જાહેરમાં મૂકી દીધો.

## મંદિરમાં લાઈબ્રેરી... નવી પેઢીનું આગવું ઘડતર




ધર્મનું શિક્ષણ અને શિક્ષણનો ધર્મ એ બંને બાબત સ્થૂળ સ્વરૂપે બે છેડાની લાગે, પણ સૂક્ષ્મ ભાવે એમાં ઘણું સામ્ય છે. ધર્મ અને શિક્ષણ સખા સહિયારા બને તો જાગૃત અને વિચારલક્ષી પેઢી તૈયાર થાય એવી માન્યતા ખોટી તો નથી જ. હરિયાણા રાજ્યમાં શિક્ષણ એ સાચો ધર્મ છે એવું સ્થાપિત કરતો ધર્મ અને શિક્ષણનો એવો સુંદર સમન્વય જોવા મળ્યો છે કે મંદિરમાં બિરાજમાન દેવ પણ રાજી થઈ ગયા હશે.

રાજ્યના કૈથલ જિલ્લાના બડસિકરી ગામના મંદિરના સંકુલમાં જ એક લાઈબ્રેરી ૨૦૧૨માં શરૂ કરવામાં આવી હતી. ઈશ્વરનાં ચરણે નતમસ્તક થવા આવતા વિદ્યાર્થીઓમાં પુસ્તકાલયના સભ્ય બનવાની રુચિ જાગી. ધરમ ધ્યાનને પગલે શિક્ષણમાં ધ્યાન પરોવાયું અને એક આખી પેઢીનું જીવન ધોરણ સુધરી ગયું એ ઉજળી વાસ્તવિકતા છે. સરકારી નોકરી મેળવવા ઉત્સુક અભ્યાસીઓ માટે પ્રભુના આશીર્વાદ સાથે આ લાઈબ્રેરી પણ આશીર્વાદરૂપ બની ગઈ. આશરે પાંચેક હજારની વસતિ ધરાવતા આ ગામમાં આંગળીઓના વેઢાં પર ગણી શકાય એટલા સરકારી કર્મચારી હતા. આજની તારીખમાં આ સંખ્યા ૭૦ની આસપાસ પહોંચી ગઈ છે. ગામમાં એક સુધ્ધાં બાળક અભણ - અશિક્ષિત ન રહે એ હેતુ સાથે મંદિરના પરિસરમાં શરૂ થયેલા આ પુસ્તકાલય જનતાને શિક્ષિત કરવામાં યોગદાન આપી એમનું જીવનધોરણ સુધારી દીધું છે. અભ્યાસ કરવામાં મળતી સગવડોને કારણે લોકોને પોલીસ, શિક્ષણ તેમ જ એડમિનિસ્ટ્રેટિવ વિભાગમાં સારી નોકરી મળી છે. વિશેષ મહત્ત્વની વાત તો એ છે કે કન્યાઓ માટે અલગ લાઈબ્રેરી હોવાને કારણે સલામતી અનુભવી મોડી રાત સુધી એ લોકો અભ્યાસ કરી શકે છે. રાજ્યમાં મહિલા સાક્ષરતા દર વધી રહ્યો છે. એકંદરે લાઈબ્રેરી લાઈફલાઈન બની ગઈ છે.

## ટીચર ટીચર ચીટર સ્ટાર નાઉ આઈ નો વ્હોટ યુ આર!



શાળામાં અંગ્રેજી વ્યાકરણ શીખવતીવખતે ANAGRAM શીખવવામાં આવે છે. કોઈ એક શબ્દના અક્ષરો નવેસરથી ગોઠવી નવો શબ્દ બને એને 'એનાગ્રામ' કહે છે. મજેદાર વાત એ છે કે TEACHER (જ્ઞાન આપતા શિક્ષક - શિક્ષિકા) અને CHEATER (છેતરપિંડી કરનારી વ્યક્તિ) એનાગ્રામ છે. ટીચર અને ચીટર વિરોધાભાસી છે. જોકે, જર્મનીમાં એક ટીચર જ ચીટર હોવાનું જાણવા મળતા 'વાડ જ્યારે ચીભડા ગળે..' એવો માહોલ ઊભો થય એ સ્વાભાવિક છે.

વાત એમ છે કે જર્મનીમાં એક ટીચર છેલ્લાં ૧૬ વર્ષથી માંદગીની રજા (સિક લીવ) ભોગવી રહી છે. દર મહિને મેડિકલ સર્ટિફિકેટ પણ જમા કરાવતી રહી. જર્મન કાયદા અનુસાર ટીચર 'પબ્લિક સર્વન્ટ' કેટેગરીમાં આવે છે અને એમને અન્ય સરકારી કર્મચારીઓ કરતાં વધુ લાભ મળે છે. ટીચર જો બીમાર પડે તો અચોક્કસ મુદત સુધી પૂરા પગારના હકદાર રહે છે. વળી એમને નોકરીમાંથી કાઢી પણ ન શકાય એવો કાયદો છે. જર્મનીમાં ટીચરનો માસિક પગાર ૬૧૦૦ યુરો હોય છે. ૧૬ વર્ષની માંદગીની રજા દરમિયાન તેને ૧૦ લાખ યુરો (આશરે ૧૦ કરોડ રૂપિયા) પગાર પેટે ચૂકવવામાં આવ્યા હોવાનો અંદાજ છે. ૧૬ વર્ષ સ્કૂલ દ્વારા ટીચરને બીમારી સાબિત કરવા મેડિકલ ટેસ્ટ (તબીબી જાંચ) માટે કહેવામાં આવ્યું તો મેડમ ટીચરે સ્કૂલ પર જ કેસ ઠોકી દીધો છે. જોકે, કોર્ટે ટીચરની અરજી ફગાવી મેડિકલ ટેસ્ટ માટે આગ્રહ રાખ્યો છે. આ ગુરુ તો 'ગુરુ ઘંટાલ' સાબિત થશે એવું લાગે છે.

## લ્યો કરો વાત!

*જાપાનમાં એક જંગલ એવું છે જ્યાં રાતે તો શું દિવસે જતા પણ લોકો થરથરી ઊઠે છે. ભૂતના નિવાસસ્થાનની 'ખ્યાતિ' મેળવ્યા પછી આજની તારીખમાં એ સ્યુસાઇડ પ્લેસ મતલબ કે 'આત્મહત્યાના સ્થળ' તરીકે ઓળખ ધરાવે છે. દર વર્ષે અહીં આત્મહત્યાના બનાવ બને છે.*

*વિશ્વવિખ્યાત માઉન્ટ ફ્યુજીની તળેટીમાં ઓકિગહારા નામના જંગલનો આ વિસ્તાર વર્ષો સુધી વૃક્ષોના સમુદ્ર તરીકે ઓળખાતો હતો, પણ એકવીસમી સદીમાં એને 'સ્યુસાઇડ ફોરેસ્ટ' તરીકે નવી ઓળખ મળી છે. આ જંગલમાં રહેલી અલૌકિક શક્તિને કારણે ત્યાં જનારા લોકો આત્મહત્યા કરી લે છે અને ત્યારબાદ એમના આત્મા ત્યાં ભટકતાં રહે છે એવી અંધશ્રદ્ધા ફેલાઈ છે. ઘનદાટ, ભયાનક અને ભૂતિયા જંગલમાં ધોળે દિવસે સૂર્યનું એક કિરણ પણ પહોંચી શકતું નથી.*

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**દૂર કા રાહી તો નજીકમાં શું?**

* હમરાહી.

**ભગવાન માણસને ત્રીજી આંખ આપે તો?**

* ચશ્માં પહેરવાનું શું?.

**નેતાજીની વાતો એટલે?**

* ખોટા વચનોની ભરમાર...

**મારા પછી તારો વારો. એ પછી?**

* ધક્કો વાગે એટલે વાત આગળ વધે

**જાનવરની જાન કેવી હોય?**

* કેમ જાનવરની જાનમાં જવાના પણ અભરખાં છે?

**ઓવર ટાઈમમાં કયા કામ થાય?**

* રૂટિન સમયમાં પેન્ડિંગ રાખીને ના કર્યા હોય એ...

**મને પીવાનું મન થાય છે...**

* કોઈને પણ પૂછ્યા વગર પી લો... પેલું પ્રતિબંધિત પીણુંને બાકાત રાખીને!

**કોઈ એક ગાલ પર તમાચો મારે તો બીજો ગાલ ધરવો?**

* જેવી તમારી શ્રદ્ધા ને સહનશક્તિ...!

**રસ્તા પર ખાડા પડવાનું બંધ થાય તો?**

* કર્મચારીની કટકીની કમાણીમાં ખાડા પડે...!

**નસીબનો બળિયો હોય તો કમનસીબદારનું શું?**

* એનો પડિયો કાણો નીકળે!

**ડાહીએ સાસરે ના જવું હોય તો?**

* ઘરજમાઈ શોધી લેવો એ જ એનું ડાહ્યું કહેવાય ...

**ગાંડાના ગામ ક્યાં વસતા હશે?**

* ડાહ્યા રહેતા ના હોય ત્યાં....

**કઈ મા જનેતા નથી હોતી?**

* સિને-મા..!

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# અમી પીતાં કોણ ધરાય?



આર્દ્રા નક્ષત્ર બેસતાં જ કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં વરસાદની હેલી જોવા મળી! વળી આર્દ્રા ન વરસે તો જ નવાઈ ગણાય! એજ રીતે હાથિયા નક્ષત્ર માટે પણ એમ કહેવાય છે કે, જો એ નક્ષત્રમાં વરસાદ વરસે તો વરસ ખૂબ સારું જાય. ચોવક કહે છેઃ **'જ વસે હાથિયો, ત મોતીયેં જો સાથીઓ'** ચોવકનો સરળ અર્થ એવો થાય છે કે, જો 'હાથિયા' નક્ષત્રમાં વરસાદ પડે તો ઘેર ઘેર મોતીના સાથિયા એવો પ્રયોગ કરવામાં આવ્યો છે.

એક બહુ અર્થ ધરાવતી ચોવક પ્રચલિત છે કેઃ **'રાતજો કુછેં કાગડા, ડીં જો કુછેં સીયાડ, કાં ડે જો વાલી મરે, કાં ડે મેં પે ડુકાર!'** 'ડીં' એટલે દેશ અને ડુકાર એટલે દુષ્કાળ! શબ્દાર્થ થાય છેઃ જો રાતના કાગડા બોલતા સંભળાય, જો દિવસે શિયાળની લવારી સંભળાય તો કાં દેશનો રાજા મૃત્યુ પામે અને કાંતો દેશમાં દુષ્કાળ પડે!

તો વળી રોહિણી નક્ષત્રને બહુ વરણાગી નક્ષત્ર તરીકે વધાવી લેવામાં આવ્યું છે. કહ્યું છે કેઃ **'રોંદણ ગજે ત ઢોલ વજે'** રોહિણી નક્ષત્રમાં ગાજણ ગાજે તો એ શુભ ગણાય છે અને એમ કહેવાય છે કેઃ **'વીજ વાંજણી ન વિંને'** ગર્જના પછી જો વીજળી થાય તો વરસાદ પડવાની પૂરી શકયતા ઊભી થાય છે. વીજ એટલે વીજળી અને 'વાંજણી'નો અર્થ થાય છે વાંઝણી. 'વિંને' એટલે જાય.

ચિત્રા નક્ષત્રનો વરસાદ હિતકારી નથી ગણાતો. આ નક્ષત્રમાં જો વરસાદ વરસે તો બેસૂમાર વરસે, જે નુકસાન કરે! એવી માન્યતા દર્શાવતી ચોવક છેઃ **'વસે ચિત ત છણે ભિત'** શબ્દાર્થ એવો થાય છે કે, જો ચિત્રા નક્ષત્રમાં વરસાદ વરસે તો ઘરની દીવાલો પણ પડી જાય! 'વસે' એટલે વરસે, 'ચિત' એટલે ચિત્રા નક્ષત્ર, 'ધણે' એટલે પડી જાય. ઘરની ભીંત પડી જવાનો પ્રયોગ પ્રતીકાત્મક છે, અર્થ એવો થાય કે, ખૂબ નુકસાન થાય. 'મઘા' પણ એક નક્ષત્રનું નામ છે. જો એ નક્ષત્રમાં વરસાદ પડે તો સીમાડે ઘાસચારો સારો થાય. કહ્યું છે કે, **'વસે મઘાત ધ્રાઈ રેં ઢગા'**. 'વસે'નો અર્થ થાય છે વરસે અને 'ધ્રાઈ' એટલે ધરાવું, ઢગા એટલે બળદ, પણ અહીં બધાં પશુઓના પ્રતીક રૂપ એ શબ્દ મૂકવામાં આવ્યો છે.

મિત્રો, આ તો ચોવકોનું અમી છે અને અમૃત પીતાં કોણ ધરાય? લો, એના પર એક બહુ પ્રચલિત ચોવક છેઃ **'અમીં પીધે કેર ધ્રાય?'** અહીં 'પીંધે' શબ્દનો અર્થ છે, પીને કે પીવાથી અને 'કેર' એટલે કોણ, વળી 'ધ્રાય'નો અર્થ થાય છે ધરવ!

એક રમતિયાળ ચોવક અહીં મૂકું છું. જેનો અર્થ એવો થાય છે કે, સોળવારની સાડી પહેર્યા પછી પણ સ્ત્રીનો અડધો પગ ખુલ્લો દેખાય! લો, આ રહી એ ચોવકઃ **'સોરો હથ સાડી ય અધ ટંગ ઉગાડી'** પણ અહીં સાડી અને સ્ત્રીનાં શરીરને સાધન બનાવી ચોવક કહેવા તો એમ માગે છે કે, કોઈપણ વસ્તુ સંપૂર્ણ હોવા છતાં, તેમાં કોઈને કોઈ બાબતની ઊણપ તો વરતાતી જ હોય છે! ■


મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# શિક્ષણની આધારશિલાઃ શિક્ષક - વિદ્યાર્થીના ઉષ્માપૂર્ણ માનવ સંબંધ

**શિક્ષણક્ષેત્રે** વર્ગ વ્યવહારને અસર કરતું એક મહત્ત્વનું પરિબળ માનવીય સંબંધ છે. શિક્ષણમાં આચાર્ય-શિક્ષક, શિક્ષક-વિદ્યાર્થી, શિક્ષક-વાલી, વિદ્યાર્થી-વિદ્યાર્થી, શિક્ષક-શિક્ષક, આચાર્ય-વાલી વચ્ચેના ઉષ્માપૂર્ણ વ્યવહાર દ્વારા શાળામાં ઊભું થતું તંદુરસ્ત વાતાવરણનું નિર્માણ એટલે માનવીય સંબંધ.

શાળાકીય કક્ષાએ આચાર્ય એક કુશળ નેતા છે. એમણે પોતાની સાથે રહેલા શિક્ષક ગણને કુશળ નેતૃત્વ પૂરું પાડવાનું છે. આ નેતૃત્વની સફળતાની આધારશિલા ઉષ્માપૂર્ણ માનવ સંબંધો છે. આથી કાર્યસિદ્ધિ માટે શિક્ષકોનો સહકાર મેળવવો પડે છે. એમને અભિપ્રેરણા પૂરી પાડવી પડે છે અને એમની કાર્યકુશળતા કે કાર્યક્ષમતામાં વૃદ્ધિ થાય તેવા પ્રયાસો કરવા પડે છે. આ તો જ શક્ય બને કે જ્યારે આચાર્ય અને સહકાર્યકરો વચ્ચેના સંબંધો સુમેળભર્યા હોય.

શાળામાં જેમ આચાર્ય કેન્દ્રસ્થાને હોય છે, તેમ શાળાનું બીજું મહત્ત્વનું અંગ શાળાના શિક્ષક છે. આચાર્યની શૈક્ષણિક ફિલસૂફીને વાસ્તવિક ધોરણે અમલમાં મૂકવાનું કામ શાળાના શિક્ષકો કરે છે. આથી શિક્ષકોની શિક્ષણ પ્રત્યેની દૃષ્ટિ, વિચારો, ક્ષમતા અને અભિગમની અસર શાળાના વિદ્યાર્થીઓ ઉપર પડે છે. આમ શિક્ષકો એ શાળાનું શૈક્ષણિક પર્યાવરણ ઊભું કરવામાં નિર્ણાયક પરિબળ બની રહે છે. શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા એમની ફરજો પ્રત્યે



એમને સભાન બનાવે છે. દૃષ્ટિવાન શિક્ષક સમગ્ર શિક્ષણ તંત્રમાં પ્રાણવાન ભૂમિકા ભજવી શકે છે. શાળાના આચાર્ય, બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે ઉષ્માપૂર્ણ સંબંધો વિકસાવી શાળા અને સમાજ વચ્ચે અતૂટ સંબંધ સ્થાપિત કરી શકે છે.

શિક્ષકનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી હોવું જોઈએ, જેથી વિદ્યાર્થીઓને એમના વ્યક્તિત્વમાંથી પ્રેરણા પ્રાપ્ત થઈ શકે. વિદ્યાર્થીઓ શિક્ષકની વાણી- એમની જીવનશૈલીનું- વેશ-પરિધાનનું, આચાર-વિચારનું અનુકરણ કરીને સાથે સાથે તાદાત્મય અનુભવે છે. શિક્ષકના ઉચ્ચ ચારિત્ર્ય અને નૈતિક ગુણોનો પ્રભાવ વિદ્યાર્થીઓ પર પડે છે. તેના આચાર અને વિચારમાં સમાનતા હોવી જોઈએ. તેણે પોતાના માનવીય ગુણોથી વિદ્યાર્થીઓને ગુણસંપન્ન બનાવવાના છે. શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, અન્ય કર્મચારીઓ અને વાલીઓ સાથે સહાનુભૂતિભર્યાં વર્તન-વ્યવહાર રાખવાં જોઈએ. વિદ્યાર્થીઓ-વાલીઓની સમસ્યાઓ તરફ સહાનુભૂતિભર્યું વલણ રાખી એમની સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરવો જોઈએ.

શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના તંદુરસ્ત વ્યવહાર પર બીજી અગત્ય ધરાવતો સંબંધ વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે રહેલો છે. સામાન્ય રીતે શાળામાં અમુક વિદ્યાર્થીઓ શિક્ષકના પ્રિય હોય છે જ્યારે અમુક વિદ્યાર્થીઓ પ્રિય હોતા નથી. આવા સમયે તે વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ તંદુરસ્ત રહેવો મુશ્કેલ બને છે. તેથી વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય પર તેની વિપરીત અસર જોવા મળે છે. માટે જો શિક્ષક દ્વારા પ્રત્યેક વિદ્યાર્થી સાથે તાદાત્મય કેળવાય, એકબીજાને મદદરૂપ થવાથી થતા ફાયદાને પ્રેરણાત્મક રીતે સમજાવવામાં આવે તો વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીઓ વચ્ચેના સંબંધનું તંદુરસ્ત વાતાવરણ નિર્માણ થઈ શકે.

શિક્ષકમાં સામાજિક સભાનતા હોવી જોઈએ. એ સામાજિક ઈજનેર છે તેથી સમાજનું પરિવર્તન કરનાર સામાજિકતા એણે વિકસાવવી રહી. બાળક સમાજનો ઉપયોગી સભ્ય અને ઉત્સાહી નાગરિક બને તે માટે બાળકમાં એમણે સામાજિક ગુણોનું સિંચન કરવાનું છે. જે શિક્ષક સમાજથી અળગો રહી માત્ર પોતાના અહમના કોચલામાં પુરાઈ રહે છે અને સમાજને ઉપયોગી બનતો નથી તે ક્યારેય સમાજની અપેક્ષાઓ કે આકાંક્ષાઓને તૃપ્ત કરી શકતો નથી. ક્યારેક એમનો જિદ્દી સ્વભાવ સમાજમાં અવરોધક બને છે માટે માનસિક સંતુલન જાળવીને, મિલનસાર સ્વભાવ વડે સમાજના સૌ વર્ગનાં દિલ તેણે જીતી લેવાં જોઈએ..

આ બધું થાય તો શાળા-પરિવારના સભ્યોમાં આત્મવિશ્વાસ અને સમૂહભાવનાનું વાતાવરણ સર્જાય શકે... ■

# પહેલી ઑક્ટોબરથી ૫૭૪ રસ્તાના કૉંક્રીટાઈઝેશનનું કામ થશે ફરી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં સપ્ટેમ્બરમાં ચોમાસાની વિદાય સાથે જ પહેલી ઑક્ટોબરથી મુંબઈ મહાનગરપાલિકામાં શહેરમાં તેનો મેગા કૉંક્રીટાઈઝેશન પ્રોજેક્ટ પર ફરી કામ શરૂ કરવાની છે. મુંબઈના ૫૭૪ રસ્તા (૧૫૬.૭૪ કિલોમીટર) જેના ચોમાસા પહેલા આંશિકરૂપે કામ પૂરા થયા હતા તેના ઑક્ટોબરના પહેલા બે અઠવાડિયામાં કામ હાથ ધરવામાં આવશે. હાલ મુંબઈમાં અત્યાર સુધી રસ્તાના ૪૯ ટકા કૉંક્રીટાઈઝેશનનું કામ પૂર્ણ થયું છે.

પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે ઓક્ટોબરના પહેલા અઠવાડિયાથી રસ્તાના કૉંક્રીટાઈઝેશનનું કામ ફરી શરૂ કરવામાં આવશે, જેમાં પહેલા અમે આંશિક રીતે પૂરા થયેલા રસ્તાના કામને પ્રાથમિકતા આપશું કારણે આમાના ઘણા રસ્તાના કામ મોટાભાગના પૂરા થવાની તૈયારીમાં હતા પણ ચોમાસાને કારણે તે કામ પૂરા થઈ શકાય નહોતા. એ સાથે જ અમે કૉંક્રીટીકરણ માટે પ્રસ્તાવિત ૭૭૬ રસ્તા (૨૦૮.૭૦ કિલોમીટર)ના કામ જે હજી શરૂ જ થયા નથી તેમાંથી અમુક રસ્તાના કામ પણ હાથ ધરવાના છીએ.

વધુ માહિતી આપતા અભિજિત બાંગરે

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈમાં હવે વીકએન્ડ મેરેજ રજિસ્ટ્રેશન સર્વિસ

# હવે એક જ દિવસમાં મળશે મેરેજ સર્ટિફિકેટ

### સોમવારથી શુક્રવાર ફાસ્ટ ટ્રૅક મેરેજ રજિસ્ટ્રેશન પણ ઉપલબ્ધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના નાગરિકો હવે વીકએન્ડ એટલે કે શનિવાર અને રવિવારે પણ લગ્નની નોંધણી કરાવી શકશે. એ સાથે જ સોમવારથી શુક્રવારના સમયમાં દરરોજ થનારા રજિસ્ટ્રેશનમાંથી ૨૦ ટકા રજિસ્ટ્રેશન હવે ફાસ્ટ ટ્રૅક મેરેજ રજિસ્ટ્રેશન સર્વિસ તરીકે રિઝર્વ રહેશે. આ બંને સેવાનો લાભ લેનારા દંપતીને રજિસ્ટ્રેશન કરવાના દિવસે જ મેરેજ સર્ટિફિકેટ મળશે.

મુંબઈ મહાનગરપાલિકાના આરોગ્ય ખાતા દ્વારા હવેથી મુંબઈગરા માટે વિવાહની નોંધણી વધુ ઝડપથી અને સરળ રીતે ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. મેરેજ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ દરેક દંપતી માટે મહત્ત્વનો દસ્તાવેજ હોય છે. અલગ અલગ સરકારી કામ માટે તે આવશ્યક હોય છે. મુંબઈ મહાનગરપાલિકામાં વર્ષ દરમ્યાન લગભગ ૩૦,૦૦૦થી ૩૫,૦૦૦ મેરેજનું રજિસ્ટ્રેશન થાય છે. જોકે આખા વર્ષમાં જેટલા લગ્ન થાય છે તેની સરખામણીમાં રજિસ્ટ્રેશનનું પ્રમાણ ઓછું છે. તેથી પાલિકાએ હવે નવો

(જુઓ પાનું ૪) ▸▸

### આ વોર્ડમાં વીકએન્ડમાં સર્વિસ ઉપલબ્ધ થશે

દર શનિવારે એ, સી, એફ-દક્ષિણ, જી-દક્ષિણ, એચ-પૂર્વ, પી-દક્ષિણ, પી-ઉત્તર, આર-સેન્ટ્રલ, એલ,એમ-પશ્ચિમ અને એસ વોર્ડમાં મેરેજ રજિસ્ટ્રેશન કરી શકાશે. તો દર રવિવારે બી,ડી, એફ-ઉત્તર, જી-ઉત્તર, એચ-પશ્ચિમ, કે-પશ્ચિમ, પી-પૂર્વ, આર-દક્ષિણ, આર-ઉત્તર, એન, એમ-પૂર્વ, ટી આ ૧૨ વોર્ડમાં મેરેજ રજિસ્ટ્રેશન કરી શકાશે.

# રેલવે આવક વધારવા માટે બાન્દ્રા ખાતેનો સ્ટાફ ક્વાર્ટરનો પ્લોટ ભાડે આપશે

### ₹ ૮૦૦૦ કરોડથી વધુની આવક થવાની શક્યતા

મુંબઈ: ભારતીય રેલવેએ બાન્દ્રા પશ્ચિમમાં જ્યાં હાલમાં તેના સ્ટાફ ક્વાર્ટર્સ છે તે પ્લોટ ભાડે આપવા માટે શોર્ટલિસ્ટ કર્યો છે. ૫-૬ એકરનો આ પ્લોટ પશ્ચિમ રેલવે ટ્રૅક અને જી-૭ મલ્ટિપ્લેક્સને અડીને આવેલો છે. રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી આવક વધારવા માટે તેને ભાડે આપવાનું વિચારી રહી છે.

એક વરિષ્ઠ રેલવે અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, આરએલડીએ અને પશ્ચિમ રેલવે ટૂંક સમયમાં બાન્દ્રા પશ્ચિમમાં હાલના રેલવે ક્વાર્ટર્સના પુનર્વિકાસ અને

(જુઓ પાનું ૪) ▸▸

## ઓએનજીસી પ્લાન્ટમાં ભીષણ આગ

# મુંબઈમાં સીએનજીના પુરવઠાને અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નવી મુંબઈના ઉરણમાં આવેલા ઓઈલ એન્ડ નેચરલ ગેસ (ઓએનજીસી)ના ગેસ પ્રોસેસિંગ પ્લાન્ટમાં લાગેલી ભીષણ આગની અસર મુંબઈના સીએનજી પુરવઠાને થઈ છે. આગને કારણે ઓએનજીસીના વડાલા ખાતેના તેના સિટી ગેટ સ્ટેશનને ગેસ સપ્લાયને પુરવઠો બંધ થઈ ગયો છે અને તેને કારણે સીએનજી સ્ટેશનના સપ્લાયને પણ મોટા પ્રમાણમાં અસર થઈ છે.

ઉરણની ભીષણ આગથી સીએનજીના પુરવઠાને મુંબઈમાં અસર થઈ છે અને એ સાથે જ ઘરમાં પાઈપલાઈનથી મળતા ગેસ પુરવઠાને પણ અનેક વિસ્તારમાં ફટકો પડયો હોવાનો અહેવાલ છે ત્યારે મહાનગર ગેસ લિમિટેડે (એમજીએલ) મંગળવારે આશ્વાસન આપ્યું હતું કે ગ્રાહકોને ઘરમાં મળતા પાઈપ નેચર ગૅસ(પીએનજી)ના પુરવઠાને કોઈ અસર થાય નહીં અને તેમને વગર કોઈ અવરોધે પ્રાથમિકતાના ધોરણે ગૅસ મળી રહે તેવા પ્રયાસ જાળવી રાખવામાં આવ્યા છે.

સોમવારે બપોરના ત્રણ વાગ્યાની

(જુઓ પાનું ૪) ▸▸

## વિક્રોલીમાં રહેવાસીના ઘરને આગ ચાંપવાનો પ્રયાસ

# ઘરની બહાર ‘સર તન સે જુદા’ લખાણવાળું બોર્ડ લગાવ્યું

મુંબઈ: વિક્રોલી વિસ્તારમાં સોમવારે ઇદ-એ-મિલાદની ઉજવણી દરમિયાન લગાવાયેલા કેટલાક બેનર્સ સામે ઉઠાવનારા રહેવાસીના ઘરને અજાણ્યા શખસોએ મળસકે આગ ચાંપવાનો પ્રયાસ કર્યો હતો. એ રહેવાસીના ઘરની બહાર આરોપીઓએ ‘સર તન સે જુદા, તન સે સર જુદા’ લખાણવાળું બોર્ડ પણ લગાવ્યું હતું.

આ ઘટના બાદ રહેવાસીએ પાર્કસાઇટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને પોલીસ દ્વારા

(જુઓ પાનું ૪) ▸▸

## મેલ-એક્સપ્રેસ ટ્રેનના પેસેન્જર ટાર્ગેટ

# બળજબરીપૂર્વક પૈસા પડાવતા ૧૩ કોન્સ્ટેબલ સસ્પેન્ડ

મુંબઈ: મુંબઈ સબર્બન રેલવેમાં સરકારી રેલવે પોલીસ (જીઆરપી)એ છેલ્લાં પાંચ મહિનામાં મુંબઈ સહિત થાણેમાં પ્રવાસીઓ પાસેથી પૈસા વસૂલવાના કિસ્સામાં એક સિનિયર ઈન્સ્પેક્ટર સહિત ૧૩ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું રેલવેએ જણાવ્યું હતું.

આ મુદ્દે જીઆરપીના વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે આરોપીઓ ખાસ કરીને લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનના પ્રવાસીઓને ટાર્ગેટ કરતા હતા, જેઓ કિંમતી સામાન લઈને પ્રવાસ કરતા હોય તેમ જ ફરિયાદ કરવાનું પણ અવગણતા

(જુઓ પાનું ૪) ▸▸

# ₹ ૬૦ કરોડની છેતરપિંડી: રાજ કુંદ્રાને સમન્સ

મુંબઈ: બોલીવુડ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ અને ઉદ્યોગપતિ રાજ કુન્દ્રાને મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કેસમાં સમન્સ મોકલવામાં આવ્યા છે. કુન્દ્રાને ૧૫ સપ્ટેમ્બરે અધિકારીઓ સમક્ષ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે.

આર્થિક ગુના શાખાએ ગયા અઠવાડિયે દંપતીને દેશ છોડતા અટકાવવા માટે લુક-આઉટ નોટિસ જારી કરી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે, લોન-કમ-રોકાણ સોદામાં ઉદ્યોગપતિ દીપક કોઠારી (૬૦) સાથે લગભગ ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાના આરોપમાં ૧૪ ઓગસ્ટના રોજ જુહુ પોલીસ સ્ટેશનમાં અભિનેત્રી અને તેના પતિ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો.

કુંદ્રા અને શેટ્ટી, જેઓ બેસ્ટ ડીલ ટીવી પ્રાઇવેટ લિમિટેડ,

(જુઓ પાનું ૪) ▸▸

# ખેડૂતોના ખાતામાં પૈસાના વરસાદનો સરકારનો મોટો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના ખેડૂતો માટે આજનો દિવસ ઐતિહાસિક રહ્યો છે. મોટી રકમ સીધી તેમના બેંક ખાતામાં જમા કરાવવાની જાહેરાત થતાં જ ખેડૂતોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ. ‘નમો શેતકરી મહાસમ્માન નિધિ યોજના’નો સાતમો હપ્તો મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા કેબિનેટ હોલમાં આયોજિત એક ખાસ કાર્યક્રમમાં વિતરિત કરવામાં આવ્યો હતો.

આ હપ્તા દ્વારા રાજ્યના ૯૧ લાખ ૬૫ હજાર ૧૫૬ ખેડૂતોના ખાતામાં ૧૮૯૨.૬૧ કરોડ રૂપિયા સીધા જમા કરવામાં આવ્યા. એપ્રિલ ૨૦૨૫થી જુલાઈ ૨૦૨૫ના સમયગાળા માટે લાભાર્થીઓને સબસિડીનો લાભ આપવામાં આવ્યો છે. કાર્યક્રમમાં નાયબ મુખ્ય પ્રધાન

(જુઓ પાનું ૪) ▸▸

# મ્હાડાની દિવાળીની લોટરીમાં વિલંબ થવાની શક્યતા

મુંબઈ: મ્હાડાના મુંબઈ બોર્ડે દિવાળી દરમિયાન પાંચ હજાર ઘરો માટે લોટરીની જાહેરાત કરી હતી. આ પૃષ્ઠભૂમિમાં, દિવાળી દરમિયાન જાહેરાત પ્રકાશિત કરીને નોંધણી, અરજી વેચાણ અને સ્વીકૃતિ શરૂ થવાની ધારણા હતી. જોકે, લોટરી માટેની તૈયારીઓ હજુ શરૂ થઈ નથી. તેથી દિવાળી દરમિયાન લોટરી વિલંબિત થવાની શક્યતા છે. ઉપરાંત પૂરતા ઘર ઉપલબ્ધ ન હોવાને કારણે આ વર્ષે લોટરી થશે કે નહીં એ વિશે ચર્ચા ચાલી રહી છે.

મુંબઈમાં ઓછા ભાવે ઘર ઇચ્છનારાઓ માટે મ્હાડાનો ટેકો છે. તેથી મુંબઈ બોર્ડની ઘરની લોટરીને હંમેશા મોટો પ્રતિસાદ મળે છે. તેથી ઇચ્છુકોની નજર મુંબઈ બોર્ડની લોટરી પર ટકેલી હોય છે. ૨૦૦૭ થી ૨૦૧૯ સુધી મુંબઈમાં ઘરો માટે સતત લોટરી યોજાતી હતી. પરંતુ તે પછી ૨૦૨૦ થી ૨૦૨૨ દરમિયાન લોટરી યોજાઈ ન હતી.

ફરી ૨૦૨૩ અને ૨૦૨૪ માં મુંબઈ બોર્ડે લોટરી યોજી હતી. જ્યારે ૨૦૨૫ માટે ફેબ્રુઆરીમાં લોટરી જાહેર કરવામાં આવી હતી. આ જાહેરાત દિવાળી દરમિયાન પાંચ હજાર ઘરો માટે લોટરી યોજવાની હતી. દિવાળીને એક મહિનો બાકી છે. જોકે મુંબઈ બોર્ડે હજુ સુધી ઘરો શોધવાનું શરૂ કર્યું નથી, એમ મુંબઈ બોર્ડના જાણકાર સૂત્રોએ જણાવ્યું હતું. તેથી, પ્રશ્ન એ ઉભો થયો છે કે શું લોટરી દિવાળી દરમિયાન કાઢવામાં આવશે? બીજી તરફ સૂત્રોએ માહિતી આપી હતી કે લોટરી માટે પૂરતા ઘરોના અભાવે બોર્ડ પણ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું દિવાળી દરમિયાન ૫,૦૦૦ ઘરોની લોટરી માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, ત્યારે તેમની પાસેથી કોઈ માહિતી ઉપલબ્ધ થઈ ન હતી. ■

# ભુજબળની મરાઠાઓ માટેનો જીઆર પાછો ખેંચવાની વિનંતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના કેબિનેટ પ્રધાન છગન ભુજબળના નેતૃત્વ હેઠળના ઓબીસી સંગઠને મંગળવારે રાજ્ય સરકારને મરાઠા સમુદાયના સભ્યોને કુણબી જાતિ પ્રમાણપત્રો આપવા માટેનો જીઆર પાછો ખેંચવા અથવા તેમાં યોગ્ય રીતે ફેરફાર કરવાની વિનંતી કરી હતી.

તેમણે એવી પણ માગણી કરી હતી કે સરકાર સુનિશ્ચિત કરે કે જીઆર રાજ્યના ૩૫૦થી વધુ સમુદાયોને આવરી લેતા અન્ય પછાત વર્ગો (ઓબીસી) ક્વોટાને ઘટાડે નહીં.

રાજ્યના સામાજિક ન્યાય અને વિશેષ સહાય વિભાગે હૈદરાબાદ ગેઝેટ લાગુ કરવા અંગેનો જીઆર જારી કર્યા પછી ઓબીસીમાં બેચેની ફેલાઈ ગઈ છે, જે મરાઠા સમુદાયના પાત્ર લોકોને કુણબી જાતિ પ્રમાણપત્રો માટે

(જુઓ પાનું ૪) ▸▸

# વિવિધ પ્રોજેક્ટ્સ માટે હુડકો પાસેથી ૨,૦૦૦ કરોડ રૂપિયાની લોન લેવા માટે કૅબિનેટની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર કેબિનેટે મંગળવારે શહેરી માળખાકીય વિકાસ લોન યોજના હેઠળ હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (હુડકો) પાસેથી ૨,૦૦૦ કરોડ રૂપિયાની લોન લેવાની મંજૂરી આપી હતી, જેથી મ્યુનિસિપલ સંસ્થાઓને માળખાકીય પ્રોજેક્ટ્સ માટે ફંડ એકઠું કરવામાં મદદ મળી શકે છે.

આ નિર્ણયથી છત્રપતિ સંભાજીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને પાણી પુરવઠા પ્રોજેક્ટ માટે ૮૨૨.૨૨ કરોડ રૂપિયા, નાગપુર મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીને ચાર ગટર શુદ્ધિકરણ પ્રોજેક્ટ્સ માટે ૨૬૮.૮૪ કરોડ રૂપિયા અને મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનને પાણી પુરવઠા પ્રોજેક્ટ માટે ૧૧૬.૨૮ કરોડ રૂપિયા મળી શકશે.

આ યોજના એ સુનિશ્ચિત કરવા માટે બનાવવામાં આવી છે કે અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત) ૨.૦, સ્વચ્છ ભારત મિશન ૨.૦, મહારાષ્ટ્ર સુવર્ણ જયંતિ નગરોત્થાન મહા અભિયાન અને અન્ય (જુઓ પાનું ૪) ▸▸

# કોસ્ટલ રોડ પર કારે અડફેટમાં લેતાં પોલીસ હેડ કોન્સ્ટેબલનું મૃત્યુ

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં કોસ્ટલ રોડ પર પૂરઝડપે આવી રહેલી કારે અડફેટમાં લેતાં બાવન વર્ષના પોલીસ હેડ કોન્સ્ટેબલનું મૃત્યુ થયું હતું, જ્યારે મહિલા પોલીસ ઘાયલ થઇ હતી. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર અકસ્માત મંગળવારે સવારે ૭.૫૩ વાગ્યે થયો હતો. વરલી પોલીસ સ્ટેશનમાં કાર્યરત હેડ કોન્સ્ટેબલ દત્તાત્રય કુંભાર અને મહિલા કોન્સ્ટેબલ રિદ્ધિ પાટીલ સવારે બાંદ્રા-વરલી સી લિંક અને કોસ્ટલ રોડના કનેક્ટર ખાતે બંદોબસ્તમાં હાજર હતાં.

દરમિયાન પૂરપાટ વેગે આવી રહેલી કારે બંને જણને જોરદાર ટક્કર મારી હતી, જેમાં તેમને ગંભીર ઇજા પહોંચી હતી.

બંનેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યાં હતાં, જ્યાં કુંભારનું મૃત્યુ થયું હતું, જ્યારે રિદ્ધિ પાટીલની સારવાર ચાલી રહી છે.

# કલ્યાણમાં ‘ઝેર’ આપી ગાયને મારી નાખી: બે જણ સામે ગુનો

થાણે: બાઈક પર આવેલા બે શખસે ઈન્જેક્શનથી કથિત રીતે ઝેર આપી ગાયને મારી નાખી હોવાની ઘટના કલ્યાણમાં બનતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ખડકપાડા પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ કલ્યાણના એક હાઉસિંગ કોમ્પ્લેક્સ નજીકના મેદાનમાં રવિવારની સાંજે ગાયો ચરતી હતી ત્યારે બાઈક પર બે શખસ ત્યાં આવ્યા હતા. બન્ને જણે પહેલાં ગાયોને ખાવા રોટલી આપી હતી. પછી એક ગાયને ઇન્જેક્શન માર્યું હતું. ઈન્જેક્શન માર્યાની ગણતરીની મિનિટોમાં ગાય જમીન પર ફસડાઈ પડી હતી અને ઘટનાસ્થળે જ મૃત્યુ પામી હતી.

# ‘રાજકારણમાં કોઈ રાખમાં ફેરવાતું નથી’

### દેવેન્દ્ર ફડણવીસને ફિનિક્સ એવૉર્ડ મળ્યા બાદ સુપ્રિયા સુળેનું નિવેદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મરાઠી પત્રકાર સંઘ દ્વારા ‘ફિનિક્સ સ્પેશિયલ એવોર્ડ’ આપવામાં આવ્યો. આ કાર્યક્રમમાં બોલતા ફડણવીસે કહ્યું હતું કે, ‘ઘણા લોકોને લાગ્યું કે હું રાખ થઈ રહ્યો છું, પણ પછી હું ફરી ઉડી ગયો.’ તેમના આ નિવેદન પર સભામાં હાસ્યનો માહોલ છવાઈ ગયો. આ વખતે, તેમણે તેમની રાજકીય કારકિર્દી અને રાજકારણમાં તેમણે સામનો કરેલી મુશ્કેલીઓ પર ટિપ્પણી કરી હતી. આ બધા પર એનસીપીના સાંસદ સુપ્રિયા સુળેએ કહ્યું છે કે રાજકારણમાં કોઈ રાખમાં ફેરવાતું નથી.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, મારા સમગ્ર રાજકીય

(જુઓ પાનું ૪) ▸▸

# સાત આરોપી નિર્દોષ જાહેર કરવા સામે હાઈ કોર્ટમાં અરજી




મુંબઈ: ૨૦૦૮ માલેગાંવ બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલાના પરિવારનાં છ સભ્યની બૉમ્બે હાઈ કોર્ટમાં અરજી કરી છે. અરજીમાં ભાજપના માજી સંસદસભ્ય પ્રજ્ઞા સિંહ ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત સહિત સાત આરોપીને નિર્દોષ જાહેર કરવાના વિશેષ કોર્ટના ચુકાદાને પડકારવામાં આવ્યા છે. અપીલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ખામીયુક્ત તપાસ અથવા તપાસમાં કેટલીક ખામીઓ આરોપીને નિર્દોષ જાહેર કરવા માટેનું કારણ હોઈ શકે નહીં. તેમાં એવી પણ દલીલ કરવામાં આવી હતી કે ષડયંત્રની ગુપ્તતા હોવાથી તેના સીધા પુરાવા નથી હોતા.

અરજદારોએ દાવો કર્યો હતો કે ૩૧ જુલાઈએ વિશેષ એનઆઈએ કોર્ટે સાત આરોપીને નિર્દોષ જાહેર કરવાનો આપેલો આદેશ ખોટો અને અયોગ્ય હોવાથી રદ કરવો જોઈએ. સોમવારે નિસાર અહમદ સૈયદ બિલાલ અને અન્ય પાંચ જણે તેમના વકીલ મતીન શેખ દ્વારા દાખલ કરેલી અપીલમાં હાઈ કોર્ટમાં વિશેષ અદાલતના ચુકાદાને રદ કરવાની માગ કરવામાં આવી હતી.

હાઇ કોર્ટની વેબસાઈટ અનુસાર આ અપીલ ૧૫ સપ્ટેમ્બરે ન્યાયમૂર્તિ એ. એસ. ગડકરીની અધ્યક્ષતાવાળી ખંડપીઠ સમક્ષ સુનાવણી માટે આવે તેવી સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ના દિવસે મહારાષ્ટ્રના નાશિક જિલ્લામાં મુંબઈથી ૨૦૦ કિલોમીટર દૂર આવેલી માલેગાંવ શહેરની એક મસ્જિદ નજીક મોટરસાયકલ સાથે વિસ્ફોટક વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં છ જણના મૃત્યુ થયા હતા અને ૧૦૧ લોકો ઘાયલ થયા હતા.

દાવામાં કહેવામાં આવ્યું છે કે ટ્રાયલ કોર્ટના ન્યાયમૂર્તિએ ફોજદારી સુનાવણીમાં પોસ્ટમેન અથવા મૂક પ્રેક્ષક તરીકે કામ કરવું જોઈએ નહીં. ફરિયાદી તથ્યો બહાર કાઢવામાં નિષ્ફળ જાય ત્યારે ટ્રાયલ કોર્ટ પ્રશ્નો પૂછી શકે છે અને / અથવા સાક્ષીઓને સમન્સ આપી શકે છે. અપીલમાં કહેવામાં આવ્યું છે કે ટ્રાયલ કોર્ટે કમનસીબે માત્ર પોસ્ટ ઓફિસ તરીકે કામ કર્યું છે અને આરોપીઓને ફાયદો પહોંચાડવા માટે અપૂરતી કાર્યવાહીની મંજૂરી આપી છે. (પીટીઆઈ) ■

# નેવીનો યુનિફૉર્મ પહેરીને આવેલો શખસ અગ્નિવીરની રાઈફલ, બૂલેટ્સ લઈ ફરાર

મુંબઈ: દક્ષિણ મુંબઈના નેવીનગરમાં નેવીનો યુનિફોર્મ પહેરી આવેલો અજાણ્યો શખસ ફરજ પરના અગ્નિવીરની રાઇફલ તેમ જ ૪૦ બૂલેટ્સ લઇને ફરાર થઇ ગયો હતો. કફ પરેડ પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હોઇ પોલીસ અને નેવી દ્વારા આરોપીની શોધ ચલાવાઇ રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર નેવીનગરમાં શનિવારે રાતે આ ઘટના બની હતી અને તેની તપાસનો આદેશ આપવામાં આવ્યો છે.

નેવીનગરમાં રડાર પ્રોટેક્ટર ગાર્ડ તરીકે ફરજ બજાવનારા અગ્નિવીર આલોક કૌશલ કિશોર સિંહ પાસે આરોપી ગયો હતો અને તેણે સિંહને કહ્યું હતું તે તેને ડ્યૂટીમાંથી રાહત આપવા માટે આવ્યો છે.

નેવીના યુનિફોર્મમાં સજ્જ આરોપીએ સિંહને તેની રાઇફલ અને ત્રણ મેગેઝિન સોંપવા કહ્યું હતું. સિંહે રાઇફલ અને મેગેઝિન સોંપીને ત્યાંથી જતો રહ્યો હતો, પણ થોડા સમય બાદ તે પાછો ફરતાં એ વ્યક્તિ ગાયબ હતી. આથી સિંહે ઉપરી અધિકારીઓને આની જાણ કરી હતી.

આ ઘટના બાદ નેવીના અધિકારીએ કફ પરેડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસ તથા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ આરોપીની શોધ ચલાવી રહ્યા છે અને પોલીસ દ્વારા સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ ચકાસવામાં આવી રહ્યા છે.

આરોપીને શોધવા પોલીસની એક ટીમ મુંબઈ બહાર ગઇ છે.

દરમિયાન આ ઘટના તરફ દોરી જનારા સંજોગોની તપાસ માટે બોર્ડ ઓફ ઇન્કવાયરી બેસાડવામાં આવી છે.

અન્ય સરકારી એજન્સીઓ પણ આ કેસની તપાસ કરી રહી છે અને નેવી પણ તપાસમાં તમામ જરૂરી મદદ કરી રહી છે, એમ અધિકારીએ કહ્યું હતું. ■

## દહિસર આગ

# વધુ એક ગુજરાતી મહિલાનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દહિસર (પૂર્વ)માં શાંતી નગરમાં આવેલી ગ્રાઉન્ડ પ્લસ બેઝમેન્ટ પ્લસ ૨૨ માળની બિલ્ડિંગમાં રવિવારે બપોરના ફાટી નીકળેલી ભીષણ આગની દુર્ઘટનામાં વધુ એક મહિલાનું મૃત્યુ થયું છે. એ સાથે જ આ દુર્ઘટનામાં મૃત્યુઆંક બેનો થઈ ગયો છે.

પાલિકાએ આપેલી માહિતી મુજબ રવિવારની સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ)ની બિલ્ડિંગમાં લાગેલી આગમાં ૫૪થી વધુ રહેવાસીઓ જખમી થયા હતા. મોટાભાગના લોકોને આગને કારણે નીકળેલા ધુમાડાને કારણે

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબ્રામાં બિલ્ડિંગનો ભાગ તૂટી પડતાં વૃદ્ધાનું મોત, પુત્રવધૂ ઘાયલ

થાણે: થાણે જિલ્લાના મુંબ્રામાં બિલ્ડિંગનો ભાગ તૂટી પડતાં ત્યાંથી પસાર થઇ રહેલી ૬૨ વર્ષની વૃદ્ધાનું મૃત્યુ થયું હતું, જ્યારે તેની પુત્રવધૂને ગંભીર ઇજા પહોંચી હતી.

મુંબ્રા વિસ્તારના દૌલતનગરમાં લકી કમ્પાઉન્ડ ખાતે ડી-વિંગ બિલ્ડિંગમાં સોમવારે મોડી રાતના ૧૨.૩૬ વાગ્યે આ ઘટના બની હતી, એમ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે એપ્રિલ, ૨૦૧૩માં પણ લકી કમ્પાઉન્ડમાં બિલ્ડિંગ ધરાશાયી થતાં ૭૪ લોકોએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે ૬૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

તાજેતરની ઘટનામાં પચીસ વર્ષ પૂર્વે બાંધવામાં આવેલી ચાર માળની બિલ્ડિંગના ઉપરના માળે આવેલા એક ફ્લેટના છજાનો ભાગ તૂટી નીચે રસ્તા પર ચાલી રહેલી વૃદ્ધા અને તેની પુત્રવધૂ પર પડ્યો હતો.

આ ઘટનામાં નાહિદ જૈનુદ્દીન જમાલી (૬૨) અને તેની પુત્રવધૂ ઇલમા ઝેહરા જમાલીને ગંભીર ઇજા પહોંચી હતી. બંનેને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ નાહિદને તપાસીને મૃત જાહેર કરી હતી.

નાહિદ જમાલી આ જ વિસ્તારમાંના સના ટાવરમાં રહેતી હતી. તેની પુત્રવધૂ ઇલમાને કાલસેકર હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

પાલિકાએ આ બિલ્ડિંગને ‘સી-૨બી’ કેટેગરી હેઠળ જોખમી જાહેર કરી હતી. સુરક્ષાના કારણોસર બિલ્ડિંગમાંના તમામ ફ્લેટ ખાલી કરાવવામાં આવ્યા હતા અને પરિસરને સીલ કરાયો હતો. અહીંના રહેવાસીઓએ તેમના સંબંધીઓ સાથે વૈકલ્પિક વ્યવસ્થા કરી છે.

દરમિયાન બનાવની જાણ થતાં મુંબ્રા વોર્ડ સમિતિ, ફાયરબ્રિગેડ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

યાસિન તડવીએ જણાવ્યું હતું કે ફાયરબ્રિગેડ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના સ્ટાફની મદદથી ઉપરોક્ત ફ્લેટના છજાનો જોખમી ભાગ તથા બારીની ગ્રિલ દૂર કરાયાં હતાં. (પીટીઆઇ) ■


# મુંબઈ-આગ્રા હાઈવે પર એલપીજી ટૅન્કર પલટી ખાતા કલાકો સુધી ટ્રાફિક ખોરવાયો

મુંબઈ: નાશિક જિલ્લામાં મુંબઈ-આગ્રા નેશનલ હાઈવે પર ચાંદવાડ નજીક એલપીજી ટેન્કર પલટી ખાઈ જતા ગેસનું ગળતર થવા માંડ્યું હતું, તેને કારણે સ્થાનિક રહેવાસીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હોવાનું પોલીસે જણાવ્યું હતું. તો સાથે જ હાઈવે પર કલાકો સુધી ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. મોડી સાંજ બાદ ગળતરને રોકવામાં સફળતા મળી હતી.

ચાંદવાડ તહેસિલના પોલીસના જણાવ્યા મુજબ આ ઘટનામાં કોઈ જખમી થયું નહોતું પણ એલપીજી ટેન્કરમાંથી થઈ રહેલા ગેસ ગળતરને રોકવા ૧૫ કલાકથી પણ વધુ સમય લાગ્યા બાદ પણ તેમાં સફળતા મળી નહોતી. તેને પગલે ટ્રાફિકને અન્ય રોડ પર વાળવો પડયો હતો. ■

# અમારા લાડકા બાપ્પા


હર્ષ હરેશ ચોથાણી


નિધિ જિજ્ઞેશ દેઢિયા


વેંકટેશ શ્રીનિવાસન ઐયર


આશ્રય ભાટિયા - બોરીવલી


અલ્પા પ્રફુલ નાયક - ગોરેગાંવ


અમિત એમ પારેખ - કાંદીવલી


ડેની ઘેમચા - કાંદીવલી વેસ્ટ


દીપક મેજારી - થાણે વેસ્ટ


ફેરમ રાહુલ ખંડેલવાલ - સિડની


ગોદરેજ પ્રાઈમ - ચેમ્બુર



હેતલબેન ગાલા - સાંતાક્રુઝ વેસ્ટ


હિરજી દામા - ભાંડુપ



મૌલિક દિલીપ પંડ્યા બોરીવલી વેસ્ટ


અતુલ જમનાદાસ વેદ


હિતેશ દોડિયા - કાંદિવલી



ઈલા, દીવ્યા, ગોપાલ, હરી શર્મા -


જય અવનિ કિશોર શોઢા - બોરીવલી


જેહાન આશર - રાજકોટ


જીનય પરીખ - સાયન વેસ્ટ


જયેશ શાહ - ગોરેગાંવ વેસ્ટ


જુઈ નિતેશ કદમ - દહીસર


કરન કુંજ - ગિરગામ


ખ્વાઈશ સાગર સચદે - મુલુંડ


પરાગ શાહ


નવનીત બી. ચુડાસમા - દહીસર - ઈસ્ટ

# ઈન્ફોસિસની આગેવાનીએ આઈટી અને એફએમસીજી શૅરોના સુધારા સાથે સેન્સેક્સે ૩૧૪ પોઈન્ટના ઉછાળે ૮૧,૧૦૦ની સપાટી પુનઃ હાંસલ કરી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ લેબર ડેટા નબળો આવ્યો બાદ અમેરિકાની ફેડરલ રિઝર્વ આ મહિને વ્યાજદરમાં ઘટાડો જાહેર કરશે એવી આશા વધુ મજબૂત બની રહી હોવાથી એશિયાઇ બજારમાં જળવાઇ રહેલા સુધારા પાછળ સ્થાનિક બજારમાં પણ સતત પાંચમા દિવસે આગેકૂચ જોવા મળી હતી. સ્મોલ અને મિડકેપ શેરોમાં પણ લેવાલી અને સુધારો હતો. એક્સચેન્જનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૫૨.૭૩ લાખ રૂપિયાથી રૂ. ૧.૧૭ લાખ રૂ. ૪૫૩.૯૦ લાખ રૂપિયા રહ્યું હતું. ઇન્ફોસિસ સહિતના ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં સુધારા સાથે સેન્સેક્સ ૩૧૪.૦૨ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૮૧,૧૦૧.૩૨ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો, જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૯૫.૪૫ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૨૪,૮૬૮.૬૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. સેન્સેક્સમાં, ઇન્ફોસિસ, ટેક મહિન્દ્રા, અદાણી પોર્ટ્સ, એચસીએલ ટેક્નોલોજીસ અને ટીસીએસમાં એકથી પાંચ ટકા સુધીની તેજી જોવા મળી હતી.

બજાજ ફિનસર્વનો પણ ટોપ ગેઇનર્સમાં સમાવેશ હતો. ૧૧ સપ્ટેમ્બરના રોજ શેર બાયબેક પર વિચાર કરવાની યોજના જાહેર કર્યા પછી ઇન્ફોસિસ ૫.૦૩ ટકા ઊછળતાં આઇટી ક્ષેત્રે લેવાલી વધતાં ઇન્ડેક્સમાં ૨.૮ ટકાનો વધારો થયો હતો. નિફ્ટીના ઉછાળામાં આઇટી શેરોનો હિસ્સો મોટો હતો, જેમાં ઇન્ડેક્સના ટોચના ચાર પ્રદર્શનકારોમાંથી ત્રણ આઇટી ક્ષેત્રના હતા.

સ્ટોક-સ્પેસિફિક કામકાજમાં, બ્લોક ડીલમાં ૮.૧૨ લાખ શેર, એટલે કે લગભગ આઠ ટકા ઇક્વિટીના હસ્તાંતરણ પછી વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સના શેર ૨.૬૦ ટકા ઘટ્યા, રેલટેલ કોર્પોરેશન ઓફ ઇન્ડિયામાં મોટા ઓર્ડરની ચર્ચાએ ચમકારો હતો. બ્લોક ટ્રેડમાં ૧.૨૩ મિલિયન શેર હસ્તાંતરણ પછી એફએસએન ઇ-કોમર્સ વેન્ચર્સ (નાયકા)ના શેર ૨.૪૦ ટકા ગબડ્યા હતા.

ટાટા પાવર, ટાટા પેસેન્જરે મળીને મેગા ઇવી ચર્જિંગ હબની જાહેરાત કરી છે. ચાઇનાના સ્ટીલ પ્રોગ્રામ ઉપરાંત બ્રોકરેજ કંપનીએ જેએસડબલ્યુ સ્ટીલ અને ટાટા સ્ટીલ પરનું રેટિંગ ઇક્વલ વેઇટથી સુધારીને ઓવરવેઇટ કર્યું અને સેઇલનું અંડર વેઇટથી સુધારીને ઇક્વલ વેઇટ કર્યું છે. આ કારણે સ્ટીલ શેરોમાં લેવાલી જળવાઇ હતી.

ટીવીએસ મોટરે ભારતનું પહેલું હાયપર સ્પોર્ટ સ્કૂટર, એનટોર્ક ૧૫૦ લોન્ચ કર્યું છે, જે અદ્યતન સુવિધાઓ, પ્રદર્શન સુધારણા અને ૧૪૯.૭ સીસી એન્જિન સાથે ઉચ્ચ ક્ષમતાવાળા સ્કૂટર બજારમાં પ્રવેશ કરે છે. ફક્ત ૬.૩ સેકન્ડમાં તે શૂન્યથી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપ પકડી શકે છે અને ૧૦૪ કિમી પ્રતિ કલાકની ટોચની ગતિ સુધી પહોંચી શકે છે. ટીવીએસ મોટરે તેના પહેલા સ્પોર્ટી સ્કૂટર માટે લગભગ ૧૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે.

ક્યુપિડ લિમિટેડ તેની ડાયગ્નોસ્ટિક કિટ્સની રજૂઆત સાથે એફએમસીજી સેક્ટરમાં તેની હાજરીને સક્રિયપણે વિસ્તૃત કરી રહી છે, ત્યારે જીએસટીના સુધારા ઇનપુટ ખર્ચ ઘટાડશે, ઉત્પાદનની સુલભતામાં સુધારો કરશે અને વોલ્યુમ વૃદ્ધિને વેગ આપશે. જીએસટી દર ઘટાડાથી ક્યુપિડના હેર એન્ડ બોડી ઓઇલ, ફેસ વોશ અને આઈવીડી ડાયગ્નોસ્ટિક કિટ્સને સીધો ફાયદો થશે અને વ્યાપક એફએમસીજી પોર્ટફોલિયોને પણ આડકતરી રીતે ટેકો મળશે. બીએસઇ પર ૧૩૦થી વધુ શેર તેમના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા હતા, જેમાં કમિન્સ ઇન્ડિયા, મહારાષ્ટ્ર સ્કૂટર્સ, આઇશર મોટર્સ, મુથૂટ ફાઇનાન્સ, આદિત્ય બિરલા કેપિટલ, મારુતિ સુઝુકી, બોશ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એન્ડ્યુરન્સ ટેક્નોલોજીસ, મણપ્પુરમ ફાઇનાન્સ વગેરેનો સમાવેશ થાય છે.

પ્રાઇમરી માર્કેટમાં સેબી પાસે ઘણી કંપનીઓએ ડીઆરએચપી જમા કરાવ્યા છે અને કરાવી રહી છે. એલજી ઇલેક્ટ્રોનિક રૂ. ૧૫,૦૦૦ કરોડનો આઇપીઓ ઓક્ટોબરમાં લાવી રહી છે. જય અંબે સુપરમાર્કેટ અને ગેલેક્સી મેડિકેર લિમિટેડ દસમીએ અને એરફ્લોઆ રેલ ટેકનોલોજી લિમિટેડ ૧૧ સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. બજારના સાધનોએ જણાવ્યું હતું કે, આજે, મુખ્યત્વે આઇટી ક્ષેત્રમાં મજબૂત વધારા, અનુકૂળ વૈશ્વિક સંકેતો અને લાર્જ કેપ શેરોમાં રોકાણકારોના વિશ્વાસને કારણે. ભારતીય શેરબજાર સકારાત્મક નોંધ સાથે બંધ થયું છે. ટેક્નિકલ એનાલિસ્ટ અનુસાર નિફ્ટીનો અંડરટોન મજબૂત જણાઇ રહ્યો છે. જીએસટીના અમલ સાથે અર્થતંત્રને વધુ ગતિ મળશે અને ભારતીય શેરબજારમાં રોકાણકારોનો વિશ્વાસ વધશે.

મોસચીપ ટેકનોલોજીના શેરમાં સાત સત્રમાં ૫૯ ટકાના ઉછાળા બાદ ૧૦ ટકાનો કડાકો નોંધાયો હતો. ટેક્નિકલ એનાલિસ્ટ અનુસાર શેર ઓવરબોટ પોઝિશનમાં હોવાથી કડાકો જોવા મળ્યો છે. સૌથી વધુ ઘટનારા સેન્સેક્સના શેરોમાં ટ્રેન્ટ, ઇટર્નલ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને એનટીપીસીનો સમાવેશ હતો. વ્યાપક બજારમાં સ્મોલકેપ અને મિડકેપ શેરઆંક અનુક્રમે ૦.૩ ટકા અને ૦.૨ ટકા વધ્યા હતા.

નિફ્ટીના સૌથી વધુ વધનારા શેરોમાં ઇન્ફોસિસ, ડો. રેડ્ડીઝ લેબ્સ, વિપ્રો, ટેક મહિન્દ્રા, અદાણી પોર્ટ્સનો સમાવેશ હતો, જ્યારે સૌથી વધુ ઘટેલા શેરોમાં ઇટર્નલ, ટ્રેન્ટ, જિયો ફાઇનાન્શિયલ, ટાટા મોટર્સ, ટાઇટન કંપનીનો સમાવેશ રહ્યો હતો. સેક્ટરલ ધોરણે, આઇટી ઇન્ડેક્સ ૨.૮૦ ટકા, ફાર્મા ઇન્ડેક્સ અને એફએમસીજી ઇન્ડેક્સ ૦.૫૦ ટકા વધ્યો હતો, જ્યારે ઓઇલ એન્ડ ગેસ તથા રિયલ્ટી ઇન્ડેક્સ ૦.૩૦ ટકા ઘટ્યા હતા.

જોકે, એફઆઇઆઇની એકધારી વેચવાલી પણ સેન્ટિમેન્ટ બગાડી રહી છે. એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૨૧૭૦.૩૫ કરોડના ઇક્વિટી શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૩૦૧૪.૩૦ કરોડના શેર ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૮૦ ટકાના ઉછાળા સાથે ૬૬.૫૫ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. સોમવારે, સેન્સેક્સ ૭૬.૫૪ પોઈન્ટ અથવા ૦.૦૯ ટકા વધીને ૮૦,૭૮૭.૩૦ પર અને નિફ્ટી ૩૨.૧૫ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા વધીને ૨૪,૭૭૩.૧૫ પોઇન્ટ પર બંધ થયો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈન્ફોસિસ ૫.૦૩ ટકા, ટેક મહિન્દ્ર ૨.૪૨ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૪૦ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૭૮ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧ ટકા, સન ફાર્મા ૦.૯૩ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૮૦ ટકા વધ્યા હતા, જ્યારે ટ્રેન્ટ ૧.૭૯ ટકા, ઈટર્નલ ૧.૧૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૯૧ ટકા, એનટીપીસી ૦.૭૫ ટકા, ટાઈટન ૦.૫૫ ટકા અને ટાટા મોટર્સ ૦.૫૪ ટકા ઘટ્યા હતા.

# સોનામાં ₹ ૧૪૩૮ની આગેકૂચ, ચાંદીમાં ₹ ૩૫૭નો સુધારો

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વના રેટકટના આશાવાદ સાથે સોનામાં રોકાણકારોની માગ જળવાઈ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદામાં આગેકૂચ જળવાઈ રહી હતી, જ્યારે ચાંદીમાં ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૩૩થી ૧૪૩૮નો ઉછાળો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૩૫૭નો સાધારણ સુધારો આવ્યો હતો. આજે સોનામાં એકતરફી તેજીનું વલણ રહ્યું હોવાથી સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી નિરસ રહી હતી, પરંતુ વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૩૩ વધીને રૂ. ૧,૦૯,૦૩૭ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૪૩૮ વધીને રૂ. ૧,૦૯,૪૭૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની લે-વેચનો અભાવ રહ્યો હતો, પરંતુ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૫૭ના સુધારા સાથે રૂ. ૧,૨૪,૭૭૦ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે રેટકટના આશાવાદ વચ્ચે રોકાણકારોની સોનામાં લેવાલી જળવાઈ રહેતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૩૬૫૩.૨૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૩૬૯૨.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનું એક તબક્કે ઔંસદીઠ ૩૬૫૯.૧૦ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચ્યું હતું. વધુમાં આજે સત્રના આરંભે હાજરમાં ચાંદીના ભાવ વધ્યા મથાળેથી ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧.૨૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આગામી ૧૬-૧૭ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં જો ફેડરલ રિઝર્વ એક કરતાં વધુ વ્યાજદરના સંકેત આપે તો સોનામાં વધુ ઝડપી તેજી જોવા મળે તેવી શક્યતા કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવતાં ઉમેર્યું હતું કે ગત ઑગસ્ટ મહિનામાં અમેરિકામાં બેરોજગારીનો દર ચાર વર્ષની ઊંચી ૪.૩ ટકાની સપાટીએ પહોંચ્યો હોવાથી આગામી સપ્તાહની બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી પ્રબળ શક્યતા તેમ જ આજે ડૉલર ઈન્ડેક્સ ઘટીને સાત સપ્તાહની નીચી સપાટીએ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ ઘટીને પાંચ મહિનાની નીચી સપાટી આસપાસ રહી હોવાથી સોનામાં તેજીને ટેકો મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આગામી નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજ દરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૮૯.૪ ટકા શક્યતા અને ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૧૦.૬ ટકા શક્યતા વેપારી વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા છે. સામાન્યપણે નીચા વ્યાજદરના સંજોગોમાં સોના જેવી અસ્ક્યામતોમાં રોકાણકારોની લેવાલી રહેતી હોય છે.

વધુમાં આવતીકાલે યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખે તેવી ધારણા મૂકાઈ રહી છે. જોકે, હવે રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સનાં ડેટા અને ગુરુવારે જાહેર થનારા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ છે. જો ફુગાવાના ડેટા અપેક્ષા કરતાં નીચા આવશે અને ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અખત્યાર કરે તો સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૭૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય, એમ ટીમ વૉટરરે ઉમેર્યું હતું.

# ડૉલર સામે રૂપિયો છ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની જળવાઈ રહેલી વેચવાલી અને વૈશ્વિક વેપારોમાં તણાવની સ્થિતિ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયામાં જોવા મળેલો ૧૪ પૈસાનો સુધારો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે રૂપિયો છ પૈસાના ઘટાડા સાથે ૮૮.૧૫ના મથાળે બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૮.૦૯ના બંધ સામે સુધારા સાથે ૮૭.૯૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૧૯ અને ઉપરમાં ૮૭.૯૫ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે છ પૈસાના ઘટાડા સાથે ૮૮.૧૫ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૮૮.૩૮ સુધી નબળો પડ્યા બાદ અંતે સાધારણ ત્રણ પૈસાના સુધારા સાથે બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે ઈદ એ મિલાદની જાહેર રજાને કારણે બજાર બંધ રહી હતી.

અમેરિકાએ ભારતથી થતી આયાત સામે લાદેલી ઊંચી ટૅરિફના વિવાદ અને વેપારી તણાવને કારણે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા છે. જોકે, આ ટૅરિફના મુદ્દે સમાધાનના સંકેતો મળી રહ્યા છે, પરંતુ કોઈ સત્તાવાર જાહેરાત નથી થઈ આથી બજારનું વલણ ખરડાયેલું હોવાનું મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૮૭.૮૦થી ૮૮.૪૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૭ ટકા ઘટીને ૯૭.૨૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૫૯ ટકા વધીને બેરલદીઠ ૬૬.૪૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૧૪.૦૨ પૉઈન્ટનો અને ૯૫.૪૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો.

# હાજર ખાંડમાં મથકો પાછળ નરમાઈ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦થી ૨૫ના ઘટાડા સાથે રૂ. ૩૮૫૦થી ૩૯૦૫માં થયાના અહેવાલ તેમ જ આજે સ્થાનિક સ્તરે સ્ટોકિસ્ટોની લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડમાં માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ અંદાજે ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ નિરસ રહેતાં ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૭૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૭૨થી ૪૧૬૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૦થી ૩૯૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૯૦થી ૪૦૪૦માં થયાના અહેવાલ હતા.

# સ્ટોકિસ્ટોની વેચવાલીએ ટીન, નિકલ અને ઝિન્કમાં પીછેહઠ, કોપરમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સની નરમાઈનું વલણ રહેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને કોપર વાયરબારમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં કોપરની અન્ય તમામ વેરાઈટીઓમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ત્રણનો સુધારો આવ્યો હતો. જોકે, આજે નિકલ, ટીન અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧, રૂ. આઠ અને રૂ. ત્રણનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે કોપરની અમુક વેરાઈટીઓમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૬૪, રૂ. ૮૩૭ અને રૂ. ૭૭૬ તથા કોપર ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૭૭૬ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૯૪૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# સ્ટીલની માગ વૃદ્ધિ દ્વીઅંકી સંખ્યામાં જળવાયેલી રહેશે

નવી દિલ્હીઃ આગામી વર્ષોમાં સરકારી માળખાકીય ખર્ચના ટેકે દેશમાં સ્ટીલની માગમાં વૃદ્ધિ દ્વીઅંકી સંખ્યામાં જળવાયેલી રહેશે, એમ સ્ટીલ ખાતાના કેન્દ્રીય પ્રધાન ભૂપથીરાજ શ્રીનિવાસ વર્માએ આજે જણાવ્યું હતું.

સરકારના વડપણ હેઠળનાં પગલાંઓ માળખાકીય પ્રોજેક્ટોને વેગ આપ્યો હોવાથી સ્ટીલની વપરાશી માગમાં વૃદ્ધિ જળવાયેલી રહેશે, એમ તેમણે અત્રે યોજાયેલ આઈએસએ સ્ટીલ કોન્કલેવને સંબોધતા જણાવ્યું હતું.

છેલ્લાં ત્રણ વર્ષથી સ્ટીલની માગમાં વૃદ્ધિ દ્વીઅંકી સંખ્યામાં થઈ રહી છે. તેમ જ આગામી વર્ષોમાં પણ આ વૃદ્ધિદર જળવાઈ રહેતાં વર્ષ ૨૦૩૦ સુધીમાં સ્ટીલની ઉત્પાદન ક્ષમતા ૩૦ કરોડ ટનના સ્તરે પહોંચશે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે દેશનાં જીડીપીમાં સ્ટીલ ઉદ્યોગનો નોંધપાત્ર ફાળો છે. તેમ જ આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન સાકાર કરવામાં પણ તેની ભૂમિકા મહત્ત્વની છે.

# આખરે ભુજનું હમીરસર તળાવ છલકાયુંઃ કચ્છીઓમાં આનંદની લાગણી ફેલાઈ



(તસ્વીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં ચોમાસું જયારે શરૂ થાય તે સાથે જ ભુજનું હમીરસર તળાવ પૂરેપૂરું છલકાશે કે નહીં તેની અટકળો કચ્છીઓ માંડતા હોય છે અને જો તળાવ 'ઓગને નહીં' તો સમગ્ર જિલ્લાના મેળા-તહેવારો ફિક્કા બની જાય છે. પણ આ વર્ષે ચોમાસાએ ભુજના ઐતિહાસિક હમીરસર તળાવને છલકાવી દેતાં સમગ્ર કચ્છ, બૃહદ કચ્છ અને વિદેશોમાં સ્થાયી થયેલા કચ્છીઓમાં આનંદની લાગણી ફેલાઈ છે. બે દિવસમાં અંદાજે ત્રણથી ચાર ઇંચ જેટલો વરસાદ વરસી જતાં હમીરસર તળાવમાં વરસાદી પાણી ખેંચી આવતા મોટા બંધમાં નવા નીરની આવક શરૂ થયા બાદ આખરે સોમવારે સાંજના સવા છ વાગ્યાના સુમારે ભુજનું હમીરસર તળાવ આખરે ઓગની જવા પામ્યું હતું.

તળાવ છલકાઈ રહ્યું છે તેવા સમાચારો વાયુવેગે ફેલાતાં મોટી સંખ્યામાં લોકો વરસતા વરસાદમાં મોટા બંધ તેમજ જર્જરિત થઇ ગયેલા ઐતિહાસિક કૃષ્ણાજી પુલ પાસે એકઠા થતાં આ વિસ્તારમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. આજે પ્રણાલી મુજબ હમીરસર તળાવને વાજતે-ગાજતે પરંપરાગત રીતે ભુજના નગરપતિ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી વધાવાશે. હમીરસર તળાવના પૂજનનો લહાવો લેનાર નગરપતિ દ્વારા ભુજવાસીઓને મેઘલાડુનો પ્રસાદ વહેંચી મોઢાં મીઠાં કરાવાય છે અને શહેરની શાળા તેમજ રાજ્ય સરકારની કચેરીઓમાં સત્તાવાર રજા જાહેર કરવાની પરંપરા પણ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેક ઈ.સ ૧૯૫૩થી ભુજ નગરપાલિકાના પ્રમુખના હસ્તે હમીરસરના નવા નીરના વધામણાં કરવાની પ્રણાલિકાનો પ્રારંભ થયો હતો. સૌપ્રથમ ૧૯૫૩માં કુંદનલાલ ધોળકિયાના હસ્તે વધામણાં કરાયાં હતા. ■

# વહેલો શિયાળો બેસી જવાના એંધાણ?

## દિવસ અને રાતના તાપમાનમાં ૧-૨ ડિગ્રીના તફાવત સાથે કચ્છ પર મિશ્ર વાતાવરણનું ઉતરાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આસો નવરાત્રી પર્વને આડે હવે જયારે ગણતરીના દિવસો બાકી રહ્યા છે એ વચ્ચે વરસેલા અતિભારે વરસાદે વિરામ લેતાની સાથે સરહદી જિલ્લા કચ્છમાં હાલ મિશ્ર વાતાવરણ અનુભવાઈ રહ્યું છે.

વરસાદી માહોલ વચ્ચે વહેલી સવારે ૨૦થી ૨૨ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે ઠંડીના ચમકારા બાદ દિવસ ચઢતાની સાથે જ મહત્તમ તાપમાનનો આંક પણ ૯૦ ટકાથી વધારે ભેજના આવરણ સાથે ૨૩થી ૨૫ ડિગ્રી સેલ્સિયસ જેટલો રહેતાં ગરમીને બદલે ઠંડી જ અનુભવાય છે.

ભુજમાં લઘુતમ ૨૩ અને મહત્તમ તાપમાન ૨૪.૧ ડિગ્રી નોંધાયું હતું જયારે અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે પણ દિવસ-રાતના તાપમાનમાં માત્ર બે ડિગ્રી જેટલો તફાવત રહેવાની સાથે અહીં પણ મિશ્ર ઋતુનો તાલ સર્જાયો હતો.કંડલા બંદરમાં ૨૬ ડિગ્રી મહત્તમ તાપમાન રહેતાં આસપાસના ગાંધીધામ,અંજાર આદિપુરમાં ભેજયુક્ત ઠંડકની આણ યથાવત્ રહી હતી.

સૂર્યાસ્ત બાદ કચ્છના મોટા ભાગનાં મથકોમાં લઘુતમ તાપમાનનો આંક ૨૧થી ૨૩ ડિગ્રીની આસપાસ રહેતાં રાત્રે પ્રારંભિક શિયાળા જેવી ઠંડી અનુભવાઈ રહી છે. હવામાન નિષ્ણાતોના મતે દિવસ-રાતનું સરખું તાપમાન ધીરે ધીરે સામાન્ય થતું જાશે અને વાતાવરણ સ્વચ્છ બન્યા બાદ ભાદરવાના અંગ દઝાડતા તાપની શરૂઆત આગામી સપ્તાહથી થઇ જશે.■

# ભાવનગરના ખરકડી ગામે નદીમાં નાહવા ગયેલા યુવાનનું ડૂબી જતા કરૂણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા અને રિક્ષા ચલાવવાનો વ્યવસાય કરતો યુવક કુટુંબીઓ સાથે ખરકડી ગામે બાલમશાહ દરગાહે ગયેલો બાદમાં નદીમાં ન્હાવા જતા અચાનક ડુબી જતા મોત નીપજયું હતુ. રીક્ષા ચાલક સમીરભાઈનું હજુ છ મહિના પહેલાં જ સગપણ થયું હતું. ભાવનગર શહેરના કુંભારવાડા મોતી તળાવ કાજી મસ્જિદ વાળા ખાચામાં રહેતા અને રિક્ષા ચલાવવાનો વ્યવસાય કરતા સમીરભાઈ હુસેનભાઇ જુણેજા (ઉ. વ. ૨૦) તેના કુટુંબીઓ સાથે રિક્ષાનું ભાડું લઈ ખરકડી ગામે આવેલ બાલમશાહ પીરની દરગાહે સલામ ભરવા ગયા હતા. કુટુંબીઓ દરગાહમાં ગયા હતા તે દરમિયાન સમીરભાઈ ખરકડી ગામે આવેલ નદીમાં કોઈને કહ્યા વગર નાહવા ગયા હતા અને તે દરમિયાન તેઓ અચાનક નદીમાં ડૂબી ગયા હતા બાદ તેને બહાર કાઢી હોસ્પિટલ ખસેડયા હતા જ્યાં તેને મૃત જાહેર કરાયા હતા. હજુ માત્ર છએક મહિના પહેલા જ તેનું સગપણ થયું હતું. આ ઘટના બનતા તેમના પરિવારજનોમાં ભારે શોકની લાગણી છવાઈ ગઈ હતી. ■

# શિક્ષણના ખાનગીકરણ, ભ્રષ્ટાચાર મામલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કૉંગ્રેસનું હલ્લાબોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ દ્વારા ગુજરાત શિક્ષણ બચાવો આંદોલનનો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રારંભ થયો હતો. જેમાં પ્રદેશ કૉંગ્રેસના કાર્યકારી પ્રમુખ ડો. ઈન્દ્રવિજયસિંહ ગોહિલની આગેવાનીમાં ૫૦૦ જેટલા આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા યુનિવર્સિટી કેમ્પસમાં એક કલાક સુધી ધરણા કરવામાં આવ્યા હતા.

આ દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કુલપતિ ડો. ઉત્પલ જોશી પોતે આવેદન સ્વીકારવા માટે આવ્યા હતા જોકે આ દરમિયાન પાછળથી એનએસયુઆઈના કાર્યકર્તાઓએ મુખ્ય બિલ્ડિંગના ગેટમાં અંદર પ્રવેશવાનો બળજબરીથી પ્રયાસ કરવામાં આવતા પોલીસ સાથે ઘર્ષણ થયું હતું અને તેને કારણે મુખ્ય દરવાજાનો કાચ તૂટી ગયો હતો અને ત્યારબાદ કૉંગ્રેસ કાર્યકરો અને પોલીસ કર્મીઓ વચ્ચે ભારે ઘર્ષણ સર્જાયું હતુ. જેથી પોલીસે કૉંગ્રેસ અને એનએસયુઆઈના ૫૦ જેટલા કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

ગુજરાતના કાર્યકારી પ્રદેશ પ્રમુખ ઇન્દ્રવિજયસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓમાં ચાલતા ભ્રષ્ટાચારને ઉજાગર કરવાનું કામ કૉંગ્રેસ દ્વારા હાથમાં લેવામાં આવ્યું છે. રાજ્યમાં આવેલી ખાનગી યુનિવર્સિટીઓ કે જે ભૂતિયા યુનિવર્સિટીઓ છે. જ્યાં એડમિશન લો અને ડિગ્રી લઈ જાઓ તે પ્રકારની પ્રક્રિયા ચાલે છે અને તેનાથી સરકારી યુનિવર્સિટીઓને ખતમ કરવાનું કામ ચાલી રહ્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૧૦ કરોડનો હોલ ૧૦ વર્ષે પણ તૈયાર થતો નથી. દાતાઓ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને જમીન મળેલી છે પરંતુ તેની આજુબાજુ અસામાજિક તત્ત્વોનું દબાણ જોવા મળે છે. કેમ્પસની આજુબાજુ ડ્રગ્સ જેવાં દૂષણોનો કાળો કારોબાર ચાલે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રવેશ, પરીક્ષા, પરિણામ અને ડિગ્રીમાં ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. આ ઉપરાંત કાયમી ભરતીના બદલે કોન્ટ્રાક આધારિત ભરતી કરવામાં આવે છે જેને વિષયનું કોઈ જ યાદ હોતું નથી જેને કારણે પરીક્ષાના પરિણામ મોડાં જાહેર થાય છે અને અનેક છબરડાઓ સામે આવે છે.

આ ઉપરાંત ગુજરાત કે કોમન એડમિશન સર્વિસ પોર્ટલ માત્ર સરકારી યુનિવર્સિટીઓ માટે જ ફરજિયાત બનાવવામાં આવ્યું છે જ્યારે ખાનગી યુનિવર્સિટીઓને તેમાંથી બાકાત રાખવામાં આવી છે જે બતાવે છે કે સરકાર પ્રાઇવેટ યુનિવર્સિટીઓને જ સપોર્ટ કરે છે. આ ઉપરાંત અહીં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચ.ડીની સીટ ૪૦૦માંથી ઘટીને ૧૦૦ થઈ ગઈ છે જેનું કારણ એ છે કે અહીં જે જગ્યાએ કોલેજમાં પીજી સેન્ટર ચાલતું ન હોય તેવી કોલેજના અધ્યાપકોને ગાઈડશિપ ન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેને કારણે અને વિદ્યાર્થીઓ સરકારી યુનિવર્સિટીમાં પીએચ.ડી. કરવાથી વંચિત રહી ગયા છે અને ખાનગી યુનિવર્સિટીઓમાં ઊંચા ખર્ચે પીએચ.ડી.કરવું પડે છે. ■

# જૂનાગઢની ભવનાથ તળેટીમાં કૉંગ્રેસ શહેર-જિલ્લા પ્રમુખોને તાલીમ આપશેઃ આજે ખડગે શિબિરનો પ્રારંભ કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૉંગ્રેસ પોતાના સંગઠન સૃજન અભિયાનની ગુજરાતમાંથી શરૂઆત કર્યા બાદ ગુજરાતમાં કૉંગ્રેસનું નવસર્જન કરવામાં આવી રહ્યું છે. અનેક જિલ્લા અને શહેરોમાં પ્રમુખો બદલવામાં આવ્યા હવે કૉંગ્રેસ દ્વારા આ નવનિયુક્ત પ્રમુખનો પ્રશિક્ષણ આપવા માટે શિબિરનું આયોજન કરી રહી છે.

કૉંગ્રેસ દ્વારા જૂનાગઢની ભવનાથ તળેટીમાં આવેલા પ્રેરણાધામ આશ્રમમાં તારીખ ૧૦ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર સુધી પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરાયું છે.

બુધવારે કૉંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના હસ્તે આ શિબિરનો પ્રારંભ કરાશે. આગામી દિવસોમાં રાહુલ ગાંધી પણ એક દિવસ શિબિરમાં હાજરી આપવા પધારે તેવી શક્યતા છે.

જૂનાગઢની ભવનાથ તળેટીમાં આવેલા પ્રેરણાધામ આશ્રમમાં કૉંગ્રેસના નવનિયુક્ત શહેર અને જિલ્લા પ્રમુખોની પ્રશિક્ષણ શિબિરનું ૧૦ થી ૧૯ સપ્ટેમ્બર સુધી આયોજન કરાયું છે. ૧૦મી સપ્ટેમ્બરે રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના હસ્તે શિબિરનો પ્રારંભ કરાશે.

ખડગે, સંગઠન મહામંત્રી કે.સી.વેણુગોપાલ, ગુજરાત કૉંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિક સહિતના મહાનુભવો સવારે ૧૦ વાગ્યે કેશોદ એરપોર્ટ પર પધારશે. ત્યારબાદ સાડા અગિયાર વાગ્યે શિબિરનો પ્રારંભ કરાશે.

બુધવારથી જૂનાગઢમાં શરૂ થયેલી શિબિરમાં કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ, સંગઠન મહામંત્રી, ગુજરાત કૉંગ્રેસ પ્રભારી સહિતના નેતાઓ હાજરી આપશે. ૧૦ દિવસીય આ શિબિરમાં આગામી દિવસોમાં રાહુલ ગાંધી પણ હાજરી આપે તેવી શક્યતા છે. ■

# જામનગર પોલીસની ટ્રાફિક ડ્રાઈવ શરૂઃ ૧૧૭ કેસ નોંધાયા, બે વાહન ડિટેઈન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર જિલ્લા પોલીસે ટ્રાફિક નિયમન જાળવવા માટે મેગા ડ્રાઈવનું આયોજન કર્યું હતું. રાજકોટ રેન્જના આઈજીપી અશોકકુમાર યાદવ અને જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ આ ડ્રાઈવ યોજવામાં આવી હતી.

ડ્રાઈવ દરમિયાન જીપી એક્ટ ૧૩૫(૧) હેઠળ એક કેસ, એમવી એક્ટ ૧૮૫ હેઠળ ૮ કેસ, વાહનમાં બ્લેક ફિલ્મના ૩૪ કેસ નોંધાયા હતા. એમવી એક્ટ કલમ ૨૦૭ મુજબ બે વાહન ડિટેઈન કરવામાં આવ્યા હતા. નંબર પ્લેટ વગરના વાહનોના ૬૪ કેસ અને ફેન્સી નંબર પ્લેટ ધરાવતા વાહનોના ૧૬ કેસ નોંધવામાં આવ્યા હતા.

આ કામગીરી લાલપુરના મદદનીશ પોલીસ અધિક્ષક અને નાયબ પોલીસ અધિક્ષકના સુપરવિઝન હેઠળ કરવામાં આવી હતી. શહેર અને ગ્રામ્ય વિભાગના પોલીસ ઇન્સ્પેક્ટર, એલસીબી, જામનગર શહેરના ત્રણે પોલીસ ડિવિઝનના ઇન્સ્પેક્ટર, જામ પંચ એ અને બી ડિવિઝન પોલીસ સ્ટેશન, બેડી મરીન પોલીસ સ્ટેશન તથા એલસીબી સ્ટાફે આ કામગીરીમાં ભાગ લીધો હતો. ■

# અમદાવાદના બંટી-બબલીની જૂનાગઢના તબીબ દંપતી સાથે ૪૯ લાખની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના તબીબ દંપતી સાથે રૂ. ૪૯.૩૪ લાખની ઠગાઈ આચરનારા અમદાવાદના એક ઠગ દંપતીની પોલીસે ધરપકડ કરી હતી. આ ઠગ દંપતીએ પોતાને ધારાસભ્યના પીએ તરીકે ઓળખાવી જૂનાગઢના તબીબ દંપતી પાસેથી સરકારી નોકરી અને કોન્ટ્રાક્ટરના નામે છેતરપિંડી કરી ૪૯.૩૪ લાખ પડાવ્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

આ બનાવની મળતી વિગતો મુજબ, જૂનાગઢના જોષીપરા વિસ્તારમાં જય સરદાર ટ્રસ્ટ દાંતની હોસ્પિટલ ચલાવતા ડો. રાજેશભાઈ ભાખર અને તેમની પત્ની શિલ્પાબેનનો પરિચય અમદાવાદના નિકોલમાં રહેતા રવિ ઉર્ફે રોહિત હરિભાઈ ચોવટીયા અને તેમની પત્ની પ્રજ્ઞાબેન સાથે થયો હતો. રવિએ ડો. ભાખર અને તેમની પત્નીનો વિશ્વાસ જીતવા માટે પોતે એક ધારાસભ્યનો પીએ (પર્સનલ આસિસ્ટન્ટ) હોવાનું જણાવ્યું હતું. આ ઓળખનો લાભ ઉઠાવી રવિએ ડો. રાજેશભાઈને દિલ્હી હાઈવે કોરિડોર પર ઝાડ ઉછેરવા માટેનો સરકારી કોન્ટ્રાક્ટ અપાવવાની લાલચ આપી હતી. આ સાથે જ, તેની પત્ની શિલ્પાબેનને ગાંધીનગર સચિવાલયમાં ક્લાર્કની નોકરી અપાવવાનું વચન પણ આપ્યું હતું. આ મોહક લાલચમાં તબીબ દંપતી ફસાઈ ગયું હતું.

છેતરપિંડીનો આ સિલસિલો ૨ ઓક્ટોબર, ૨૦૨૩થી ૩૦ જૂન, ૨૦૨૪ સુધી, એટલે કે લગભગ નવ મહિના સુધી ચાલ્યો હતો. આ સમયગાળા દરમિયાન આરોપી દંપતીએ તબીબ દંપતી પાસેથી ઓનલાઈન ટ્રાન્સફર, રોકડ અને આંગડિયા મારફતે તબક્કાવાર કુલ રૂ. ૫૦.૦૮ લાખ મેળવી લીધા હતા. ઠગ દંપતીએ તબીબ દંપતીનો સંપૂર્ણ વિશ્વાસ જીતવા માટે એક વધુ તરકીબ અપનાવી હતી. તેમણે શિલ્પાબેનને નોકરી લાગી ગઈ છે તેમ કહી ત્રણ મહિના સુધી પગાર પેટે રૂ. ૭૩,૫૦૦ પણ આપ્યા હતા. આનાથી તબીબ દંપતીને પાકું થઈ ગયું કે તેમનું કામ થઈ જશે.

લાંબો સમય વીતી ગયા બાદ પણ નોકરી કે કોન્ટ્રાક્ટ ન મળતાં તબીબ દંપતીને શંકા ગઈ હતી. આખરે તેમને સમજાયું કે તેઓ મોટી ઠગાઈનો ભોગ બન્યા છે. આથી, શિલ્પાબેન રાજેશભાઈ ભાખરે જૂનાગઢના બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આરોપી દંપતી વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ગુનો નોંધીને પી.આઈ. ગોહિલના માર્ગદર્શન હેઠળ વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું છે કે, આરોપી દંપતીએ નોકરી અને કોન્ટ્રાક્ટના નામે ભોળા લોકોને ફસાવવાનો એક સુયોજિત પ્લાન તૈયાર કર્યો હતો. પોલીસે હવે આરોપીઓની પૂછપરછ હાથ ધરી આ પતિ પત્નીએ અગાઉ પણ આવી કોઈ છેતરપિંડી કરી છે કે નહીં તે અંગે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. ■



ભાવનગરના કોળિયાક બીચ પર સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો... (તસ્વીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# રાજકોટમાં હેલ્મેટના કાયદાનો કડક અમલ નહીં થાયઃ ધારાસભ્યોની રજૂઆત રંગ લાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં હેલ્મેટ મુદ્દે પ્રથમ દિવસે જ વાહનચાલકોમાં ફાટી નીકળેલા રોષ અને પ્રજાના પ્રતિનિધિઓની રજૂઆત બાદ સરકાર નરમ પડી હતી. રાજકોટના ધારાસભ્યો ઉદય કાનગઢ, રમેશ ટીલાળા અને ડૉ.દર્શિતા શાહે રાજ્યના ગૃહ પ્રધાન સમક્ષ સફળ રજૂઆત કરી હતી. તેમણે લોકોને દંડવાને બદલે ગુલાબનું ફૂલ આપી સમજાવવા માટે વિનંતી કરી હતી.

જે બાબતે સંઘવીએ પણ સરકાર પોઝિટિવ હોવાનું જણાવ્યું હતું, જેથી હવે રાજકોટમાં હેલ્મેટ ન પહેરતા લોકોને દંડવામાં નહીં આવે અને સામાજિક જાગૃતિ આપી સમજાવવામાં આવશે તેવું ધારાસભ્ય ટીલાળાએ જણાવ્યું હતું. બીજી તરફ પોલીસ કમિશનરે અચાનક પ્રેસ કોન્ફરન્સ કરી હેલ્મેટ પહેરતા લોકોને આભાર વ્યક્ત કર્યો હતો. જોકે આ દરમિયાન હેલ્મેટ ન પહેરતા ભાજપના લોકોને શા માટે દંડવામાં ન આવ્યા તેવું પૂછવામાં આવતા તેમને દરેક જગ્યાએ પોલીસ અવેલેબલ ન હોય તેવું કહી જવાબ આપવાનું ટાળ્યું હતું.

રાજકોટમાં ફરજિયાત હેલ્મેટનો બીજો દિવસ, હેલ્મેટ પહેરેલા વાહનચાલકોને પોલીસ દ્વારા ગુલાબ આપી સન્માન કરાયું હતું. ગૃહવિભાગના નિર્દેશથી સોમવારથી રાજકોટમાં હેલ્મેટના કાયદાની કડક અમલવારી શરૂ કરવામાં આવ્યા બાદ ઠેરઠેર પોલીસ-વાહન ચાલકો વચ્ચે બબાલ અને આ સામે ફાટી નીકળેલા પ્રચંડ રોષને ધ્યાને રાખી રાજ્ય સરકારે આખરે કૂણું વલણ અપનાવવાનો નિર્ણય લીધો હતો. શહેરમાં હેલ્મેટના કાયદાની કડક અમલવારી બે મહિના સુધી મોકૂફ રાખવા ગૃહખાતુ તૈયાર થયું હતું. રાજકોટના ધારાસભ્યો રાજ્ય ગૃહ પ્રધાનને મળ્યા હતાં અને મુશ્કેલી વર્ણવી હતી. જેના અનુસંધાને વાહનચાલકોને રાહત આપતો નિર્ણય લેવામાં આવ્યો હતો. પોલીસ દંડ કે કોઈ કાર્યવાહી નહીં કરે પણ હેલ્મેટના ફાયદા અંગે લોકજાગૃતિ કેળવશે. ■

# ભાવનગર આર.ટી.ઓ. કચેરી દ્વારા સીલ્વર-ગોલ્ડ નંબરોની સીરીઝની ઓનલાઇન ઈ-ઓક્શન માટેની અરજીઓ મંગાવવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર આર.ટી.ઓ. કચેરી દ્વારા લિલ્વર-ગોલ્ડ નંબરોની સીરીઝની ઓનલાઇન ઈ-ઓક્શન માટેની અરજીઓ મંગાવવામાં આવી હતી. ટ્રાન્સપોર્ટ વાહનો (થ્રી-વ્હીલર સિવાયના વાહનો) માટેની ટ્રાન્સપોર્ટ સિરીઝ જીજે-૦૪-એક્સ ૦૦૦૧ થી ૯૯૯૯, હળવા મોટર વાહન માટેની નોન ટ્રાન્સપોર્ટ સિરીઝ જીજે-૦૪-ઈપી ૦૦૦૧ થી ૯૯૯૯ , દ્રીચક્રી મોટર વાહન માટેની નોન ટ્રાન્સપોર્ટ સીરીઝ જીજે-૦૪-ઈએસ ૦૦૦૧ થી ૯૯૯૯ના બાકી બચેલા સીલ્વર-ગોલ્ડ સિરીઝના નંબરોનું ઈ-ઓક્શન હાથ ધરવામાં આવશે, જેમાં તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૧૯/૦૯/૨૦૨૫ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે.

ઓનલાઈન ઓકશનમાં ભાગ લેનારા અરજદારે પરિવહન વેબસાઇટ પર નોંધણી, યુઝર આઇ-ડી, પાસવર્ડ તૈયાર કરીને હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા જણાવાયું હતું. વાહન ખરીદીના સાત દિવસમાં ઓનલાઈન સીએનએ ફોર્મ ભરવાનું રહેશે. હરાજીમાં સફળ અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાનાં પાંચ દિવસમાં નાણાં જમા કરવાના રહેશે. અરજદાર જો આ નિયત સમયમાં નાણાં ચૂકવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલ રકમને જપ્ત કરવામાં આવશે અને તે નંબરની ફરીવાર હરાજી કરવામાં આવશે. ઓનલાઈન ઓકશાન પ્રકિયા દરમ્યાન ચૂકવણા વખતે આર. બી. આઈ. દ્વારા નક્કી કરેલ દર ચુકવવાનાં રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીનાં નાણાં પાંચ દિવસમાં ભરપાઈ કરવા માટે એસએમએસ અને ઇ-મેલથી જણાવવામાં આવશે. નિષ્ફળ અરજદારને હાલની મેન્યુલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરત આપવામાં આવશે એટલે કે જે માધ્યમથી ચુકવણું કરવામાં આવ્યું હશે તે માધ્યમથી ચુકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારનાં જે તે ખાતામાં પરત કરવામાં આવશે. ■

# સાવરકુંડલાના ઘોબા ગામે ૧૨ ફૂટના અજગરે શિયાળનો શિકાર કર્યો

અમદાવાદઃ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ઘોબા ગામના વાડી વિસ્તારમાં ૧૨ ફૂટ લાંબો અજગરે શિયાળનો શિકાર કર્યો હતો. આ અંગેનો વીડિયો સ્થાનિક સોશ્યલ મીડિયા ગ્રૂપમાં વાયરલ થયો હતો. આ વર્ષે ચોમાસાની ઋતુમાં અમરેલી જિલ્લાના રેવન્યુ વિસ્તારમાં અજગરની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. એક ખેડૂતના ખેતરમાં મળી આવેલા અજગરે શેડ્યૂલ વનની કેટેગરીમાં આવતા શિયાળને શિકાર બનાવ્યું હતું. ઘટનાની જાણ થતાં સાવરકુંડલા રેન્જ વનવિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. વન વિભાગે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી અજગરને કબજામાં લીધો હતો.

અજગર જોવા મળતાં ખેડૂતોમાં ભયનો માહોલ છવાયો હતો. તેમણે વન વિભાગને અજગરને જંગલ વિસ્તારમાં છોડી મૂકવામાં આવે તેવી માગ કરી હતી. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ બગસરા તાલુકામાં પણ એક અજગરે ઘેટાનો શિકાર કર્યો હતો. હવે શિયાળનો શિકાર થતાં વિસ્તારમાં ભયનો માહોલ વધુ ગંભીર બન્યો હતો.■